# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 259 ■ વિક્રમ સંવત ૨૦૮૨

કાર્તિક સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 November 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૩ નવેમ્બર ૨૦૨૫, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ધર્મતેજ પૂર્તિ ૭ ૮ ૯ ૧૦

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતીય મહિલાઓ વર્લ્ડ ચૅમ્પિયન

## થર્ડ ટાઇમ લકીઃ બે ફાઇનલ હાર્યા પછી પહેલી વાર બની વિશ્વવિજેતાઃ ભારત ૭/૨૯૮, સાઉથ આફ્રિકા ૧૦/૨૪૬


SCAN FOR TODAY'S GOLD RATE

ANTARA GOLD RATE

જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


નવી મુંબઈઃ ભારતની મહિલા ક્રિકેટરોએ ગઈ કાલે નવો ઇતિહાસ સર્જ્યો. તેમણે અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાને વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં બાવન હરાવીને ટાઇટલ જીતી લીધું હતું. ભારતીય મહિલા ક્રિકેટરો પહેલી જ વાર વર્લ્ડ કપ જીતી છે. અગાઉ બે વખત ૨૦૦૫માં અને ૨૦૧૭માં ફાઇનલમાં હારી ગયા બાદ ભારતે ત્રીજી વાર ફાઇનલમાં પ્રવેશ કર્યો અને સર્વોચ્ચ ટ્રોફી જીતી લીધી. ભારતના પુરુષોની વન-ડે ટીમે ૧૯૮૩માં કપિલ દેવના નેતૃત્વમાં પહેલી વર્લ્ડ કપ ટ્રોફી મેળવી હતી અને હવે હરમનપ્રીત કૌરે ભારતની મહિલા ક્રિકેટને આ અપ્રતિમ સિદ્ધિ અપાવી છે. ઘરઆંગણે આવેલી ટ્રોફીને ભારતીય ટીમે પોતાના કબજામાં કરી લીધી. હરમનપ્રીત, વાઇસ કૅપ્ટન સ્મૃતિ મંધાના સહિત તમામ ભારતીય ખેલાડીઓ ભાવુક થઈને રડી હતી, એકમેકને ભેટી હતી. બીજી તરફ, સાઉથ આફ્રિકાની પ્લેયર્સ પરાજયના આઘાતમાં હતાશ હતી.

વરસાદના વિઘ્નોને કારણે લગભગ બે કલાક મોડી શરૂ થયેલી ફાઇનલમાં સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ભારતે ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૯૮ રન કર્યા હતા જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૪૫.૩ ઓવરમાં ૨૪૬ રને ઑલઆઉટ થઈ હતી. સ્પિન-ઑલરાઉન્ડર દીપ્તિ શર્મા (૯.૩-૦-૩૯-૫) ફાઇનલની સુપરસ્ટાર બોલર હતી. બીજી બે સ્પિનર શેફાલી વર્મા (પ્લેયર ઑફ ધ ફાઈનલ)એ બે વિકેટ અને શ્રી ચરનીએ એક વિકેટ લીધી હતી.



ભારતે બૅટિંગ મળ્યા બાદ ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૯૮ રન કરીને સાઉથ આફ્રિકાને ૨૯૯ રનનો તોતિંગ તથા મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો. સાઉથ આફ્રિકાની કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટ સહિત કેટલીક ગણતરીની બૅટર્સને ભારતીય બોલર્સ કાબૂમાં રાખતાં ભારતીય મહિલાઓ માટે પહેલી વર્લ્ડ કપ ટ્રોફી જીતવી મુશ્કેલ કામ નહોતું એવું મનાતું હતું અને થયું પણ એવું જ. વિમેન ઇન બ્લૂ ટ્રોફી જીતીને રહી. ભારતના ૨૯૮ રનમાં ખાસ કરીને શેફાલી વર્મા (૮૭ રન, ૭૮ બૉલ, બે સિક્સર, સાત ફોર), દીપ્તિ શર્મા (૫૮ રન, ૫૮ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર), સ્મૃતિ મંધાના (૪૫ રન, ૫૮ બૉલ, આઠ ફોર) તેમ જ વિકેટકીપર રિચા ઘોષ (૩૪ રન, ૨૪ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ના યોગદાન હતા. જેમિમા રૉડ્રિગ્સે ૨૪ રન અને કૅપ્ટન હરમનપ્રીતે ૨૦ રન કર્યા હતા. પેસ બોલર આયાબોન્ગા ખાકાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

ઇંગ્લૅન્ડ સામેની સેમિ ફાઇનલમાં સેન્ચુરી (૧૬૯ રન) કરનાર કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટે ગઈ કાલે લડાયક ઇનિંગ્સ (૧૦૧ રન, ૯૮ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)માં સદી ફટકારી ત્યારે સેલિબ્રેશન ટાળ્યું હતું, કારણકે તેની ટીમ હારી રહી હતી. છેવટે ૪૨મી ઓવરમાં વૉલ્વાર્ટે દીપ્તિ શર્માના બૉલમાં બિગ શૉટ માર્યો અને મિડ વિકેટ પરથી દોડી આવેલી અમનજોત કૌરે જગલિંગ ઍક્ટમાં (ત્રીજા અટૅમ્પ્ટમાં) તેનો અફલાતૂન કૅચ ઝીલી લીધો હતો. એ સાથે ફાઇટિંગ સ્પિરિટ સાથે રમેલી ઓપનર વૉલ્વાર્ટની યાદગાર ઇનિંગ્સનો અંત આવ્યો હતો.

વૉલ્વાર્ટ ઓપનિંગમાં આવ્યા બાદ આઉટ જ નહોતી થતી એટલે ભારતીય બોલર્સે તેના સામા (જુઓ પાનું ૨) ▶▶




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અનંતસિંહની ધરપકડ, નીતીશ બાવાનાં બેઉ બગડ્યાં

**બિહારમાં** વિધાનસભા ચૂંટણીના કારણે ગરમીનો માહોલ છે જ ત્યાં ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીના સમર્થક દુલારચંદ યાદવની હત્યા થતાં ગરમી વધી છે. દુલારચંદ યાદવની હત્યાના કેસમાં પોલીસે મોકામા વિધાનસભા બેઠકના જેડીયુના ઉમેદવાર અનંતસિંહને અડધી રાત્રે ઉઠાવીને જેલમાં નાંખી દીધા છે. રાજકારણી કમ ગેંગસ્ટર અનંતસિંહ દુલારચંદની હત્યા વખતે સ્થળ પર હાજર હતા એવો પોલીસનો આક્ષેપ છે. હત્યામાં તેમની સીધી સંડોવણી અંગે પોલીસ ફોડ પાડીને વાત કરતી નથી પણ ભવિષ્યમાં અનંત સિંહના ગ્રહો બદલાય તો દુલારચંદની હત્યા કરેલી એવો આરોપ પણ મૂકાઈ શકે છે.

બિહારમાં જેડીયુના નીતીશ કુમારની સરકાર છે અને નીતીશ જ અનંતસિંહને જેલમાંથી બહાર લાવીને ચૂંટણી લડાવી રહ્યા છે તેથી દુલારચંદ યાદવની હત્યાના કેસમાં અનંતને કશું કરવાની નીતીશની ઈચ્છા નહોતી પણ કેન્દ્રીય ચૂંટણી પંચે ફરમાન કરતાં બિહાર પોલીસે અનંત સિંહને જેલભેગો કરવો પડ્યો છે. આ પહેલાં ચૂંટણી પંચના ફરમાનને કારણે જિલ્લા પોલીસ વડા અને કલેક્ટરને પણ ઘરભેગા કરી દેવાયા છે કેમ કે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બંને નિષ્ફળ ગયા હતા.

દુલારચંદ યાદવો પર પ્રભુત્વ ધરાવતા નેતા હતા. તેમની હત્યાના કારણે યાદવો ભડકેલા જ છે તેથી નીતીશ મુશ્કેલીમાં હતા જ ત્યાં અનંતસિંહની ધરપકડ થતાં નીતિશની મુશ્કેલી વધી છે. નીતીશ ભૂમિહારોના મત મેળવવા માટે અનંતસિંહને જેલની બહાર લાવેલા પણ ચૂંટણીના બે દાડા પહેલાં જ અનંતસિંહ જેલભેગા થતાં ભૂમિહારો પણ નારાજ થઈ ગયા છે. આ કારણે નીતિશ માટે બાવાનાં બેઉ બગડ્યાં જેવો ઘાટ છે.

બિહારના રાજકારણમાં ભૂમિહારો શક્તિશાળી ગણાય છે. પોતાને બ્રાહ્મણ ગણાવતા ભૂમિહારો પાસે પહેલેથી મોટા પ્રમાણમાં જમીનો છે તેથી જાડો પૈસો છે. જમીનદાર હોવાના કારણે મસલ પાવર પણ છે. મસલ અને મની પાવરના જોરે ભૂમિહારો ઓછી વસતી છતાં બિહારના રાજકારણમાં બહુ પ્રભાવશાળી ગણાય છે. પરંપરાગત રીતે ભૂમિહારો ભાજપની મતબેંક છે ને ઓબીસી નીતીશને બહુ પસંદ કરતા નથી. નીતીશે આ નારાજગી દૂર કરવા અનંત સિંહ સહિતના નેતાઓને સાધ્યા પણ દુલારચંદ યાદવની ધરપકડે ખેલ બગાડી નાંખ્યો.

દુલારચંદ યાદવ પણ અનંતસિંહની જેમ ગેંગસ્ટર હતા અને ૧૯૯૦ના દાયકામાં 'ટાલ' વિસ્તારમાં દુલારચંદના નામની ધાક હતી. પટણા, નાંદા, શેખપુરાસ લખીસરાયસ મુંગેર અને ભાગલપુર જિલ્લાનો બનેલો વિસ્તાર 'ટાલ રીજિયન' કહેવાય છે. લાલુ પ્રસાદ યાદવે બિહારના રાજકારણ પર વર્ચસ્વ જમાવવા માટે શોધી શોધીને જે ગુંડાઓને પોતીની સાથે લીધા તેમાં દુલારચંદ યાદવ પણ એક હતા. ૧૯૯૦ના દાયકામાં લાલુ પ્રસાદ યાદવની અત્યંત નજીક મનાતા દુલારચંદ મોકામા વિધાનસભાની ચૂંટણી લડેલા પણ હારી ગયા હતા કેમ કે 'ટાલ રિજિયન'માં યાદવોની બહુ વસતી નથી અને મોકામામાં તો ભૂમિહારોનો પ્રભાવ છે.

દુલારચંદ યાદવે એક વાર હાર્યા પછી રાજકીય મહત્વાકાંક્ષાઓને સંકોરી લીધી પણ રાજકીય રીતે સક્રિય રહ્યા. ટોચના નેતાઓ સાથે તેમના ગાઢ સંબંધો હતા ને તેમાં એક અનંત સિંહ પણ હતા. અનંત સિંહનો ઉદય ૨૦૦૦ના દાયકામાં થયો પછી દુલારચંદ અનંતસિંહનો પડછાયો બનીને સતત તેમની સાથે જ રહેતા. છેક હમણાં સુધી અનંતસિંહ સાથે તેમના ગાઢ સંબંધો હતા પણ પ્રશાંત કિશોરે તેમને પકડ્યા પછી તેમણે પલટી મારી દીધી.

પ્રશાંત કિશોરે મોકામામાં બીજા ગેંગસ્ટર પીયૂષ પ્રિયદર્શીની ઉર્ફે લલ્લુ મુખિયાને મેદાનમાં ઉતાર્યા છે. લલ્લુ મુખિયા ધનુક સમાજના છે અને અન્ય પછાત વર્ગ (ઓબીસી)માં આવે છે. મોકામામાં ધનુકોની વસતી બહુ નથી પણ દુલારચંદ સહિતના નેતાઓને સાધીને પી.કે.એ ઓબીસીને એક કર્યા છે. સામે નીતીશે અનંત સિંહને અને આરજેડીએ બીજા એક ગેંગસ્ટર સૂરજભાણસિંહનાં પત્ની નીલા દેવીને ટિકિટ આપી છે.

દુલારચંદ પી.કે. સાથે ગયા પછી અનંતસિંહ સામે બાંયો ચડાવીને પૂરી તાકાતથી ઉતરી ગયેલા. લાંબા સમયથી સોશિયલ મીડિયા પર અનંતસિંહ સામે પોસ્ટ મૂક્યા કરતા હતા અને તેના કારણે બંને વચ્ચે તણાવ વધ્યો હતો. આ તણાવના કારણે જ દુલારચંદની હત્યા થઈ હોવાનું કહેવાય છે. દુલારચંદના પરિવારજનોનો આક્ષેપ છે કે અનંત સિંહના સમર્થકોએ પહેલાં દુલારચંદ યાદવના પગમાં ગોળી મારી હતી અને પછી કારથી કચડી નાખ્યા.

અનંતસિંહના સમર્થકોનું કહેવું છે કે, અનંતસિંહનો કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે દુલારચંદના માણસોએ તેમના સમર્થકો પર હુમલો કર્યો તેમાં અથડામણ થઈ ગઈ. આ દરમિયાન ભીડમાંથી કોઈએ ગોળી ચલાવી દીધી તેમાં દુલારચંદ ઉપર પહોંચી ગયા. અનંત સિંહે એવો આક્ષેપ પણ કર્યો છે કે, દુલારચંદ યાદવની હત્યા કરાવીને પોતાને નુકસાન પહોંચાડવાનો આખો ખેલ સૂરજભાનસિંહે ખેલ્યો છે.

જો કે પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં દુલારચંદની પાંસળીઓ તૂટેલી હોવાનું બહાર આવ્યું છે એ જોતાં ભીડમાંથી કોઈએ ગોળી મારી તેમાં દુલારચંદ ગુજરી ગયા એ વાત ગળે ઉતરે એવી નથી અને દુલારચંદના પરિવારનો આક્ષેપ સાચો લાગે છે. અનંત સિંહનો ઈતિહાસ પણ દુશ્મનોને પૂરા કરી નાંખવાનો છે તેથી પણ દુલારચંદની હત્યા અનંતસિંહે કરાવી હોવાની શક્યતા વધારે છે.

અનંતસિંહનું હવે શું થશે એ ખબર નથી પણ અનંતસિંહની ધરપકડના કારણે બિહારની ચૂંટણીમાં સૌથી હાઈ પ્રોફાઈલ મનાતી મોકામા વિધાનસભા બેઠકનાં સમીકરણો પણ બદલાઈ ગયાં છે. મોકામા અનંતસિંહનો ગઢ છે અને આ ગઢના કાંગરા પણ કોઈ ખેરવી નથી શકતું. અનંત સિંહ મોકામા બેઠક પરથી ૨૦૧૦, ૨૦૧૫ અને ૨૦૨૦ એમ સળંગ ત્રણ ચૂંટણીમાં ચૂંટાઈને ધારાસભ્ય બનેલા. ૨૦૧૦માં જીત્યા ત્યારે અનંતસિંહ જેડીયુમા હતા પણ ધારાસભ્યની હત્યાના કેસમાં નામ આવતાં નીતીશે તેમને ખંખેરી નાંખેલા. એ છતાં અનંતસિંહ ૨૦૧૫માં અપક્ષ તરીકે જીતી ગયેલા.

૨૦૨૦માં અનંતસિંહ લાલુ યાદવની પાર્ટી આરજેડીની ટિકિટ પર ચૂંટાયેલા પણ ૨૦૨૦ની ચૂંટણી પછી હત્યાના કેસમાં નીતીશ કુમારની સરકારે તેમને જેલમાં ધકેલી દીધા હતા. દરમિયાનમાં હત્યાના કેસમાં સજા થતાં અનંતસિંહે રાજીનામું આપવું પડેલું પણ તેમનો વટ એવો કે પેટાચૂંટણી વખતે જેલમાં બેઠાં બેઠાં પત્ની નીલમ દેવીને જીતાડી દીધાં.

અનંતનો વટ જોઈને ગિન્નાયેલા નીતીશે જૂના કેસો પણ ખોલવા માંડતાં અનંતસિંહ જેલની બહાર નહીં નિકળે એવું લાગતું હતું. અનંતે શાણપણ વાપરીને નીતિશના પગ પકડી લીધા તેથી જેલની બહાર તો આવી ગયા પણ જેલમાં રહ્યા છતાં સુધર્યા નહીં તેમાં પાછા જેલની હવા ખાતા થઈ ગયા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ,

- સોમવાર, તા. ૩-૧૧-૨૦૨૫, સોમ પ્રદોષ, તુલસી વિવાહ પ્રારંભ
- ભારતીય દ્દિનાંક ૧૨, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા ૧૫-૦૫ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૭, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૦, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ •
- ભરતીઃ સવારે ક. ૦૯-૪૩, રાત્રે ક. ૨૨-૩૪
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૯ (તા. ૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક શુક્લ – ત્રયોદશી. સોમ પ્રદોષ, તુલસી વિવાહ પ્રારંભ, વૈકુંઠ ચતુર્દશીનો ઉપવાસ, પંચક.
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શિવપૂજા, ચંદ્ર-શનિ દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, અર્હિબુધન્ય દેવતાનું પૂજન, લીમડો વાવવો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, પ્રયાણ મધ્યમ, દુકાન-વેપાર, નવા વસ્રો, આભૂષણ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના, ઘર-ખેતર, જમીન, મકાન પશુ-લેવડદેવડ, પ્રદોષ, વ્રત, ઉપવાસ, શિવ-પાર્વતી પૂજા, રાત્રિ જાગરણ, તુલસી પૂજા, તુલસી વિવાહ ઉત્સવ પ્રારંભ.
- આચમનઃ શુક્ર-ગુરુ ચતુષ્કોણ નાણાવ્યવહારમાં સાવધાની જરૂરી. ખગોળ જ્યોતિષઃ શુક્ર-ગુરુ ચતુષ્કોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ભારતે સૌથી વધુ વજનવાળો ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂક્યો

શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ) : ઈસરોના ચાર હજાર કિલોથી વધારે વજનવાળા કમ્યુનિકેશન સેટેલાઈટ સીએમએસ-૦૩ સ્પેસ પોર્ટથી છોડવામાં આવ્યો હતો. ઉપગ્રહનું વજન ૪,૪૧૦ કિલો છે અને ભારતની ધરતી પરથી આટલો વજનદાર ઉપગ્રહ પહેલી વાર લોન્ચ કરવામાં આવ્યો છે. આ ઉપગ્રહને જીયોસીન્ક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (જીટીઓ)માં મુકાશે. ઉપગ્રહને અવકાશમાં એલવીએમ૩-એમ૫ રોકેટે છોડ્યો હતો અને આ રોકેટ ભારેખમ ઉપગ્રહ છોડવાની ક્ષમતાને લીધે બાહુબલી તરીકે ઓળખાય છે.

લોન્ચ વેહિકલને એસેમ્બલ કરીને સ્પેસક્રાફ્ટ સાથે જોડવામાં આવ્યું હતું. લોન્ચ વેહિકલને બીજા લોન્ચ પેડ પર મૂકવામાં આવ્યું હતું.

૪૩.૫ મીટર ઊંચા રોકેટે બીજી નવેમ્બરે સાંજે ૫-૨૬ કલાકે ૪,૦૦૦ કિલોથી વધારે વજનવાળો ઉપગ્રહ લોન્ચ કરવાનું ચાલુ કર્યું હતું. એલવીએમ૩ (લોન્ચ વેહિકલ માર્ક-૩) આ ઈસરોનું નવું વેહિકલ છે. આ વેહિકલ બીજા દેશોની સરખામણીમાં કરકસરથી ઉપગ્રહને જીયોસીન્ક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટમાં મૂકે છે. જોકે ઈસરોએ સત્તાવાર રીતે એ માહિતી આપી નહોતી કે આ ઉપગ્રહનો શેમાં ઉપયોગ થશે.

આ લોન્ચ વેહિકલ ત્રણ તબક્કામાં કામ કરે છે. આમાં બે સોલિડ મોટર સ્ટ્રેપ-ઓન્સ (એલ૧૧૦), લિક્વિડ પ્રોપેલન્ટ કોર સ્ટેજ (એલ૧૧૦) અને ક્રાયોજેનિક સ્ટેજ (સીર૫)નો સમાવેશ થાય છે. ઈસરોએ આ રોકેટ વડે આત્મનિર્ભતા મેળવી છે. ૧૮૦ કિલોમીટરની ઊંચાઈએ ઉપગ્રહ વેહિકલથી અલગ થયો હતો. (એજન્સી)

# હાઈવે પર અકસ્માત બદલ કૉન્ટ્રેક્ટરને દંડ થશે

નવી દિલ્હી : રોડ એક્સિડન્ટ અને જાનહાનિ થતી અટકાવવા હાઈવે મંત્રાલયે બિલ્ટ-ઓપરેટ-ટ્રાન્સફર (બીઓટી) મોડેલ હેઠળ બનાવવામાં આવેલા નેશનલ હાઈવેના ચોક્કસ પટ્ટા પર એકથી વધારે અકસ્માતો થાય તો કૉન્ટ્રેક્ટરને દંડ થશે, એવી માહિતી અધિકારીઓએ રવિવારે આપી હતી. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે ખાતાના સચિવ વી. ઉમાશંકરે કહ્યું હતું કે હાઈવે મંત્રાલયે બીઓટી ડોક્યુમેન્ટ સુધારવામાં આવ્યો છે અને હવે કૉન્ટ્રેક્ટરે બીઓટી મૉડેલ હેઠળ બાંધેલા હાઈવે પટ્ટા પર ચોક્કસ સમયમાં એકથી વધારે અકસ્માત થાય તો ક્રેશ મેનેજમેન્ટ કરવું પડશે અને સુધારાના પગલાં લેવા પડશે.

જો ચોક્કસ પટ્ટા (૫૦૦ મીટરના)માં એકથી વધારે અકસ્માત થાય તો કૉન્ટ્રેક્ટરને ૨૫ લાખ રૂપિયાની પેનલ્ટી ભરવી પડશે. જો અકસ્માત આગામી વર્ષે થાય તો પેનલ્ટી વધીને ૫૦ લાખ રૂપિયા થશે. ઉમાશંકરે કહ્યું હતું કે હાઈવે મંત્રાલયે અકસ્માત વારંવાર થાય એવા ૩,૫૦૦ એરિયા શોધી કાઢ્યા છે. પ્રોજેક્ટ માટે કન્સેશન પિરિયડ બીઓટી મૉડેલ હેઠળ ૧૫થી ૨૦ વર્ષનો છે અને એચએએમ માટે ૧૫ વર્ષનો કન્સેશન પિરિયડ છે. (એજન્સી)

# મેક્સિકોના સુપરમાર્કેટમાં ભીષણ આગઃ ૨૩નાં મોત

હર્મોસિલોઃ મેક્સિકોના ઉત્તરપશ્ચિમ રાજ્ય સોનોરાની રાજધાની હર્મોસિલોમાં એક સ્ટોરમાં વિસ્ફોટ સાથે લાગેલી ભીષણ આગમાં બાળકો સહિત ૨૩ જણ માર્યા ગયા હતા, અને ૧૧ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હોવાના સમાચાર જાણવા મળ્યા હતા.

શહેરના મધ્યમાં આવેલા વાલ્ડોસ સ્ટોરમાં અચાનક આગ લાગી હતી.

સોનોરાના ગવર્નર અલ્ફોન્સો દુરાઝોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં ઘટનાની પુષ્ટિ કરી હતી અને પીડિતોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

રાજ્યના એટર્ની જનરલ ગુસ્તાવો સલાસ ચાવેઝે જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે મોટા ભાગનાં મોત શ્વાસમાં ઝેરી વાયુ લેવાથી થયા છે.

તેમણે કહ્યું કે હાલમાં એવા કોઈ સંકેત નથી કે આગ જાણી જોઈને લગાવવામાં આવી હતી, જોકે શક્યતા નકારી શકાતી નથી. આગ લાગવાના ચોક્કસ કારણની તપાસ કરવામાં આવશે.

ઘટના બાદ ૧૧ ઘાયલને હર્મોસિલોની છ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેઓ સારવાર લઈ રહ્યા છે. એમાંથી અમુકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાની શક્યતા છે.

મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને કહ્યું કે, "આ ભયાનક અકસ્માતમાં પ્રિયજનો ગુમાવનારા તમામ પરિવારો પ્રત્યે મારી સંવેદના છે. સરકારી રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે."

સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં સ્ટોર સંપૂર્ણપણે આગમાં લપેટાયેલો જોવા મળ્યો હતો.

સ્થાનિક અધિકારીઓએ અહેવાલ આપ્યો હતો કે ફાયર ફાઇટરોએ ઘણા કલાકોના પ્રયાસો પછી આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં નોંધપાત્ર નુકસાન થઈ ચૂક્યું હતું.

આગ લાગવાના ચોક્કસ કારણની હાલમાં તપાસ કરવામાં આવી રહી છે.

# લાલુના દીકરાની સરકાર બની તો હત્યા, અપહરણ અને ખંડણી માટે ત્રણ નવા મંત્રાલયો બનશેઃ અમિત શાહ

મુઝફ્ફરપુર : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) ના વડા લાલુ પ્રસાદ યાદવ અને તેમના પરિવાર પર પ્રહાર કરતા રવિવારે દાવો કર્યો હતો કે જો પૂર્વ મુખ્ય પ્રધાનના પુત્ર તેજસ્વી યાદવ સત્તામાં આવશે તો બિહારમાં "હત્યા, અપહરણ અને ખંડણી" માટે ત્રણ નવા મંત્રાલયો બનાવવામાં આવશે.

મુઝફ્ફરપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા શાહે દાવો કર્યો હતો કે જો એનડીએ સરકાર સત્તામાં રહેશે તો બિહારને પૂરમુક્ત બનાવવામાં આવશે અને આ હેતુ માટે એક અલગ મંત્રાલય સ્થાપિત કરવામાં આવશે.

તેમણે જનતાને અપીલ કરી હતી કે તે એનડીએને મત આપીને આરજેડીના શાસન દરમિયાન જોવા મળેલા જંગલરાજનું પુનરાવર્તન અટકાવી શકે છે. શાહે કહ્યું હતું કે, જો લાલુપ્રસાદ યાદવનો પુત્ર (તેજસ્વી યાદવ) મુખ્ય પ્રધાન બનશે તો બિહારમાં ત્રણ નવા મંત્રાલયો બનાવવામાં આવશે – એક હત્યા માટે, બીજું અપહરણ માટે અને ત્રીજું ખંડણી માટે. તમારા મત બિહારને જંગલરાજમાં પાછા ફરતા બચાવશે. નવા ચહેરાઓ સાથે જંગલરાજ પાછું લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

ગૃહમંત્રીએ આરજેડીના વડા લાલુ પ્રસાદ અને કૉંગ્રેસ નેતા સોનિયા ગાંધી પર પણ નિશાન સાધતા કહ્યું હતું કે, બંને પોતાના પુત્રોને ક્રમશ બિહારના મુખ્ય પ્રધાન અને દેશના વડા પ્રધાન બનાવવા માંગે છે, ભલે બંને પદ ખાલી ન હોય. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતને સુરક્ષિત, સમૃદ્ધ અને મજબૂત બનાવ્યું છે અને અનેક જન કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે.

# કૉંગ્રેસના લમણે બંદૂક રાખીને આરજેડીએ ચોરી લીધું મુખ્ય પ્રધાનનું પદઃ મોદી

પટના : બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા આરામાં એક વિશાળ રેલીને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આરજેડી-કૉંગ્રેસ ગઠબંધન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આરજેડીએ કૉંગ્રેસના લમણે બંદૂક રાખીને મુખ્ય પ્રધાનનું પદ ચોરી લીધું છે. પીએમએ કૉંગ્રેસ પર બાબા સાહેબ અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન બાબુ જગજીવન રામનું અપમાન કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએના ચૂંટણી ઢંઢેરાના અને બિહારના વિકાસ અંગે એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે દિલ્હીમાં રહેતા લોકો પવનની દિશા સમજી શકતા નથી. બિહારના લોકો એનડીએ સાથે છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે આવતા વર્ષ સુધીમાં ૧૦ મિલિયન નવી નોકરીઓનું સર્જન થશે અને આ માટે એક સંપૂર્ણ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. વધુમાં પીએમ મોદીએ કહ્યું હતું કે બિહાર દેશમાં સૌથી વધુ યુવા વસ્તી ધરાવતા રાજ્યોમાંનું એક છે તેથી એનડીએ બિહારમાં શિક્ષણ અને કૌશલ્ય પર ખૂબ ભાર મૂકી રહ્યું છે. અમારો સંકલ્પ છે કે બિહારના યુવાનો બિહારમાં કામ કરશે અને બિહારને ગૌરવ અપાવશે. આ માટે અમે આગામી વર્ષોમાં ૧૦ મિલિયન નોકરીઓનું સર્જન કરવાની જાહેરાત કરી છે. આ ફક્ત જાહેરાત નથી. આ કેવી રીતે પ્રાપ્ત થશે તેની યોજના પણ જનતા સમક્ષ રજૂ કરવામાં આવી છે.

પીએમ મોદીએ મહાગઠબંધનના આંતરિક ઝઘડાનો પર્દાફાશ કર્યો હતો અને કહ્યું હતું કે કૉંગ્રેસ અને આરજેડી વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. ત્યારબાદ કોંગ્રેસને મુખ્ય પ્રધાનના પદના ઉમેદવારને ટેકો આપવાની ફરજ પડી હતી. પીએમએ કહ્યું કે એનડીએનો ઢંઢેરો બિહારના સર્વાંગી વિકાસની સાથે સામાજિક ન્યાયની પણ ગેરન્ટી આપે છે. આરામાં ઉમટેલી ભીડ દર્શાવે છે કે લોકોએ ફરી એકવાર રાજ્યમાં એનડીએ સરકાર બનાવવાનો સંકલ્પ કર્યો છે. આ જંગલરાજના સમર્થકો આ વખતે કારમી હાર નોંધાવવાના છે. બિહારની જૂની પેઢી સાથે મળીને નવી પેઢી બીજી એનડીએ સરકાર બનાવવા માટે કટિબદ્ધ છે.

વડા પ્રધાને કહ્યું હતું કે "એ દિવસ દૂર નથી જ્યારે બિહાર પૂર્વ ભારતમાં ટેકનોલોજી, કાપડ અને પર્યટનનું મુખ્ય કેન્દ્ર બનશે. દિલ્હીમાં બેસીને ગણિત ગણનારાઓ અહીં આવો અને ચિત્ર જુઓ. અમારી સરકાર પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ નાના ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયા આપે છે. બિહારની નવી એનડીએ સરકાર તેમાં ૩,૦૦૦ રૂપિયાનો વધારો કરવા જઈ રહી છે."

પીએમએ કહ્યું હતું કે, "અમે જે સંકલ્પ લઈએ છીએ તે પૂરા કરીએ છીએ. કોઈ ગરીબ માતાનું બાળક ભૂખ્યું ઊંઘશે નહીં. આરજેડી બિહારમાં જંગલરાજ લાવી અને તુષ્ટિકરણની રાજનીતિ કરી તો કોંગ્રેસની ઓળખ શીખોના નરસંહાર સાથે જોડાયેલી છે. આરજેડી અને કૉંગ્રેસ બિહારની ઓળખનો નાશ કરવાનું કામ કરી રહ્યા છે. તેઓ બિહારમાં ઘૂસણખોરોના સમર્થનમાં રેલીઓનું આયોજન કરી રહ્યા છે. તેઓ તેમના રક્ષણ માટે પૂરા દિલથી કામ કરી રહ્યા છે.

વડા પ્રધાને કહ્યું હતું કે "કૉંગ્રેસે હંમેશા બાબા સાહેબ આંબેડકરનું અપમાન કર્યું કારણ કે તેમની લોકપ્રિયતા કૉંગ્રેસના રાજવી પરિવાર કરતા વધુ વધી રહી હતી." પછી કૉંગ્રેસે બાબુ જગજીવનરામનું અપમાન કર્યું કારણ કે તેઓ કૉંગ્રેસના રાજવી પરિવારના રાજકારણ માટે ખતરો હોવાનું લાગતું હતું. કૉંગ્રેસે સીતારામ કેસરીનું પણ અપમાન કર્યું કારણ કે તેમને કૉંગ્રેસ પ્રમુખ તરીકે બીજા કોઈ મંજૂર નહોતા. પીએમએ એમ પણ કહ્યું, "આરજેડીના સભ્યોએ પ્રયાગરાજ મહાકુંભને ફાલતુ ગણાવ્યો. આપણે હમણાં જ જોયું છે કે કૉંગ્રેસના નામદારે આપણા છઠ ઉત્સવને ડ્રામા ગણાવ્યો હતો. બિહાર આપણા ધર્મનું અપમાન કરનારાઓને ક્યારેય માફ કરશે નહીં." તેમણે જનતાને અપીલ કરી કે તેઓ બિહારને જંગલરાજથી બચાવે અને ફરી એકવાર એનડીએ સરકાર બનાવે. આજે મેક ઇન ઇન્ડિયા વિશે દુનિયામાં ઘણો ઉત્સાહ છે. અમારું લક્ષ્ય બિહારને મેડ ઇન ઇન્ડિયાનું કેન્દ્ર બનાવવાનું છે. આ માટે અમે હજારો નાના અને કુટીર ઉદ્યોગોના નેટવર્કને મજબૂત બનાવીશું. વડા પ્રધાને કહ્યું હતું કે, મોદીએ કલમ ૩૭૦ રદ કરવાની ખાતરી આપી હતી અને તેમણે તે વચન પૂર્ણ કર્યું. આજે ભારતનું બંધારણ જમ્મુ અને કાશ્મીરમાં લાગુ પડે છે. તેમણે વન રેન્ક વન પેન્શનનું વચન પૂર્ણ કરવાની વાત પણ કહી હતી. અત્યાર સુધી બિહારમાં ૬ મિલિયન ગરીબ પરિવારોને કાયમી ઘર આપવામાં આવ્યા છે. પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ ખેડૂતોને હવે વાર્ષિક ૯,૦૦૦ રૂપિયા મળશે. મહિલાઓ અંગે તેમણે કહ્યું હતું કે, ૧.૩ કરોડ મહિલાઓના બેન્ક ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. એનડીએ પાસે તેમના વચનો પૂરા કરવાનો ટ્રેક રેકોર્ડ છે. ■

# યુક્રેનના ડ્રોન હુમલા પછી રશિયન શહેરમાં ભીષણ આગ

કિવઃ યુક્રેને રશિયાના તુઆપ્સે બંદર પર મોટો ડ્રોન હુમલો કર્યા બાદ તેલ ટર્મિનલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને રશિયાએ ૧૬૪ યુક્રેનિયન ડ્રોન તોડી પાડવાનો દાવો કર્યો હતો.

બે નવેમ્બરની રાત્રે, રશિયાના કાળા સમુદ્ર ક્ષેત્રમાં આવેલા તુઆપ્સે બંદર પર યુક્રેને કરેલા ડ્રોન હુમલા બાદ એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો, અને સમગ્ર બંદર વિસ્તારમાં આગ ફેલાઈ ગઈ હતી.

સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં તેલ રિફાઇનરી અને ટર્મિનલને ભારે નુકસાન થયું. આ હુમલો રશિયાની લશ્કરી પુરવઠા પ્રણાલીને ખોરવવા માટેનો હતો.

રશિયાના ક્રૂડ અને રિફાઇન્ડ ઉત્પાદનોનો મોટો ભાગ રશિયાના દક્ષિણ પ્રદેશ ક્રાસ્નોદરમાં બંદર દ્વારા આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચે છે.

તાજેતરના મહિનાઓમાં, કિવએ રશિયન તેલ અને ઊર્જા માળખા પર હુમલાઓ તીવ્ર બનાવ્યા છે. યુક્રેનની ગુપ્ત સેવાએ ગઈકાલે ખુલાસો કર્યો હતો કે તેણે રશિયન તેલ રિફાઇનરીઓ અને પાઇપલાઇનોને લક્ષ્ય બનાવીને ૧૫૦થી વધુ હુમલાઓ કર્યા છે. ■

પહેલા પાનાનું ચાલુ

## વર્લ્ડ ચૅમ્પિયન

છેડા પરની બૅટરને લક્ષ્યાંક બનાવી હતી અને એક પછી એક બૅટરને આઉટ કરીને સાઉથ આફ્રિકાની ટીમને માનસિક દબાણમાં લાવી હતી. ભારતીય ફીલ્ડર્સની ફીલ્ડિંગ થોડી ખરાબ હતી. જોકે દીપ્તિએ ૩૬મી ઓવરમાં ડર્કસેન (૩૫ રન)નો કૅચ છોડ્યા બાદ તેને આઉટ કરી હતી. સાંજે ભારતે બૅટિંગ મળ્યા બાદ સાવચેતીભરી શરૂઆત કરી હતી અને પછીથી આક્રમક અભિગમ અપનાવ્યો હતો. ઓપનર્સ શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાએ ચોક્કા પર ચોક્કા ફટકારીને હજારો પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતું અને જીત માટેનો પાયો નાખવાની શરૂઆત કરી હતી.

### સ્મૃતિ આઉટ, જેમિમાની એન્ટ્રીથી પબ્લિક ખુશ

ભારતે ૧૮મી ઓવરમાં ૧૦૦ રન પૂરા કર્યા બાદ ઓપનર સ્મૃતિ મંધાનાએ વિકેટ ગુમાવી હતી. લેફ્ટ-આર્મ સ્પિનર ક્લૉ ટ્રાયૉનને આ મૅચમાં પહેલી જ વખત બોલિંગ મળી અને તેણે સ્મૃતિની વિકેટ અપાવી હતી. સ્મૃતિની વિકેટ પડ્યા બાદ જેમિમા રૉડ્રિગ્સ મેદાન પર ઊતરતાં જ હજારો પ્રેક્ષકોએ તેને તાળી પાડીને તેમ જ તેના નામનાં બૅનર સાથે આવકારી હતી. મેન્સ ક્રિકેટમાં દાયકાઓથી જેમ કોઈ લોકપ્રિય ખેલાડી મેદાન પર આવતાં પ્રેક્ષકો ખુશી વ્યક્ત કરતા હોય છે એવું હવે મહિલા ક્રિકેટમાં પણ જોવા મળ્યું છે.

### શેફાલી પ્રથમ સેન્ચુરી ચૂકી

ભારતની યુવાન અને આક્રમક ઓપનર શેફાલી વર્મા (૮૭ રન) ધમાકેદાર પર્ફોર્મ કરીને માત્ર ૧૩ રન માટે વન-ડે કરીઅરની પહેલી સેન્ચુરી ચૂકી ગઈ હતી. તેણે સ્મૃતિ મંધાના (૪૫ રન) સાથે ૧૦૪ રનની અને જેમિમા રૉડ્રિગ્સ (૨૪ રન, ૩૭ બૉલ, એક ફોર) સાથે ૬૨ રનની ભાગીદારી કરી હતી. ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલમાં મૅચ-વિનિંગ અણનમ ૧૨૭ રન કરનાર જેમિમા પેસ બોલર ખાકાના બૉલમાં કૅપ્ટન વૉલ્વાર્ટને કૅચ આપી બેઠી હતી. એ પહેલાં, ખાકાના જ બૉલમાં શેફાલી સુન લુસના હાથમાં કૅચઆઉટ થઈ હતી. ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં ભારતે ૩૫ ઓવરમાં ૨૦૦ રન પૂરા કર્યા પછી રનમશીનને વેગ આપ્યો હતો, પરંતુ ૨૨૩મા રને હરમનપ્રીત ક્રૉસ બૅટથી રમવા જતાં ક્લીન બોલ્ડ થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકન ફીલ્ડર્સની ખરાબ ફીલ્ડિંગ વચ્ચે ૪૦ ઓવરમાં ભારતનો સ્કોર ૪/૨૨૯ હતો. ત્યાર બાદ સ્કોર થોડો ધીમો પડી ગયો હતો અને ૪૨મી ઓવરને અંતે સ્કોર ૪/૨૪૩ હતો. દીપ્તિ શર્મા (૪૧ રન) સાથે અમનજોત કૌર (૧૧ રન) રમી રહી હતી. ■

# સરકાર ‘દગાબાજ’...

## ઉદ્ધવ ઠાકરેનો આક્રોશ: મરાઠવાડાની ચાર દિવસની મુલાકાતે

છત્રપતિ સંભાજીનગર: ઉદ્ધવ ઠાકરે આજકાલ ફિલ્મી અંદાજમાં સરકારની આકરી ટીકા કરી રહ્યા છે. ખેડૂતોની કરજ માફી મુદ્દે બોલતા ‘ક્યા હુવા તેરા વાદા’ ગીત ગાનાર ઉદ્ધવ ઠાકરે તેમની મરાઠવાડા મુલાકાતની શરૂઆતમાં જ બીજા ફિલ્મી ગીત ‘દગાબાજ રે...’થી સરકારને ઘેરી રહ્યા છે. શહેરમાં પાણી પુરવઠા યોજના બાબત કાઢવામાં આવેલા મોરચા માટે ‘જુઠ્ઠાડાઓ પાણી આપો’ એવો નારો લગાવવામાં આવ્યો હતો. ઉદ્ધવ ઠાકરે ૫ થી ૮ નવેમ્બર દરમિયાન ખેડૂતો સાથે સંવાદ સાધવાના છે. તેમના મરાઠવાડા પ્રવાસ બાબત પ્રધાન સંજય શિરસાટે ખેડૂત માટે બે મિનિટ અને કાર્યકર્તા માટે ૧૦ મિનિટ એવી ટીકા કરી હતી.

અતિવૃષ્ટિમાં ખેડૂતોને ભારે નુકશાન થયું છે. પાક નાશ પામ્યો છે, ખેતરોમાંથી પાણી હજી ઓસર્યા નથી. આગામી પાક માટે વાવણી કરવી પણ મુશ્કેલ છે. તેવી સ્થિતિમાં આ મુદ્દાને મોટા પાયે ચગાવવાની શિવસેના ઉદ્ધવ જૂથની યોજના હતી, પણ એ પહેલા બચ્ચુ કડુએ આંદોલન શરૂ કરી દીધું અને મનોજ જરાંગે પણ તેમની મુલાકાત લેવા પહોંચી ગયા હોવાથી વિરોધપક્ષોનાં હાથમાંથી આ તક જતી રહી.

બચ્ચુ કડુના આંદોલન બાદ રાજ્ય સરકારે કર્જ માફી બાબતે ‘મિત્ર’ના અધ્યક્ષ પ્રવિણસિંહ પરદેશીની અધ્યક્ષતામાં એક સમિતિ બનાવી છે. તેનો શ્રેય બચ્ચુ કડુ લેશે. પણ ઉદ્ધવ ઠાકરે તેમના મરાઠવાડા પ્રવાસ દરમિયાન આ કરજ માફીમાં સરકારની ‘બદદાનત’ને ઉજાગર કરવાની યોજના બનાવી રહી છે. જે માટે ‘દગાબાજ રે...’ તેવું નામ અપાયું હોવાનું ઉદ્ધવ જૂથના નેતાઓ કહી રહ્યા છે.

પાણી પુરવઠા યોજના માટે થયેલી ટીકા અને આંદોલન પછી મુખ્ય પ્રધાને યોજનાની પ્રગતિ વિશે સંભાજીનગરના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું. કેન્દ્ર સરકારના અધિકારીઓ પણ અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવવાના છે. તેથી સ્થાનિક નાગરિક સંસ્થાઓની ચૂંટણીમાં ખેડૂતોની સમસ્યાઓના મુદ્દા હજી ચગશે તેવું માનવામાં આવી રહ્યું છે. ■

# દક્ષિણ મુંબઈમાં ઝાડ તૂટી પડતાં બે કારને નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના મલબાર હિલ પરિસરમાં રવિવારે સવારના ભીષણ વૃક્ષ ધરાશાયી થતા બે ટુ વ્હીલરને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને તૂટી પડેલા ઝાડને હટાવ્યું હતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મલબાર હિલમાં કાર્માઈલ રોડ પર જાપાન જનરલ કોન્સ્યુલેટની ઓફિસ નજીક ન્યુ ગુલિસ્તાન બિલ્ડિંગ પાસે સવારના ૯.૨૪ વાગે આ બનાવ બન્યો હતો, જેમાં વિશાળ વૃક્ષ જાપાની કોન્સ્યુલેટ અને લેન્ડ માર્ક બિલ્ડિંગની વચ્ચેના પ્લોટ પર તૂટીને પડયું હતું. તેને કારણે બે કારને તો નુકસાન થયું જ હતું પણ જ વિશાળ લાઈટનો પોલ તૂટી પડયો હતો. ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને તૂટી પડેલા ઝાડના અવશેષો હટાવી દીધા હતા. સદ્નસીબે આ બનાવમાં કોઈ જખમી થયું નહોતું. ■

ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ
પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસે, એસિડિટી, મસા (પાઇલ્સ) વગેરે સમસ્યાઓમાં અસરકારક !
આજે જ રાત્રે લો, સવારે OK!
9422011723

# અમે વિરોધીઓને અમારા કામથી જવાબ આપીએ છીએ: શિંદે

પંઢરપુર: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ દેવઉઠી એકાદશી નિમિત્તે પંઢરપુરમાં સપરિવાર સત્તાવાર પૂજા કરી હતી. શ્રી વિઠ્ઠલ મંદિરમાં પૂજાવિધિ પૂર્ણ કર્યા બાદ તેમણે પત્રકારો સાથે વાત કરી હતી.

આ પ્રસંગે પત્રકારો દ્વારા વિરોધ પક્ષો મોરચો કાઢીને મતદારોને સરકારના વિરોધમાં પ્રભાવિત કરી રહ્યા હોવા અંગે પ્રશ્ન કરતા તેમણે કહ્યું હતું કે ભગવાન વિઠ્ઠલની હૃદયપૂર્વક પૂજા કરી હોવાથી હું રાજકારણ વિશે બહુ બોલવા માગતો નથી, પણ મુખ્ય પ્રધાન તરીકે અનેક રખડી પડેલા વિકાસકાર્યોને વેગ આપ્યો હતો, કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી હતી. મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજના પણ સુપેરે ચાલી રહી છે. હવે દેવેન્દ્રજીના નેતૃત્વમાં સરકાર કામ કરી રહી છે. અમારું લક્ષ્ય વિકાસ કરવાનું છે. તેથી વિરોધ અને ટીકાઓનો જવાબ વિકાસ કાર્યોથી આપીએ છીએ.

તેમણે ઉમેર્યું હતું કે વરસાદ હજી અટક્યો નથી. બલિરાજા (ખેડૂતો) સંકટમાં છે. ખેડૂતો માટે રાહત પૅકેજની અમે જાહેરાત કરી છે અને રાહતની રકમ તેમના ખાતામાં સીધી જમા થાય છે. અમારો અજેન્ડા વિકાસ, વિકાસ અને માત્ર વિકાસ છે. આવનાર નાગરિક સંસ્થાઓની ચૂંટણીમાં પણ આ અજેન્ડાના બળે અમને સફળતા મળશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. પંઢરપુરના વારકારીઓ માટે ચંદ્રભાગા નદી ગંગા સમાન પવિત્ર છે. ચંદ્રભાગા નદી પ્રદુષણ મુક્ત થાય તે માટે રાજ્ય સરકાર પ્રયત્ન કરી રહી છે. તેના પ્રથમ ચરણ રૂપે ૧૨૦ કરોડના ખર્ચે નગર વિકાસ વિભાગ દ્વારા કાર્ય શરૂ થયું છે. તે અંતર્ગત પંઢરપુર શહેરના ડ્રેનેજથી ગંદુ પાણી નદીમાં ભળતું અટકાવવા પગલાં લેવામાં આવશે, તેવી માહિતી શિંદેએ આપી હતી. તેમણે કહ્યું હતું કે રાજ્યની જનતા અને ખેડૂતોને સુખી રાખવાની પ્રાર્થના તેમણે ભગવાન વિઠ્ઠલને કરી છે. ■

# કબૂતરખાના માટે સૂચવાયેલાં ચાર સ્થળનો વિરોધ

મુંબઈ: મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રે નાગરિકોના વાંધા અને સૂચનોને આધારે મુંબઈમાં ચાર સ્થળોએ કબૂતરખાના ખોલવાની મંજૂરી આપી હતી. કબૂતરોને ચોક્કસ સમયે નિયંત્રિત રીતે ખોરાક આપવાનો હોવા છતાં મરાઠી એકીકરણ સમિતિએ આ નિર્ણયનો વિરોધ કર્યો છે. હાલમાં ચાર સ્થળ છે, પરંતુ ભવિષ્યમાં આ સ્થળોની સંખ્યા ધીમે ધીમે વધશે, એવી આશંકા સમિતિએ વ્યક્ત કરી છે.

નગરપાલિકાએ ચોક્કસ સમયે કબૂતરોને નિયંત્રિત ખોરાક આપવા અંગેની ત્રણ અરજીઓ પર નાગરિકો પાસેથી સૂચનો અને વાંધા મગાવ્યા હતા. તે મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશને મુંબઈમાં વરલી જળાશય, અંધેરીમાં લોખંડવાલા બેક રોડ પર મેન્ગ્રોવ્ઝ વિસ્તાર, મુલુંડમાં ખાડી વિસ્તાર અને બોરીવલીમાં ગોરાઈ મેદાન જેવા સ્થળોએ કબૂતરોને ખોરાક આપવાની મંજૂરી આપી હતી. કબૂતરોને સવારે ૭ થી ૯ વાગ્યા સુધી અનાજ પૂરું પાડી શકાશે. જોકે મરાઠી એકીકરણ સમિતિએ નગરપાલિકાના આ નિર્ણય પર ભારે નારાજગી વ્યક્ત કરી છે.

સમિતિએ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે નાગરિકોના સ્વાસ્થ્યનું રક્ષણ એ નગરપાલિકાની પ્રાથમિકતા હોવી જોઈએ. ૭૦ ટકાથી વધુ મુંબઈગરાઓ આ પ્રતિબંધને સમર્થન આપતા હોવાનું એક સર્વેમાં જાણવા મળ્યું હતું. ■

## મુલુંડમાં કબૂતરખાના શરૂ કરવાનો વિરોધ

મુંબઈ: મુલુંડના રહેવાસીઓએ મુલુંડ વિસ્તારમાં નવા કબૂતરખાના ખોલવાનો વિરોધ કર્યો હતો. મુલુંડ પૂર્વમાં જૂના ઐરોલી-મુલુંડ ચેક પોઇન્ટ વિસ્તારમાં ખાડી નજીકના વિસ્તારમાં કામચલાઉ કબૂતરખાના ખોલવાનો નાગરિકોએ વિરોધ કર્યો. સામાજિક કાર્યકર્તા એડવોકેટ સાગર દેવરે પણ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. ઐરોલી-મુલુંડ લિંક રોડ મુંબઈ અને નવી મુંબઈને જોડતો ખૂબ જ વ્યસ્ત રસ્તો છે. અહીં કબૂતરખાના બનાવવાથી મોટી સંખ્યામાં પક્ષીઓનો અને લોકોનો મેળાવડો થશે. ■

# ત્રણ બાળકીની જાતીય સતામણી ટ્યૂશન શિક્ષકને ત્રણ વર્ષની કેદ

થાણે: થાણે જિલ્લાના દીવામાં ટ્યૂશન ક્લાસીસમાં જતી ત્રણ બાળકીની જાતીય સતામણી કરવાના ૨૦૧૯ના કેસમાં થાણેની વિશેષ અદાલતે શિક્ષકને ત્રણ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આવા કૃત્યની ટીકા કરવી જોઈએ અને તેની સામે સખત હાથે કામ લેવું જોઈએ, એવી નોંધ કોર્ટે કરી હતી.

પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળના કેસોની સુનાવણી કરતાં વિશેષ જજ રુબી યુ માલવણકરે ૩૫ વર્ષના આરોપીને ત્રણ વર્ષની કેદ અને ૧૫ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ચુકાદાની નકલ રવિવારે ઉપલબ્ધ થઈ હતી. બીજા ધોરણમાં ભણતી છ વર્ષની બાળકીના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે ૨૨ નવેમ્બર, ૨૦૧૯ના રોજ દીવામાં રહેતા શિક્ષક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં આરોપ કરાયો હતો કે ખાનગી ટ્યૂશન ક્લાસીસનો શિક્ષક બાળકી સાથે ‘અશ્લીલ કૃત્ય’ કરતો નજરે પડ્યો હતો. ક્લાસીસની અન્ય બે વિદ્યાર્થિનીએ પણ આવી જ ફરિયાદ કરી હતી. આરોપી ત્રણેય બાળકીની જાતીય સતામણી કરતો હોવાનું જણાયું હતું. જજે વ્યાવસાયિક અદાવત અને ખોટા આરોપના બચાવ પક્ષના દાવાઓને ફગાવી દીધા હતા. કોર્ટે નોંધ્યું હતુ ક પીડિતાની જુબાનીમાં કોઈ વિસંગતિ જણાઈ નથી અને તેને નિવેદન નોંધાવવા સંબંધે શીખવવામાં આવ્યું હોવાનું પણ જણાતું નથી. ■

# ગુજરાત જતી ટ્રકે રિક્ષા અને બાઈકને ટક્કર મારતાં પિતા-પુત્રનાં મોત

## થાણેમાં કન્ટેઈનર ડિવાઈડર સાથે ભટકાતાં વાહનવ્યવહારને અસર

પાલઘર: નાલાસોપારામાં પૂરપાટ વેગે ગુજરાત જતી ટ્રકે રિક્ષા અને પછી બાઈકને ટક્કર મારતાં પિતા-પુત્રનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક ગંભીર રીતે ઘવાયો હતો. અકસ્માતની બીજી ઘટનામાં થાણેમાં કન્ટેઈનર ડિવાઈડર સાથે ભટકાતાં મુંબઈથી નાશિક તરફના વાહનવ્યવહારને બે કલાક સુધી અસર થઈ હતી.

પેલ્હાર પોલીસના જણાવ્યા મુજબ મુંબઈથી ગુજરાત તરફ પૂરપાટ વેગે જતી ટ્રકના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. નાલાસોપારા પૂર્વના પેલ્હાર પરિસરમાં રિક્ષાને ટક્કર માર્યા પછી ટ્રકે બાઈકને અડફેટે લીધી હતી.

રવિવારની સવારે બનેલી આ ઘટના સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. ટ્રક એટલી જોરથી ભટકાઈ હતી કે રિક્ષાનો ખુરદો બોલાઈ ગયો હતો, જેને પગલે રિક્ષામાં હાજર પિતા-પુત્ર ઘટનાસ્થળે જ મોતને ભેટ્યા હતા. બન્નેની ઓળખ સજાદ ઉસ્માની અને તેના પુત્ર અતીક ઉસ્માની તરીકે થઈ હતી. પોસ્ટમોર્ટમ માટે બન્નેના મૃતદેહ સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બાઈકસવારને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે અકસ્માતને કારણે થોડા સમય માટે ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાઈ હતી.

દરમિયાન કળંબોલીથી નાશિક જતું કન્ટેઈનર રવિવારની સવારે સાત વાગ્યાની આસપાસ થાણેના કેડબરી બ્રિજ પાસે ડિવાઈડર સાથે ભટકાયું હતું. કહેવાય છે કે ડ્રાઈવર કામતા પાલે (૫૦) સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં આ અકસ્માત થયો હતો. ઘટનામાં પાલને માથામાં ગંભીર ઇજા થઈ હતી. સારવાર માટે તેને પાલિકા સંચાલિત હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. અકસ્માતને કારણે મુંબઈથી નાશિક તરફના વાહનવ્યવહારને અસર થઈ હતી. લગભગ બે કલાક સુધી ટ્રાફિક જૅમ રહ્યો હતો. હાઈડ્રા મશીન અને ફાયર બ્રિગેડના વાહનની મદદથી કન્ટેઈનરને રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો હતો. (પીટીઆઈ) ■

## મેટ્રો સ્ટેશનના પિલર સાથે કાર અથડાતાં ત્રણનાં મોત

પુણે: તેજ ગતિથી દાડતી કાર મેટ્રો સ્ટેશનના પિલર સાથે ટકરાતાં ત્રણનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક ગંભીર રીતે ઘવાયો હોવાની ઘટના પુણે શહેરમાં બની હતી.

કોરેગાંવ પાર્ક પોલીસ સ્ટેશનનાં સિનિયર ઈન્સ્પેક્ટર સંગીતા જાધવે જણાવ્યું હતું કે ઘટના રવિવારના મળસકે ૪.૩૦ વાગ્યાની આસપાસ પુણેના બંડ ગાર્ડન વિસ્તારમાં બની હતી. ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવવાને કારણે આ અકસ્માત થયો હોવાનું પ્રથમદર્શી જણાય છે.

મૃતકોની ઓળખ હતિક ભંડારી અને યશ ભંડારી તરીકે થઈ હતી. ઘટનામાં કુશવંત ટેકવાની ગંભીર રીતે ઘવાયો હોવાથી સારવાર માટે તેને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો જ્યાં તેનું મૃત્યુ થયું હતું. અકસ્માત કઈ રીતે થયો તે જાણવા પોલીસે ઘટનાસ્થળે લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. પોલીસના જણાવ્યા મુજબ ફૂટેજ જોતાં સ્પષ્ટ થાય છે કે કાર ખૂબ જ સ્પીડમાં આવી હતી અને બંડ ગાર્ડન મેટ્રો સ્ટેશનના પિલર સાથે ભટકાઈ હતી. તે સમયે કારમાં ત્રણ જણ હતા. ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર પિલર સાથે ટકરાઈ હતી. ■



# શેરડીના પીલાણ પર કર વસૂલીના સરકારના નિર્ણયને હાઇ કોર્ટમાં પડકાર

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના વિધાન સભ્ય રોહિત પવારની આગેવાની હેઠળની એક કંપનીએ મુખ્ય પ્રધાન રાહત ભંડોળ અને અન્ય બે લોક કલ્યાણ સંસ્થાઓમાં ફાળો આપવા માટે શેરડીના પીલાણ પર કર વસૂલ કરવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજી બોમ્બે હાઇ કોર્ટમાં કરી છે.

ન્યાયમૂર્તિ મંજુષા દેશપાંડેની વેકેશન ખંડપીઠે ગુરુવારે બારામતી એગ્રો લિમિટેડને નિર્દેશ આપ્યો હતો કે તે ત્રણ દિવસની અંદર ત્રણેય હેડ હેઠળ કર વસૂલાતની રકમના ૫૦ ટકા જમા કરાવે, જેથી અરજીની સુનાવણી સુધી તેના ક્રશિંગ લાઇસન્સ પર પ્રક્રિયા થઈ શકે. અદાલતે સ્પષ્ટતા કરી હતી કે આ દરમિયાન ઓથોરિટી અરજદાર દ્વારા આપવામાં આવેલી બાંહેધરીને ધ્યાનમાં રાખીને અરજદારના ક્રશિંગ લાઇસન્સ પર પ્રક્રિયા કરશે. અદાલતે સરકાર અને અન્ય સંબંધિત અધિકારીઓને નોટિસ આપી આ મામલાની વધુ સુનાવણી ૧૩ નવેમ્બર પર મુલતવી રાખી છે.

રાજ્ય સરકારે મુખ્ય પ્રધાન રાહત ભંડોળ અને ગોપીનાથ મુંડે શેરડી કામદાર કલ્યાણ નિગમમાં યોગદાન આપવા માટે પ્રતિ ટન શેરડીના પિલાણ દીઠ ૧૦ રૂપિયા અને પૂર રાહત ભંડોળમાં પાંચ રૂપિયા પ્રતિ ટન લાદવાનો નિર્ણય કર્યો છે. આ અરજીમાં ખાંડ કમિશનર દ્વારા ૨૭ ઓક્ટોબરના રોજ તમામ ખાંડ ફેક્ટરીઓને સંબોધીને જારી કરાયેલા પત્રને પડકારવામાં આવ્યો હતો જેમાં તેમને નવી પિલાણ સીઝન ૨૦૨૫-૨૬ માટે કર લાદવાના ૩૦ સપ્ટેમ્બરના રોજ લેવામાં આવેલા નિર્ણય વિશે જાણ કરવામાં આવી હતી. (પીટીઆઈ)

### ટેન્કરોની બેફામ અવરજવર

# વસઈ-વિરારમાં ૧૩૧ ટેન્કર સામે કાર્યવાહી

વસઈઃ ટેન્કર ચાલકોની બેદરકારીને કારણે ગયા વર્ષ દરમિયાન વસઈ-વિરારમાં અનેક નાના-મોટા અકસ્માતો થયા છે. આ અકસ્માતોમાં કેટલાક નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને કેટલાકે પોતાના જીવ પણ ગુમાવ્યા હતા. નાગરિકોની વધતી ફરિયાદો બાદ પરિવહન વિભાગે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું હતું. છ મહિનામાં ૧૩૧ ટેન્કર સામે કાર્યવાહી કરવામાં આવી છે અને ૭ લાખ ૮૩ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે.

વસઈ-વિરાર શહેરમાં ઘણા ટેન્કર ચાલકો ટ્રાફિક નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી વાહનો ચલાવી રહ્યા છે જેના કારણે સતત અકસ્માતો બની રહ્યા છે. શહેરની વધતી વસ્તીને કારણે મૂળભૂત સુવિધાઓ જેવી કે પાણીની અછત અને કેટલાક વિસ્તારોમાં અનિયમિત પાણી પુરવઠા જેવી સમસ્યાને કારણે ટેન્કરની માગ પણ વધી છે. આ માગનો લાભ લઈને, ઘણા ખામીયુક્ત જૂના ટેન્કર પણ રસ્તાઓ પર દોડી રહ્યા છે. આવા જ એક ટેન્કરને કારણે ૨૨ સપ્ટેમ્બરના રોજ વિરારમાં થયેલા અકસ્માતમાં પ્રતાપ નાઈક્નું મોત નીપજ્યું હતું. ૩૧ જુલાઈના રોજ, નાલાસોપારાના રહેવાસી સંદીપ ખાંબે (૪૪) ને તેમની પુત્રીને શાળાએ છોડવા માટે ટૂ-વ્હીલર પર જતા સમયે એક ઝડપી ટેન્કરે ટક્કર મારી હતી. સારવાર દરમિયાન સંદીપનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ મનસેએ ટેન્કરની બેદરકારી રોકવાની માગ કરી હતી.આખરે પરિવહન વિભાગે લાઇસન્સ વિનાના ટેન્કરો સામે કાર્યવાહી કરવાની ઝુંબેશ હાથ ધરી છે. આ ઝુંબેશ હેઠળ જે વિસ્તારોમાં પાણીની અવરજવર વધુ હોય છે ત્યાં ટેન્કરોને રોકવામાં આવી રહ્યા છે.

# બીએમસી વાર્ષિક ૬ લાખ કમાતા લોકોને છ કરોડના ઘર વેચશે!!

મુંબઈ : બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા શહેરમાં આર્થિક રીતે નબળા વર્ગ અને ઓછી આવક ધરાવતા લોકો માટે ઘરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. પણ તેની કિંમત નબળી નહીં, પરંતુ સબળી આર્થિક સ્થિતિ ધરાવનારા લોકો જેવી છે, જે મધ્યમ વર્ગ કે નિમ્ન-મધ્યમવર્ગના લોકોને પોસાય તેવી નથી. વેચાણ માટે ૪૨૬ સમાવિષ્ટ ઘરો ઉપલબ્ધ છે.

સત્તાવાર અહેવાલો મુજબ છ લાખ અને નવ લાખ સુધીની કરપાત્ર વાર્ષિક આવક ધરાવતા પરિવારો અનુક્રમે આર્થિક રીતે નબળા વર્ગ અને ઓછી આવક ધરાવતા શ્રેણી હેઠળ આવે છે. ૪૨૬ સમાવિષ્ટ ઘરોમાંથી ૩૫૮ આર્થિક રીતે નબળા વર્ગના ખરીદદારો માટે છે, જ્યારે ૬૮ ઓછી આવક ધરાવતા ખરીદદારો માટે છે. આર્થિક રીતે નબળા વર્ગ અને ઓછી આવક ધરાવતા શ્રેણી હેઠળના ફ્લેટનો કાર્પેટ એરિયા અનુક્રમે ૩૨૩ ચોરસ ફૂટ અને ૬૪૬ ચોરસ ફૂટ સુધીનો છે.

આર્થિક રીતે નબળા શ્રેણી હેઠળ સૌથી ઓછી કિંમતના ઘરો માટે બેંક લોન ઘરોની કિંમતના માત્ર ૫૦ ટકા છે. ખાનગી બેંકોના હોમ લોન માટે પાત્રતા માપદંડો અનુસાર છ લાખની કુલ વાર્ષિક આવક અથવા ૫૦,૦૦૦ ની કુલ માસિક આવક ધરાવતા લોકો ચોક્કસ શરતોને આધીન ૩૧ લાખ સુધીની લોન લઇ શકે છે. ગણતરીઓ પ્રમાણે જેઓ આવી લોન લેવામાં સફળ થાય છે તેમના માટે સમાન માસિક હપ્તો ₹૨૨૫૦૦ હશે, જે તેમની માસિક આવકના ૫૦ ટકા કરતા થોડો ઓછો છે.

આ શ્રેણીમાં સૌથી મોંઘા ઘરો અધધ કહી શકાય તેવા લગભગ છ કરોડની કિંમતના છે. તેના માટે ઓછામાં ઓછા ₹૫.૫ કરોડની જરૂર પડશે. જ્યારે સૌથી ઓછી કિંમતના ઘરોની કિંમત ૬૨ લાખ છે. આમ, ૩૧ લાખની હોમ લોન લીધા પછી પણ,આર્થિક રીતે નબળા વર્ગને ભાંડુપમાં ૬૨ લાખમાં સૌથી ઓછી કિંમતના ઘરો ખરીદવા માટે ઓછામાં ઓછા ૩૧ લાખની વ્યવસ્થા કરવી પડશે. સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી, એડવાન્સ જાળવણીની ચુકવણી અને અન્ય ચાર્જ પાછળ થોડા વધારાના ખર્ચવા પડશે. મજાસ ખાતે ૫.૯૮ કરોડની કિંમતના આર્થિક રીતે નબળા વર્ગની શ્રેણી હેઠળના મોંઘા એપાર્ટમેન્ટ ખરીદવા માટે, અરજદારો પાસે ઓછામાં ઓછા ૫.૬૭ કરોડની બચત અથવા અનામત હોવી જરૂરી છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ભારતમાં

લવાયેલા શેરાને કોર્ટે પોલીસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચની એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ના ઘાટકોપર યુનિટે રવિવારે સલમાન સલીમ શેખ ઉર્ફે શેરાની ધરપકડ કરી હતી. ડ્રગ્સના કેસમાં શેરાની સંડોવણી સામે આવતાં તેની શોધ ચલાવાઈ રહી હતી. શેરા યુએઈમાં હોવાની માહિતી મળતાં તેની વિરુદ્ધ રેડ કૉર્નર નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હતી.

રેડ કૉર્નર નોટિસને આધારે યુએઈ પોલીસે ગયા સપ્તાહે શેરાને તાબામાં લીધો હતો. કેન્દ્રીય એજન્સી મારફત કાનૂની પ્રક્રિયા પૂરી કરી શેરાને રવિવારના મળસકે ભારત લાવવામાં આવ્યો હતો. બાદમાં શેરાને એએનસીના તાબામાં સોંપાયો હતો.

એએનસીના ડેપ્યુટી પોલીસ કમિશનર નવનાથ ઢવળેએ જણાવ્યું હતું કે મુંબઈ સેન્ટ્રલ પરિસરમાંથી જપ્ત કરાયેલા મેફેડ્રોન ડ્રગ (એમડી)ની તપાસ દરમિયાન શેરાનું નામ સામે આવ્યું હતું. એ કેસમાં અગાઉ ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

ઑગસ્ટ, ૨૦૨૨માં ઘાટકોપર યુનિટના અધિકારીઓ પેટ્રોલિંગ પર હતા ત્યારે માહિતીને આધારે મુંબઈ સેન્ટ્રલના બેલાસીસ રોડ પરથી મોહમ્મદ શાહરુખ મોહમ્મદ શફી શેખ (૨૮)ને પકડી પાડ્યો હતો. પૂછપરછમાં શેખે આપેલી માહિતીને આધારે તેના ત્રણ સાથીની પણ ધરપકડ કરાઈ હતી. આરોપીઓ પાસેથી એક કરોડ રૂપિયાનું એમડી અને ૧.૨૫ કરોડની રોકડ જપ્ત કરવામાં આવી હતી.આરોપીઓ પાસેથી જપ્ત કરવામાં આવેલું એમડી શેરાના હસ્તકો દ્વારા ચલાવાતા કારખાનામાંથી લાવવામાં આવ્યું હોવાનું તપાસમાં જણાયું હતું. શેરા યુએઈમાં બેસીને ભારતનાં અલગ અલગ શહેરોમાં ડ્રગ્સનું ઉત્પાદન કરતાં કારખાનાં ચલાવતો હતો. ચાર કેસમાં તેની સંડોવણી સામે આવી હતી.

કહેવાય છે કે ડોંગરીમાં ૨૦૧૫માં ડ્રગ્સ સાથે શેરા પકડાયો હતો. જામીન પર છૂટ્યા બાદ તે ફરાર થઈ ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૬ના અધિકારીઓએ ૨૦૨૩માં ૭૨.૬૨ લાખ રૂપિયાનું એમડી, કેટામાઈન અને ચરસ જપ્ત કર્યું ત્યારે શેરાનું નામ ફરી સંડોવાયું હતું. પછી તો અકોલા, તેલંગણા અને મૈસૂરમાંથી પકડાયેલાં કારખાનાં શેરાને ઇશારે ધમધમતાં હતાં, એવું તપાસમાં જણાયું હતું.છેલ્લા બે મહિનામાં વિદેશથી પ્રત્યર્પણ દ્વારા ભારત લાવવામાં આવેલો શેરા ચોથો આરોપી છે. આ પહેલાં ડ્રગ્સના કારોબારના મુખ્ય આરોપી સલીમ ડોલાના પુત્ર તાહિર સલીમ ડોલા, મુસ્તફા મોહમ્મદ કુબ્બાવાલા અને મોહમ્મદ સલીમ સોહેલ શેખને ભારત લાવવામાં આવ્યા હતા.

### મુંબઈમાં

મરાઠવાડામાં સરેરાશ સમુદ્રી સપાટીથી ૦.૯ કિલોમીટર ઉપર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. તેની અસર હેઠળ હવામાન ખાતાએ મુંબઈ સહિત રાજ્યમાં ગુરુવાર, છ નવેમ્બર, ૨૦૨૫ સુધી હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદની શક્યતા વ્યક્ત કરી છે, જેમાં રાયગડ, જળગાંવ, જાલના, છત્રપતિ સંભાજી નગર, પરભણી, બીડ, હિંગોલી, નાંદેડ, લાતુર, અકોલા, અમરાવતી, બુલઢાણા, ચંદ્રપુર અને ગઢચિરોલી,વાશિમ, યવતમાળ આ જિલ્લામાં યલો અલર્ટની ચેતવણી છે. હવામાન ખાતાના આંકડા મુજબ કોલાબામાં રવિવારે ૨૬.૨ મિ.મી. તો સાંતાક્રુઝમાં ૨૩.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. કોલાબામાં સરેરાશ કરતા ૭.૩ ડિગ્રી ઓછું તાપમાન નોંધાયું હતું. દિવસ દરમ્યાન કોલાબામાં મહત્તમ તાપમાન ૨૭.૦ અને સાંતાક્રુઝમાં ૨૯.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### મેટ્રો-થ્રીમાં

નવ ઑક્ટોબરથી મેટ્રો શરૂ થવાની સાથે જ પ્રવાસીઓની સંખ્યામાં પણ ધરખમ વધારો થયો હતો. કફ પરેડથી આરે વચ્ચે સંપૂર્ણ રૂટ પર મેટ્રો શરૂ થવાની સાથે જ પ્રવાસીઓની સંખ્યામાં પણ ઉછાળો આવ્યો હતો. મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશનના જણાવ્યા મુજબ દૈનિક સ્તરે દરરોજ સરેરાશ આ રૂટ પર દોઢેક લાખ લોકો પ્રવાસ કરે છે. ધીમે ધીમે આ રૂટ પર પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશને આપેલા આંકડા મુજબ આખા ઓક્ટોબર મહિનામાં આ રૂટ પર ૩૮,૬૩,૭૪૧ લોકો પ્રવાસ કર્યો હતો. તો નવ ઓક્ટોબરથી ત્રીજા તબક્કામાં મેટ્રો શરૂ થવાની સાથે જ નવ ઓક્ટોબરથી ૩૧ ઑક્ટોબર સુધીના સમયગાળામાં ૩૩,૩૩,૬૮૪ લોકોએ મેટ્રોમાં પ્રવાસ કર્યો હતો.

સોમવારથી શુક્રવાર દરમ્યાન આ રૂટ પર દૈનિક સ્તરે ૧,૪૧,૦૨૪ લોકો પ્રવાસ કરે છે. અત્યાર સુધી ઓક્ટોબરમાં એક જ દિવસમાં સૌથી વધુ પ્રવાસીની સંખ્યા ૧,૮૨,૪૬૧ રહી છે.

### HSC,SSC

www.mahahsscboard.in પર જોઈ શકશે. રાજ્ય સરકાર ધોરણ ૧૦ પછી કોલેજ, પોલીટેકનિક અને આઈટીઆઈ પ્રવેશ પ્રક્રિયા અને ધોરણ ૧૨ પછી વિવિધ અભ્યાસક્રમો માટે રાજ્ય સામાન્ય પ્રવેશ પરીક્ષા દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ સમયસર થાય અને વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ વહેલું શરૂ થાય તે માટે પ્રયાસો કરી રહી છે. આના ભાગરૂપે, ગયા વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ સમયસર શરૂ કરીને માર્ચના મધ્ય સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે પણ બોર્ડે આ જ અભિગમ અપનાવીને પરીક્ષાઓનું અંતિમ સમયપત્રક વહેલું જાહેર કર્યું છે. ધોરણ ૧૨ની પ્રેક્ટિકલ, ગ્રેડ, મૌખિક અને આંતરિક મૂલ્યાંકન પરીક્ષાઓ શુક્રવાર, ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬થી સોમવાર, ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લેવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, વિજ્ઞાન શાખાની પ્રેક્ટિકલ પરીક્ષાઓ, વાણિજ્ય શાખાની પ્રોજેક્ટ મૂલ્યાંકન અને કલા શાખાની મૌખિક પરીક્ષાઓ પૂર્ણ કરવામાં આવશે. ધોરણ ૧૦ની પ્રેક્ટિકલ, ગ્રેડ, મૌખિક અને આંતરિક મૂલ્યાંકન પરીક્ષાઓ સોમવાર, બીજી ફેબ્રુઆરી, ૨૦૨૬થી બુધવાર, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લેવામાં આવશે.

આ દરમિયાન, શારીરિક શિક્ષણ, આરોગ્ય, ગૃહવિજ્ઞાન અને કલા વિષયોની મૂલ્યાંકન પરીક્ષાઓ શાળા સ્તરે લેવામાં આવશે. વિષયવાર સમયપત્રક અને સૂચનાઓ બોર્ડની વેબસાઇટ www.mahahsscboard.in પર જોઈ શકાશે, બોર્ડના સચિવ દીપક માળીએ માહિતી આપી હતી.

રાજ્ય બોર્ડે ૧૦મી અને ૧૨મી પરીક્ષાઓ માટે પાત્ર વિદ્યાર્થીઓ માટે નોંધણી ફોર્મ નંબર ૧૭ સબમિટ કરવા અંગે એક મહત્વપૂર્ણ સૂચના જારી કરી છે. લેટ ફી સાથે અરજીઓ દાખલ કરવાનો સમયગાળો શનિવાર, પહેલી નવેમ્બર, ૨૦૨૫થી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી છે. પ્રતિ વિદ્યાર્થી પ્રતિ દિવસ ૨૦ રૂપિયા લેટ ફી લેવામાં આવશે. આ સમયગાળા પછી કોઈપણ સંજોગોમાં અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

### આરે, વાકોલા

માટે વિગતવાર પ્રોજેક્ટનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. માહુલ સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન ઊભો કરવાનું કામ ઝડપી ગતીએ ચાલી રહ્યું છે અને બહુ જલદી દહિસર નદી અને પોઈસર નદીના કાંઠા પર સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઊભા કરવાનું કામ હાથ ધરવાની પાલિકાની યોજના હોવાનું તેમણે જણાવ્યું હતું.

### એન્કાઉન્ટર નહીં

ફરજ બજાવતો હતો. છેલ્લાં ૧૦ વર્ષથી તે મુંબઈ પોલીસમાં ફરજ બજાવે છે. ગનનો ઉપયોગ કેવી રીતે અને ક્યારે કરવો તેની તાલીમ મેળવેલો અધિકારી છે વાઘમારે. બાળકોને છોડાવવા માટે વાઘમારે બે કોન્સ્ટેબલ સાથે સ્ટુડિયોમાં પ્રવેશ્યો હતો. બન્ને કોન્સ્ટેબલ પાસે લાકડી હતી, જ્યારે માત્ર તેની પાસે જ પિસ્તોલ હતી, જેમાં દસ બૂલેટ ભરેલી મૅગેઝિન હતી. પોલીસની ટીમ બાથરૂમની બારીમાંથી સ્ટુડિયોમાં પ્રવેશી હતી. બાથરૂમનો ડક એરિયા એટલો સાંકડો છે કે એક સમયે માત્ર એક જ વ્યક્તિ તેમાંથી પસાર થઈ શકે. જાડી વ્યક્તિનું એ ડકમાંથી પસાર થવું મુશ્કેલ છે. શારીરિક રીતે ફિટ વાઘમારે બે કૃશ શરીરવાળા કોન્સ્ટેબલ સાથે બારીમાંથી પ્રવેશ્યો હતો.

વાઘમારેએ સ્પષ્ટતા કરી હતી કે અમે સ્ટુડિયોમાં પ્રવેશ્યા ત્યારે આર્યએ ગનમાંથી અમારી તરફ ફાયર કર્યું હતું. તે સમયે અમને ખબર નહોતી કે ઍરગન છે. આર્યના હાથમાં પિસ્તોલ હોવાનું માની કટોકટીની એ પળે બાળકોને બચાવવાનો વિચાર મનમાં હોવાથી મારે ગોળી ચલાવવી પડી. જોકે આર્ય જમીન પર ફસડાઈ પડ્યા પછી અમે બધી રૂમમાં તપાસ કરી હતી, જેથી તેનો કોઈ સાથી સંતાયેલો નથીને? પછી અમે પોલીસ હોઈ બચાવવા આવ્યા છીએ... ડરવાની જરૂર નથી, એવું કહી બાળકોને સમજાવ્યા હતા. પછી તાત્કાલિક આર્યને હૉસ્પિટલ લઈ જવાયો હતો, જેથી તેનો જીવ બચાવી શકાય, પણ તે બચી શક્યો નહોતો, એવું વાઘમારેનું કહેવું છે.

### રહેવાસીઓએ

દીધો હોઈ એ બાબતે સ્થાનિક નાગરિકોએ અનેક વખત પાલિકા પ્રશાસનને ફરિયાદ પણ કરી હોવાનું કહેવાય છે. છેવટે કંટાળેલા સ્થાનિક નાગરિકો દ્વારા 'એ' વોર્ડની ઓફિસને શુક્રવારે પત્ર લખવામાં આવ્યો હતો. પાલિકાને લખવામાં આવેલા પત્રમાં નાગરિકોએ પોતાની વ્યથા ઠાલવતા કહ્યું હતું કે કોલાબા કોઝવે પર ૫૦ ટકાથી વધુ સ્ટોલ ગેરકાયદે છે અને અતિક્રમણને કારણે ફૂટપાથ પૂર્ણ રીતે રાહદારીઓને ચાલવાને યોગ્ય રહ્યા નથી અને રાહદારીઓ પણ તેને કારણે અસુરક્ષિતતા અનુભવી રહ્યો છે.

કોલાબાના ભૂતપૂર્વ નગરસેવક મકરંદ નાર્વેકરે જણાવ્યું હતું કે પત્રમાં સુધરાઈને આગામી સાત દિવસની મુદત આપી છે. આ સમયમાં દરમ્યાન ફેરિયાઓને હટાવવામાં નહીં આવે તો 'એ' વોર્ડ ઓફિસ સામે સ્થાનિક રહેવાસીઓ સ્ટોલ લગાવશે. પત્ર મળવાના એક અઠવાડિયાની અંદર ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ પાલિકાએ કાર્યવાહી કરીને તમામ સ્ટોલ અને અતિક્રમણ કાઢીને ફૂટપાથ જનતા માટે ચાલવા યોગ્ય બનાવવાની માગણી પણ કરવામાં આવી છે. રહેવાસીઓના દાવા મુજબ વધતા અતિક્રમણને કારણે દક્ષિણ મુંબઈમાં તમામ પ્રખ્યાત શોપિંગ પટ્ટાઓ અસુરક્ષિત બની રહ્યા છે. ફૂટપાથ પર સંપૂર્ણપણે ફેરિયાઓએ કબજો જમાવી દીધો હોવાથી લોકોને રસ્તા પરથી ચાલવું પડે છે, જે વરિષ્ઠ નાગરિકો માટે વાહનોની સંખ્યાને જોતા જોખમી બની શકે છે.

### સત્યાચા

મુદ્દે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના નેતા સંદીપ દેશપાંડેએ પોલીસની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે અમે આંદોલન કર્યું હતું અને અમારી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. ઠીક છે, પરંતુ ભાજપે પણ વગર પરવાનગીએ મોરચો કાઢ્યો હતો, તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો? બીજી તરફ ભાજપે બંને નેતાઓને જવાબ આપતાં કહ્યું હતું કે ભાજપનું આંદોલન શાંતીપુર્ણ હતું. ક્યાંય ટ્રાફિક જૅમ થયો નહોતો. સામાન્ય લોકોને કોઈ તકલીફનો સામનો કરવો પડ્યો નહોતો. તેમણે એમ પણ કહ્યું હતું કે જે લોકોએ મુંબઈગરાને બાન પકડ્યા હતા, તેમને તકલીફ પડે એવું કૃત્ય કર્યું હતું તેમની સામે જ ગુના નોંધવામાં આવ્યા હતા.

## હિન્દુ મરણ

અમરેલીવાળા હાલ મુંબઇ સ્વ. શાંતાબેન કાંતિલાલ ગાંધીના પુત્રવધૂ અ.સૌ. રુપા (ઉં. વ. ૬૮) તે પ્રવીણ કાંતિલાલ ગાંધીના ધર્મપત્ની. તે સાવરકુંડલાવાળા સ્વ. પ્રતાપરાય જેન્તીલાલ સંઘવીના પુત્રી. તે મોસાળ પક્ષે રાજુલાવાળા સ્વ. પ્રાણલાલ નંદલાલ વોરા તથા નવાપુરવાળા સ્વ. જયંતીલાલ ઘેલાભાઇ શાહની ભાણેજ તા. ૧-૧૧-૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ગામ માંગરોળ હાલ વસઈ વેસ્ટ સ્વ. તારાબેન અને સ્વ. પ્રાણજીવનભાઈ વૃંદાવનભાઈ ટીકડીયાના પુત્ર સ્વઃ પ્રણયભાઈ પ્રાણજીવનભાઈ ટીકડીયા (ઉં. વ.૪૨) તેમનો સ્વર્ગવાસ ૧/૧૧/૨૫ શનિવારના થયેલ છે. દિવ્યાબેનના પતિ. જયના પિતા. ચેતન ટીકડીયાના નાના ભાઈ. અસ્મિતાબેન જગદીશભાઈ સોલંકીના જમાઈ. તેમની પ્રાર્થના સભા ૩/૧૧/૨૫ના સમય ૪ થી ૬. ઠે. અમૃતબાગ, બજાજ રોડ,વિલેપાર્લે, વેસ્ટ.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગં. સ્વ. જોશી અરુણાબેન છાંગાણી (ઉં. વ. ૬૮) ગામ માંડવી હાલ ઘાટકોપર મુંબઇ તા. ૧-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. સ્વ. હીરાગૌરી વસંતરાય મણીશંકર જોશી ચક્રમંધરા કોઠારાવાળાના પુત્રી. સ્વ. શારદાબેન ફૂલશંકર કાંતિલાલ છાંગાણીના પુત્રવધૂ. સ્વ. જગદીશ ફૂલશંકર છાંગાણીના ધર્મપત્ની. સ્વ. દિનેશ, જનક અને અ. સૌ. પ્રીતિબેન હરેશભાઇ ભગવાનદાસ રતનેશ્વરના ભાભી. કૃણાલમા માતોશ્રી ડિમ્પલબેનના સાસુ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૧૧-૨૫ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ઘેડ માધવપુર હાલ મુંબઇ અરવિંદભાઇ રંગપરીયા (ઉં.વ. ૮૨) તા. ૨-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. લીલાવંતીબેન કાકુભાઇના દીકરા. સ્વ. દીપકભાઇ અને કલ્પનાબેનના ભાઇ. નીતાબેનના જેઠ. સની અને કીરાલીના અદા. કાજલ રંગપરીયા અને હર્ષ બાટવીયાના મોટા સસરા. નિષ્કા અને શિવાયના મોટા દાદા. ઠે. શાંતિકુંજ કો.ઓપ.સોસા.એમ.જી. રોડ,ડોમિનોઝ પીઝા, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ વૈષ્ણવ**

રાજુલાવાળા હાલ કાંદિવલી સ્વ. વિઠલદાસ અને ચંદ્રભાગા-ભુતાના પુત્ર. વસંતરાય ભુતા (ઉં.વ.૯૩) તા. ૨૯-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ચારૂબહેનના પતિ. સ્વાતિ, હેમાંગીની (હિના), વિપુલ ભુતાના પિતા. સંજય, ઉદય તથા હેતલના સસરા. સ્વ. દ્વારકાદાસ, જયકિશનદાસ મુકુંદરાય, શાંતાબેન, નલિનીબેનના ભાઇ. સ્વ. લલિતબેન છોટાલાલ ગાંધીના જમાઇ. સ્વ. રમેશભાઇ, શિરીષભાઇ, દિનેશભાઇ, દેવીબેનના બનેવી શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૧૧-૨૫ના વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (પશ્ચિમ), સાંજે ૫.૩૦થી ૭. લૌકિક પ્રથા બંધ છે.

**હરસોલા વૈષ્ણવ વણિક**

તલોદના વતની હાલ ઘાટકોપર હસમુખભાઇ મોહનલાલ શાહ (ઉં. વ. ૮૦) શનિવાર તા. ૧-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ડાહીબેન અને સ્વ. મોહનલાલ જયચંદ શાહના સુપુત્ર. સ્વ. ચીમનલાલ હીરાચંદ શાહના જમાઇ. તે સરલાના પતિ. કુલીન, પરાગના પિતાશ્રી. અલ્પા અને કિરણનાં સસરા, વિનોદચંદ્ર, પુષ્પાબેન, નરેન્દ્ર, કૃષ્ણાબેન, સ્મિતાના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૪-૧૧-૨૫ના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**મચ્છુકઠિયા સઇ સુતાર જ્ઞાતિ**

ગામ ઢોલેરા હાલ મલાડ (ઇસ્ટ)ના સ્વ. વિનોદભાઇ વ્રજલાલ યાદવના પુત્ર ભાવિક યાદવ (ઉં.વ.૩૩) તા. ૨૯-૧૦-૨૫ના જૂનાગઢમાં શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વ્રજલાલ યાદવના પુત્ર મનીષભાઇ વ્રજલાલ યાદવ (ઉં. વ. ૫૬) તા. ૩૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. ભાવિક મીનાબેન, વિનોદભાઇ યાદવના પુત્ર. વિજય, વીકીના ભાઇ. મનીષભાઇ, સ્વ. વિનોદભાઇ વ્રજલાલ યાદવના ભાઇ. દિવ્યાબેન વિનોદકુમાર ચૌહાણ અને દિપાબેન પ્રકાશકુમાર ટંકારીયાના મનીષભાઇ ભાઇ અને ભાવિકના ભત્રીજા. કાકા અને ભત્રીજા. બન્નેની સાદડી-બેસણું એક સાથે તા. ૩-૧૧-૨૫ સોમવારે ૪થી ૬. ઠે. કે. ડી. હાઇટ્સ-૨, ૮મે માળે, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, કાઠીયાવાડી ચોક, મલાડ (ઇસ્ટ).

**ખંભાત દશા મોઢ વણિક**

સુનિતા શાહ (ઉં.વ.૭૦), હાલ વાપી, શનિવાર ૧-૧૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અજીતભાઈ શાહના પત્ની. સ્વ. હંસાબેન રતિલાલ શાહના પુત્રવધૂ. સ્વ. શારદાબેન સુરેશચંદ્ર વોરાના દીકરી. મયુરિ, કેયુરનાના મમ્મી. કામિનીની સાસુ. વિધિના દાદી. પ્રથમના નાની. લૌકીક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

મૂળ ગામ જામખંભાળિયા, હાલ મુંબઈ સ્વ. દ્વારકાદાસ વલ્લભદાસ ચીખલ અને સ્વ.વ્રજકુંવરબાઈ દ્વારકાદાસ ચીખલના સુપુત્ર નિરંજન દ્વારકાદાસ ચીખલ (ઉં.વ.૭૩) સ્વ.ઠાકરસીભાઈ પમાણીના જમાઈ. સ્વ.રીટાબેનના પતિ. સ્વ. સુરેશભાઈ, બિપિનભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, સ્વ. જયસિંહભાઈ, મુકુંદભાઈ અને જ્યોતિબેનના ભાઈ. પ્રતિક-ફોરમ, કાર્તિક-ઉન્નતિ અને પારસના પિતા. અનય અને વ્યોમના દાદા. ૩૧-૧૦-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૩.૧૧.૨૫, ૪:૩૦ થી ૬. ઠે. વ્રજભૂમિ, કસ્તુરબા રોડ નં.૧, ચામુંડા ધામ બિલ્ડીંગની સામે, બોરીવલી-(પૂર્વ).

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

જેતપુર નિવાસી હાલ મુંબઈ સ્વ. કાન્તાબેન હકમીચંદ મોનજી જગડના પુત્ર ધીરજલાલ (ઉં.વ.૮૩) ૩૦-૧૦-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હંસાબેનના પતિ. સ્વ. દિલીપભાઈ, સ્વ. જીતુભાઈ, પ્રકાશભાઈના મોટાભાઈ. ચેતન, રાજુ, હર્ષા યોગેશકુમાર ગરાછ, અલકા કૌશિકકુમાર કપૂરના પિતા. ગં.સ્વ. નિર્મળાબેન દિનકરરાવ લોયા, ગં.સ્વ. શારદાબેન મનસુખલાલ નિર્મળ, નીતાબેન ચન્દ્રકાન્ત બોસમીયાના ભાઈ. ભિવંડી નિવાસી સ્વ. હિંમતલાલ મણીલાલ તેતરના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩-૧૧-૨૫ના રોજ સાંજે ૪થી ૬. ઠેઃ સોરઠિયા બ્રહ્મક્ષત્રિય પંચની વાડી, ઉજી પાંજરાપોળ, સી.પી. ટેન્ક, મુંબઈ-૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રૂક્ષ્મણીબેન શિવજી કતિરા, કચ્છ ગામ ખારી રોહર, હાલે ઘાટકોપરના સુપુત્ર કિશોર શિવજી કતિરા (ઠક્કર), (ઉં. વ. ૭૬), તે પુષ્પાબેનના પતિ ૨.૧૧.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રીટા અને પ્રણવ ના પિતાશ્રી. તે સ્નેહલભાઈ અને વૈશાલીના સસરા. તે સ્વ. રાધાબેન નરોત્તમભાઈ, ગં. સરલાબેન રતનશીભાઈ, સ્વ. શાંતાબેન તુલસીદાસ ભાટેના ભાઈ. તે સ્વ. કાશીબેન ચત્રભુજ લીલાધર ચંદે ગામ મોટા લાયેજાવાળાના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર ૩.૧૧.૨૫ ના સાંજે. ૫.૩૦ થી ૭, સ્થળઃ લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ). લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**લુહાર સુતાર**

ગામ સાવરકુંડલા હાલ મલાડ દલસુખભાઈ કલ્યાણભાઈ પરમાર (ઉં.વ.૮૬) ગુરુવાર ૩૦-૧૦-૨૫ના રામચરણ પામેલ છે. તેઓ મંગળાબેનના પતિ. વિજય, દિલીપ, ભાવેષ તથા રીટાબેન પ્રકાશકુમાર ડોડીયાના પિતાશ્રી. તે દશેનાબેન, આરતીબેન, પૂજાબેનના સસરા. સ્વ. બાલુભાઈ, નંદલાલ ભાઈ, સ્વ. જયંતિભાઈ, પ્રભુભાઈ, શાંતિભાઈ તથા સ્વ. હિરાબેન વાલજીભાઈ મકવાણા, સ્વ. ચંપાબેન દુર્લભજીભાઈ મકવાણા, જયાબેન જયંતિભાઈ સિદ્ધપુરા તથા હેમલતાબેન જયંતિભાઈ ડોડીયાના ભાઈ. તે ઉમરાળાવાળા સ્વ. દેવજીભાઈ કાનજીભાઈ રાઠોડના જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર ૩-૧૧-૨૫ના સાંજે ૫ થી ૭. ઠે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, અંબાજી મંદિર પાસે, કાટેર રોડ નં. ૩, બોરીવલી પૂર્વ, મુંબઈ - ૬૬

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી-ઘાટકોપર નિવાસી હાલ યુએસએ (સારાટોગા કેલિફોર્નિયા) કાંતિભાઇ હરિલાલ ખોખાણી મંગળવાર તા. ૨૮-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન તથા સ્વ. હરીલાલ ખોખાણીના પુત્ર. તે સ્વ. સાકરબેન તથા પ્રેમજી ઘેલાભાઇ શાહના જમાઇ. તે સ્વ. પલ્લવીબેન ખોખાણીના પતિ. તે નિર્વાણ ખોખાણી અને અર્ચના ખોખાણીના પિતા. તે સ્વ. રમેશભાઇ, સ્વ. નવનીતભાઇ, સ્વ. વિનુભાઇ, સ્વ. આશાબેન સનતભાઇ કોઠારી, સ્વ. નલીનીબેન રસિકભાઇ પંચમિયા, નિલમબેન રામજીભાઇ શાહના ભાઇ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ વસઇ સ્વ.બીપીનચંદ્ર પાનાચંદ ગાંધીના પુત્ર હિતેશભાઇ (ઉં. વ. ૪૭) તા. ૩૧-૧૦-૨૫ શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે અલકા ગાંધીના પતિ. તીર્થાના પિતા. હંસાબેન કિરણભાઇ મહેતાના જમાઇ. નૂતન ઉમેશભાઇ, દેવાંગ, કવિતા, નિર્મલના ભાઇ. સાઇલી તથા શિવાની ઉમેશભાઇ સુર્વેના મામા. પ્રાર્થનાસભા તા. ૩-૧૧-૨૫ સોમવારે સાંજે ૪થી ૫.૩૦. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડી મહાદેવપુરીના મણીલાલ વેલજી (ખીમજી) ગાલા (ઉં.વ.૭૨) ૩૦-૧૦-૨૫ના અવસાન પામેલ છે. તે લક્ષ્મીબેન વેલજી ચનાના સુપુત્ર. પુષ્પાબેનના પતિ. મીતા, અંકિતા, ભાવિકના પિતા. નાગ્રેચાના પાનબાઈ મેઘજી વેરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. નિ. મણીલાલ વેલજી ગાલા, ૭૦૧, શ્રીનાથ ટાવર, સાને ગુરુજી નગર, મુલુંડ (ઈ).

બાડાના શાંતિલાલ વિશનજી પાલણ ગડા (ઉં.વ. ૭૧) ૩૧-૧૦-૨૫ના રોજ અરિહંતશરણ પામ્યા છે. મણીબેન વિશનજી પાલણના પુત્ર. લતાબેનના પતિ. ગોધરા લક્ષ્મીબેન નાગજી શિવજીના જમાઇ. સ્વ. અમિત, પૂજાના પિતા. કવિતા, મહેન્દ્રના મોટાભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિ. લતા ગડા, બી/૧૦૧, ત્રિવેણી રેસીડેન્સી, એસ.આર.પી. ગેટની બાજુમાં, આર.વી. દેસાઈ રોડ, વડોદરા - ૩૯૦૦૦૧.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પચ્છેગામ નિવાસી હાલ મુલુંડ સ્વ. કપૂરચંદ જીવણલાલ શાહના પુત્ર હિંમતલાલ (ઉં.વ.૮૪) ૨.૧૧.૨૫ ને રવિવારના અરિહંત શરણ પામેલ છે. તેઓ હીરાલક્ષ્મીબેનના પતિ. સ્વ.જીજ્ઞેશ, સંગીતા, કાશ્મીરા અને નીપાના પિતા. ડિમ્પલ, સમીરકુમાર, ગિરીશકુમાર અને મયુરકુમારના સસરા. સ્વ. બાબુલાલ, સ્વ. રસિકલાલ, સ્વ. જશીબેન કાંતિલાલ, સ્વ. મધુબેન નટવરલાલ, સ્વ. જયાબેન મધુસૂદન, સ્વ. કમુબેન જાધવજીભાઈ અને લલિતાબેન ભૂપતરાયના ભાઈ. પિયર પક્ષે. પોપટલાલ જેચંદ શાહ (ખારાવાળા) ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

### ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ**

ગંગાસાગર જગન્નાથપુરી, કેરેલા + દક્ષિણ, નેપાળ મુક્તિનાથ યુપી પુલ્હાશ્રમ. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૪૦૧-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)**

(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુનાત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુક્તી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




**BOOK YOUR CABIN NOW!**
For Bookings & Business Collaborations: +91 98199 57598 | +91 90049 95154

# બીજા ત્રિમાસિકગાળાના પરિણામો, આર્થિક ડેટાઓ અને વિશ્વ બજારના વલણ પર સ્થાનિક બજારની વધઘટનો આધાર

નવી દિલ્હીઃ શેષ કંપનીઓનાં જાહેર થનારા ત્રિમાસિકગાળાના પરિણામો, આર્થિક ડેટાઓની જાહેરાત અને વૈશ્વિક બજારનાં વલણ પર સ્થાનિક બજારની વધઘટ અવલંબિત રહેશે, જોકે, આ સપ્તાહ માત્ર ચાર જ સત્રનું રહેશે કેમ કે આગામી બુધવારે બજાર ગુરુ નાનક જયંતી નિમિત્તે જાહેર રજા હોવાથી બંધ રહેનાર છે. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહ દરમિયાન બૉમ્બે સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૦.૩૨ ટકાનો અથવા તો ૨૭૩.૧૭ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૦.૨૮ ટકાનો અથવા તો ૭૩.૦૫ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો.

એકંદરે ચાર સત્રના સપ્તાહમાં સપ્ટેમ્બર અંતના બીજા ત્રિમાસિકગાળાના પરિણામો ઉપરાંત ઉત્પાદન તથા સર્વિસીસના પીએમઆઈનાં આર્થિક ડેટાઓ જાહેર થવાના છે. તેમ જ ગત શનિવારે વિવિધ ઑટોમોબાઈલ કંપનીઓનાં વેચાણનાં ડેટાઓની થયેલી જાહેરાતને બજાર કેવો પ્રતિસાદ આપે છે તે જોવું રસપ્રદ રહેશે.

નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહ દરમિયાન ઘણી ઈન્ડેક્સ હેવીવેઈટ કંપનીઓનો તેનાં પરિણામોની જાહેરાત કરશે, જેમાં મુખ્યત્વે ભારતી એરટેલ, ટિટાન કંપની, અદાણી એન્ટરપ્રાઈસીસ, અદાણી પોર્ટસ, ઈન્ટરગ્લોબ એવિયેશન, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રા, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, લ્યુપીન, બજાજ ઑટો અને હિન્દાલ્કોનો સમાવેશ થાય છે, એમ રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગનાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું. વધુમાં બજાર વર્તુળોની નજર વૈશ્વિક સ્તરે ટ્રેડ ડીલના અહેવાલોને ધ્યાનમાં રાખીને વિશ્વ બજારના વલણ પર રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સપ્તાહ દરમિયાન લે-વેચ કેવી રહે છે તેના પર બજારની નજર રહેશે, એમ અન્ય એક નિષ્ણાતે જણાવતા ઉમેર્યું હતું કે ગત ઑક્ટોબર મહિનામાં સતત ત્રણ મહિના સુધી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ચોખ્ખી વેચવાલી રહ્યા બાદ પહેલી વખત રૂ. ૧૪,૬૧૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

એકંદરે સપ્તાહ દરમિયાન ઉત્પાદન તથા સર્વિસીસનાં પીએમઆઈ ડેટાની જાહેરાત ઉપરાંત અન્ય મોટા અર્થતંત્રોના આર્થિક વૃદ્ધિનાં ડેટા આવવાના છે. તેમ જ સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયામાં કેવી વધઘટ રહે છે તેનાં પર પણ બજારની વધઘટ અવલંબિત રહેશે, એમ ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટૅક ફર્મ એન્રિચ મનીનાં સીઈઓ પોન્મુડી આર એ જણાવ્યું હતું.

વધુમાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે ગત ઑક્ટોબર મહિનામાં ભારતીય બજારમાં અમુક રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સુધારો ધોવાઈ ગયો હતો. જોકે, હવે આગામી સપ્તાહે બજારની નજર અમેરિકા-ભારત વચ્ચેની વેપાર વાટાઘાટ તથા અમેરિકા-ચીનની ટ્રેડ ડીલ પર અને વિવિધ કંપનીઓનાં જાહેર થનારા સપ્ટેમ્બર અંતના ત્રિમાસિકગાળાના પરિણામો પર મંડાયેલી રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

# સ્ટીલની આયાત વધતાં વધુ નિયંત્રાત્મક પગલાંની ઉત્પાદકોની માગ

નવી દિલ્હીઃ ચીન સહિતનાં ચોક્કસ દેશોએ ગત જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન સ્થાનિક ઉત્પાદનની સરખામણીમાં છ ગણું ૭૪.૬૩ કરોડ ટનનું ઉત્પાદન કર્યું હોવાથી સ્થાનિક સ્ટીલ ઉત્પાદકોએ ચીન સહિતના દેશોથી થતી આયાત અંકુશમાં રાખવા માટે નિયંત્રાત્મક પગલાં લેવાનો સરકારને અનુરોધ કર્યો છે.

વૈશ્વિક સંસ્થા વર્લ્ડ સ્ટીલ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન ભારતનું ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન ૧૨.૨૪ કરોડનું થયું છે, જ્યારે ચીનનું માત્ર સપ્ટેમ્બર મહિનામાં ઉત્પાદન ૭.૩૫ કરોડ ટનનું રહ્યું છે જે આપણા સ્થાનિક ૧.૩૬ કરોડ ટનના ઉત્પાદનની તુલનામાં પાંચ ગણું વધુ છે.

બજારની આંકડાકીય માહિતી અનુસાર સ્ટેઈનલેસ સ્ટીલનું ઉત્પાદન પણ પૂર્ણ અથવા તો ૧૦૦ ટકા ૭૫ લાખ ટનની ઉત્પાદન ક્ષમતા સુધી પહોંચે તેમ નથી અને આયાતની અસરને કારણે ક્ષમતા પૈકી વપરાશ ૬૦ ટકા જેટલો જ રહેશે. જોકે, સરકારે સ્થાનિક સ્ટીલ ઉત્પાદકોની સ્પર્ધાત્મકતા માટે આયાત નિયંત્રણમાં રાખવા ઘણાં પગલાં લીધા છે.

છેલ્લાં અમુક વર્ષોમાં સ્ટીલ મંત્રાલયે ૧૦૦ કરતાં વધુ ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર જારી કર્યા છે જેથી બિસ (બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ) સિવાયનાં સ્ટીલ ઉત્પાદનો ભારતીય બજારમાં આવતા અટકે. વધુમાં ગત જૂન મહિનાના ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડરમાં અમુક સ્ટીલ ઉત્પાદનોનાં ઈનપૂટ્સ પર પણ નિયંત્રણ લાદવામાં આવ્યા હતા. તેમ જ હલકા અને સસ્તા મટિરિયલની આયાત થકી થતી આવક અટકાવવા સમયાંતરે ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડરની મુદત વધારવામાં આવી રહી હોવાનું એક ઉદ્યોગના એક ખેલાડીએ જણાવ્યું હતું.

વધુમાં ગત માર્ચ મહિનામાં વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ સ્થાનિક ઉત્પાદકોના હિત જાળવવા માટે અમુક સ્ટીલ ઉત્પાદનો પર ૨૦૦ દિવસ સુધી ૧૨ ટકા પ્રોવિઝનલ સેફગાર્ડ ડ્યૂટી લાદવાની ભલામણ કરી હતી. જોકે, ત્યાર બાદ સ્ટીલ ઉદ્યોગે તેમની સમસ્યાનો ઉકેલ ન આવ્યો હોવાથી સ્ટેઈનલેસ સ્ટીલની આયાત અંગે તપાસ હાથ ધરવાનો સરકારને અનુરોધ કર્યો હતો. જોકે, આગામી સપ્તાહે નિતિ આયોગની ઉચ્ચ સ્તરીય સમિતિની આયાતના મુદ્દે એક બેઠક યોજાવાની હોવાનું સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.

બિગ મિન્ટનાં અહેવાલ અનુસાર તાજેતરમાં આયાતમાં થયેલા વધારા ઉપરાંત અન્ય કારણોસર ગત ઑક્ટોબર મહિનામાં દેશમાં સ્ટીલનાં ભાવ પાંચ વર્ષના તળિયે પહોંચ્યા છે. આ ઉપરાંત રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ પણ સસ્તા ભાવથી થતી સ્ટીલની આયાત સામે ચિંતા વ્યક્ત કરી છે અને સ્થાનિકમાં સ્ટીલના ઉત્પાદનમાં વધારો અને ઉદ્યોગમાં સ્પર્ધાત્મકતા વધારવા માટે ઉદ્યોગને નીતિવિષયક ટેકો આપવા માટે જણાવ્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં દેશમાં સ્ટીલની આયાત આગલા ઑગસ્ટ મહિનાના ૬.૯ લાખ ટન સામે વધીને ૭.૯ લાખ ટની સપાટીએ રહી હતી તેમ જ સતત છઠ્ઠા મહિનામાં દેશ સ્ટીલનો ચોખ્ખો આયાતકાર દેશ રહ્યો હતો. ઑક્ટોબરમાં દેશમાં સ્ટીલની આયાત મુખ્યત્વે કોરિયા, રશિયા અને ઈન્ડોનેશિયાથી આયાતમાં વધારો થયો છે, જ્યારે ચીન, જાપાન, વિયેટનામ, થાઈલેન્ડ અને તાઈવાનથી થતી આયાતમાં સપ્ટેમ્બરની સરખામણીમાં ઘટાડો થયો હતો.

# પીળા વટાણાની આયાત પર 30 ટકા ડ્યૂટી

નવી મુંબઈઃ તાજેતરમાં કેન્દ્ર સરકારે પીળા વટાણાની આયાત પર ૩૦ ટકા ડ્યૂટી લાદવાનો નિર્ણય લીધો છે. નવી મુંબઈ સ્થિત ગ્રેઈન રાઈસ ઍન્ડ ઑઈલસીડ્સ મર્ચન્ટ્સ એસોસિયેશન (ગ્રોમા) દ્વારા રાષ્ટ્રીય વેપારી કલ્યાણ બોર્ડમાં સ્થાનિક વેપારીઓના હિતને ધ્યાનમાં રાખીને પીળા વટાણાની આયાત સામે ૫૦ ટકા ડ્યૂટી લાદવા માટે અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી.

સરકારના આ નિર્ણયને આવકારતા ગ્રોમાના પ્રમુખ ભીમજીભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું કે સરકારની ડ્યૂટીમુક્ત આયાતની નીતિને કારણે સ્થાનિક સ્તરે પીળા વટાણાના ભાવ ૨૫થી ૪૦ ટકા જેટલા ઘટી આવ્યા હોવાથી ખેડૂતો અને વેપારીઓને ભારે નુકસાન ભોગવવું પડતું હોવાથી અમે પીળા વટાણાની આયાત પર ૫૦ ટકા ડ્યૂટી લાદવાનો કેન્દ્ર સરકારને રૂબરૂ તેમ જ લેખિતમાં અનુરોધ કર્યો હતો.

# ત્રણ મહિનાની સતત વેચવાલી બાદ ઑક્ટોબરમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ₹ ૧૪,૬૧૦ કરોડની ચોખ્ખી લેવાલી

નવી દિલ્હીઃ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ સતત ત્રણ મહિના સુધી ભારતીય બજારમાંથી નાણાં પાછા ખેંચ્યા બાદ ખાસ કરીને જાહેર થયેલા પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામો, અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા કરવામાં આવેલો રેટ કટ અને અમેરિકા ભારત વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ સાથે ગત ઑક્ટોબર મહિનામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (વિદેશી સંસ્થાકીય રોકાણકારોની) ઈક્વિટીમાં રૂ. ૧૪,૬૧૦ કરોડની ચોખ્ખી લેવાલી જોવા મળી હતી.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો ઈક્વિટીમાં અગાઉ જુલાઈ મહિનામાં રૂ. ૧૭,૭૦૦ કરોડનો, ઑગસ્ટ મહિનામાં રૂ. ૩૪,૯૯૦ કરોડનો અને સપ્ટેમ્બર મહિનામાં રૂ. ૨૩,૮૮૫ કરોડનો ચોખ્ખો બાહ્યપ્રવાહ રહ્યો હોવાનું ડિપોઝીટરીઝે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી જોવા મળી હોવા છતાં વર્તમાન કૅલૅન્ડર વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં એફપીઆઈએ રૂ. ૧.૪ લાખ કરોડ પાછાં ખેંચ્યા છે. આ સિવાય ગત ઑક્ટોબર મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ડેબ્ટ માર્કેટમાં જનરલ લિમિટમાં રૂ. ૩૫૦૭ કરોડનું રોકાણ કર્યું હતું, જ્યારે વૉલન્ટરી રિટેન્શનલ રૂટમાં રૂ. ૪૨૭ કરોડ પાછાં ખેંચ્યા હતા.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોના બદલાયેલા વલણ અંગે મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાનાં રિસર્ચ મેનેજર હિમાંશુ શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ઓછા થયેલા જોખમી પરિબળો અને તાજેતરમાં બજારમાં જોવા મળેલા ઘટાડા પશ્ચાત્ શૅરોના આકર્ષક વૅલ્યુએશન્સ અને અમુક મુખ્ય ક્ષેત્રોનાં કોર્પોરેટ પરિણામો એકંદરે સારા આવ્યા હોવાથી એફપીઆઈના વલણમાં બદલાવ આવ્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં ફુગાવામાં ઘટાડો જોવા મળ્યો હોવાથી વ્યાજદર વધુ હળવા થવાની શક્યતા તેમ જ સ્થાનિક સ્તરે જીએસટી ૨.૦ હેઠળ જીએસટીના દર તાર્કિક થવાથી માગને ટેકો મળે તેમ હોવાથી રોકાણકારોના વિશ્વાસમાં વધારો થયો છે. તે જ પ્રમાણે એન્જલ વનના ફંડામેન્ટલ એનાલિસ્ટ વકારજાવેદ ખાને જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિકગાળાના પ્રોત્સાહક પરિણામો, ફેડરલ દ્વારા વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ અને ટૂંક સમયમાં ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થવાની શક્યતાને ધ્યાનમાં લેતા વિદેશી ફંડોના આંતરપ્રવાહને ટેકો મળ્યો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે વૈશ્વિક પરિબળોને કારણે ગત જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન રૂ. ૭૭,૦૦૦ કરોડથી વધુ માત્રામાં એફપીઆઈની વેચવાલી રહી હોવાથી વર્તમાન નવેમ્બર મહિનામાં પણ આંતરપ્રવાહ જળવાઈ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

# સપ્ટેમ્બરમાં ચાનું ઉત્પાદન ૫.૯ ટકા ઘટ્યું

કોલકતાઃ ગત સપ્ટેમ્બર મહિનામાં દેશમાં ચાનું ઉત્પાદન સપ્ટેમ્બર, ૨૦૨૪નાં ૧૬.૯૯૩ કરોડ કિલોગ્રામ સામે ૫.૯ ટકા ઘટીને ૧૫.૯૯૨ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું છે.

ટી બોર્ડની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં આસામનું ચાનું ઉત્પાદન સપ્ટેમ્બર, ૨૦૨૪નાં ૯.૪૦૩ કરોડ કિલોગ્રામ સામે સ્થિર જેવું રહેતાં ૯.૪૭૬ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હતું. વધુમાં ગત ઑક્ટોબર મહિનામાં પશ્ચિમ બંગાળનો પાક સપ્ટેમ્બર, ૨૦૨૪નાં ૪.૮૩૫ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૪.૦૦૩ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યો હતો. આમ આસામ અને પશ્ચિમ બંગાળ મળીને ઉત્તર ભારતનું સપ્ટેમ્બર મહિનાનું કુલ ઉત્પાદન સપ્ટેમ્બર, ૨૦૨૪ના ૧૪.૬૯૬ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૧૩.૮૬૫ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હતું. તેમ જ દક્ષિણ ભારતનું ચાનું ઉત્પાદન સપ્ટેમ્બર, ૨૦૨૪નાં ૨.૨૯૭ કરોડ કિલોગ્રામ સામે સાધારણ ઘટાડા સાથે ૨.૧૨૭ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હોવાનું આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

## ગુજરાત

# જીપી-સ્મેશ પ્રોજેક્ટથી અત્યાર સુધીમાં ૮૫૦થી વધુ ફરિયાદનો નિકાલ કરાયોઃ ડીજીપી વિકાસ સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસે એક અનોખી અને અદ્યતન પહેલ શરૂ કરી છે. જીપી-સ્મેશ એટલે કે ગુજરાત પોલીસ - સોશિયલ મીડિયા મોનિટરીંગ, અવેરનેસ એન્ડ સિસ્ટમેટિક હેન્ડલિંગ)નો આરંભ કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત કોઈ પણ નાગરિકે ગુજરાત પોલીસના સોશિયલ મીડિયા એકાઉન્ટના માધ્યમથી કોઈ પણ ફરિયાદ, બનાવ કે ઘટના સમયે તાત્કાલિક મદદ માંગી શકે છે અને સામે ગણતરીની મિનિટોમાં જ ગુજરાત પોલીસ સંબંધિત વિભાગને જે તે ફરિયાદ કે બનાવ મોકલીને ટ્વિટ કરનારી વ્યકિતને વળતો જવાબ આપે છે.

જીપી-સ્મેશ પહેલને રાજ્યના નાગરિકોના ખૂબ સારા પ્રતિભાવો મળી રહ્યા છે. પ્રોજેક્ટને પરિણામે રાજ્યના નાગરિકો હવે પોલીસને માત્ર એક સિંગલ ક્લિક દૂર હોવાથી ગુજરાત પોલીસ સતત પોતાની સાથે હોવાનો સુરક્ષિત અહેસાસ કરી રહ્યા છે. ટીમે ૮૫૦થી વધુ નાગરિકોની રજૂઆતોને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડી તેમના પ્રશ્નો ગણતરીના કલાકોમાં ઉકેલી દેવામાં આવ્યા હતા.

સોશ્યલ મીડિયા પરના પ્રશ્નો હવે માત્ર 'ટ્રેન્ડ' નહીં રહી, તાત્કાલિક જવાબદારો સામે પગલાં લેવાય છે. પરિણામે, નાગરિકોની પોલીસ પ્રત્યેની વિશ્વસનીયતા અને સુરક્ષાની અનુભૂતિમાં નોંધપાત્ર વધારો થયો છે. જીપી-સ્મેશએ માત્ર ડિજિટલ મોનિટરિંગ પૂરતું નહીં, પણ એક જવાબદાર અને ટેકનોલોજીથી સંલગ્ન પોલીસ વ્યવસ્થા તરફ એક મજબૂત પગલું છે.

આ અંગે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે કહ્યું હતું કે, જીપી-સ્મેશ પ્રોજેક્ટથી અનેક એવા કેસ સફળતાપૂર્વક ઉકેલી નાંખવામાં આવ્યા છે. જીપી-સ્મેશ પ્રોજેક્ટની જ્યારથી શરૂઆત થઈ ત્યારથી લઈને અત્યાર સુધીમાં આ ટીમે ૮૫૦થી વધુ નાગરિકોની રજૂઆતોને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડી તેમના પ્રશ્નો ગણતરીના કલાકોમાં ઉકેલી દેવામાં આવ્યા છે, જે જનસંવાદ માટે એક મોટી સફળતા છે. જીપી-સ્મેશે માત્ર ડિજિટલ મોનિટરિંગ પૂરતું નહીં, પણ એક જવાબદાર અને ટેકનોલોજીથી સંલગ્ન પોલીસ વ્યવસ્થા તરફ એક મજબૂત પગલું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જીપી-સ્મેશ સોશ્યલ મીડિયા અવેરનેસ તેમજ મોનિટરિંગ પ્રોજેક્ટ છે, જેમાં સ્ટેટ લેવલથી એક ડેડિકેટેડ ટીમ ૨૪ X ૭ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ થતી પોલીસ વિભાગને સ્પર્શતી અને ગુના સંબંધિત પ્રવૃત્તિઓ, ફરિયાદો કે સારા કાર્યને રિયલ ટાઈમ વોચ કરે છે. આ ટીમ ગુજરાત પોલીસના એક્સ હેન્ડલ ટેગ કરીને કરવામાં આવેલી પોસ્ટને ગણતરીની મિનિટોમાં રિસ્પોન્સ આપે છે.

ત્યાર બાદ લો એન્ડ ઓર્ડર, ટ્રાફિક સમસ્યા, પ્રોહિબિશન, સાયબર ફ્રોડ, સરકારી અધિકારી કર્મચારી દ્વારા લાંચ માગણી કે દુર્વ્યવહાર જેવા વિવિધ પ્રશ્નો સંદર્ભે તાત્કાલિક સંબંધિત રેન્જ, જિલ્લા કે એકમના વડાને તે જ પોસ્ટ ઉપરથી જરૂરી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે. આ પોસ્ટ અંગે શું કાર્યવાહી કરી તે અંગે પણ સંબંધિત જિલ્લા, રેન્જ કે એકમના વડા તેમની ટીમને ત્વરિત કાર્યવાહી કરવા સૂચના આપશે અને સમય મર્યાદામાં તેમણે કરેલી કામગીરી કે લીધેલા એક્શન તે જ પોસ્ટ પર કોમેન્ટ કરી અપડેટ કરે છે.રાજ્ય સ્તરની ટીમ ઉપરાંત રેન્જ વડા અને જિલ્લા પોલીસ વડા એમ ત્રણ લેવલથી આ બાબતનું સતત મોનિટરિંગ કરી પોલીસે કરેલી કામગીરીને ટ્રેક કરવામાં આવે છે.

# માવઠાનો માર સહન કરનાર ખેડૂતો માટે ટૂંક સમયમાં રાહત પેકેજની મુખ્ય પ્રધાનની ખાતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ઊભા પાકને વ્યાપક નુકસાન થયું છે. કુદરતી આપત્તીના કારણે થયેલા નુકસાનથી ખેડૂતોને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. ખેડૂતોના મોઢે આવેલો કોળિયો માવઠાને કારણે છીનવાઈ ગયો છે. રાજ્યમાં અનેક વિસ્તારોમાંથી ખેડૂતોએ સરકાર પાસે રાહત પેકેજની માગ કરી છે. તે ઉપરાંત ધારાસભ્યોએ પણ સરકારને પત્ર પાઠવી ખેડૂતોને વળતર ચૂકવાય તે માટે રજૂઆતો કરી છે. રાજ્યમાં ચોતરફથી સહાય પેકેજની માંગ ઉઠતા રાજ્ય સરકાર પણ હરકતમાં આવી છે. લોકલાગણીને માન આપીને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલએ પણ સોશિયલ મીડિયામાં એક પોસ્ટ કરીને સરકાર ટૂંક સમયમાં રાહત પેકેજ જાહેર કરશે તેવી માહિતી આપી હતી. ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા દ્વારા રાજ્ય સરકાર ખેડૂતોની પડખે ઊભી હોવાની ખાતરી આપી હતી.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, કુદરતી આપત્તિની આ અણધારી આફતમાં રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી ખેડૂતોની પડખે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના મંત્રીઓએ પ્રત્યક્ષ રીતે વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને ખેડૂતોની સ્થિતિ જાણી છે. પાકને થયેલા નુકસાનની સમીક્ષા અને સર્વેની કામગીરી તંત્ર દ્વારા અત્યંત ઝડપથી હાથ ધરવામાં આવી છે. મુખ્ય પ્રધાન પોતે આ સંદર્ભે પ્રધાનો અને અધિકારીઓ સાથે સતત સંકલનમાં છે.

ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ કર્યું હતું કે, ધરતીપુત્રોના હિતને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને રાજ્ય સરકાર ખેડૂતોને આ નુકસાનમાં સહાયરૂપ થવા કટિબદ્ધ છે. આ હેતુસર, આગામી દિવસોમાં ઝડપથી રાહત-સહાય પેકેજ જાહેર કરવામાં આવશે, જેથી અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક સહાય મળી શકે.

આ જાહેરાત બાદ, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પણ ટ્વિટ કરીને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના સંવેદનશીલ અભિગમ અને ત્વરિત કાર્યવાહી બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સર્વેની તાત્કાલિક શરૂઆત અને ઝડપથી રાહત આપવાના નિર્ણયને 'પ્રો-એક્ટિવ નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ' ગણાવ્યું હતું.

# પંચામૃત દાણમાં કિલો દીઠ ₹૧નો ઘટાડો, પંચમહાલના પશુપાલકોને રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લામાં તાજેતરમાં ખેતીના પાકને થયેલા નુકસાનને પગલે ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. આ કપરા સંજોગોમાં ખેડૂતોને રાહત આપવાના ઉદ્દેશથી, નાફેડના ચેરમેન જેઠાભાઇ ભરવાડ દ્વારા પશુપાલકો માટે એક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી હતી.

જેઠાભાઇ ભરવાડની ઉપસ્થિતિમાં શહેરા તાલુકાના મોરવા રેણા ગામ ખાતે ખેતીવાડી વિભાગના અધિકારીઓ સાથે ખેડૂતોની એક બેઠક મળી હતી. આ બેઠકમાં વર્તમાન ખેતીની નુકસાનગ્રસ્ત પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. પંચામૃત ડેરીના ચેરમેન તરીકે જેઠાભાઇ ભરવાડે આ બેઠકમાં ખેડૂતોને રાહત આપતી જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પંચામૃત દાણમાં પ્રતિ કિલોએ એક રૂપિયો ઓછો લેવામાં આવશે.

પશુપાલકોને પશુઓને ખવડાવવામાં આવતા દાણના ભાવમાં કિલો દીઠ એક રૂપિયાનો ઘટાડો થતાં, પશુચારા પાછળ થતા ખર્ચમાં થોડી ઘણી રાહત મળશે. આ લાભ માત્ર પંચમહાલ જિલ્લા પૂરતો સીમિત નથી, પરંતુ આગામી બે મહિના સુધી આ નિર્ણયનો લાભ નીચે મુજબના જિલ્લાઓના પશુપાલકોને મળશે. પંચમહાલ, મહીસાગર, દાહોદ આ ત્રણ જિલ્લાના આ જાહેરાતથી પશુપાલન પર નિર્ભર ખેડૂતોને આર્થિક મુશ્કેલીમાંથી બહાર આવવામાં મદદ મળશે.

# દ્વારકામાં દબાણ હટાવો ઝુંબેશ, તંત્રએ ₹ ૧.૬૧ કરોડની જમીન ખુલ્લી કરાવી

અમદાવાદઃ યાત્રાધામ દ્વારકામાં અગાઉ સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બાંધકામ કરી ચૂકેલા આસામીઓ સામે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દ્વારકામાં જુદાં જુદાં સ્થળો પર ઓપરેશન ડિમોલિશન હાથ ધરીને ફરી કુલ ૧.૬૧ કરોડની ૨૩૦૦ ચોરસ ફૂટ જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. દ્વારકામાં આવેલા સુદામા ભવનના ૧,૨૦૦ ચોરસ ફૂટ, સિકોતર ભવનના આઠ રૂમના ૯૦૦ ચોરસ ફૂટ અને ટપુભા અજાભા માણેકના ૨૦૦ ફૂટના ચાર રૂમનું બાંધકામ ગેરકાયદેસર હોવાથી તેને તોડી પાડવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા નોટિસ અંગેની કાર્યવાહી કરી અને શનિવારે આ દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. દ્વારકાના પ્રાંત અધિકારી, ડીવાયએસપી તથા સ્ટાફની હાજરીમાં જેસીબી જેવા સાધનોની મદદથી કુલ એક કરોડ ૬૧ લાખ રૂપિયા જેટલી બજાર કિંમત ધરાવતું ૨૩૦૦ ચોરસ ફૂટનું આ બાંધકામ તોડીને જમીન ખલ્લી કરાવવામાં આવી હતી. તંત્ર દ્વારા હજી પણ આ કાર્યવાહી યથાવત રાખવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું.

# સુરત મહાનગરપાલિકાના કર્મચારીને કોર્ટે ત્રણ વર્ષની સજા અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના રાંદેર વિસ્તારમાં પ્રોહિબિશન એક્ટના ઉલ્લંઘન બદલ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. સુરત મનપાનો એક કર્મચારીને દારૂ પીને જાહેર સ્થળે અયોગ્ય વર્તન કરતો હતો, જેના કારણે કોર્ટે તે કર્મચારીને ત્રણ વર્ષની સજા અને દસ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જે સરકારી કર્મચારીઓ કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છે તેમના માટે કોર્ટે એક કડક દાખલો બેસાડે હતો.

આ ઘટના ૧૬મી જૂન, ૨૦૨૩માં બની હતી. સુરત મહાનગરપાલિકામાં નોકરી કરતો આરોપી લાલુ ભૂરિયા રાંદેર વિસ્તારના રામનગર નજીકના એક ખુલ્લા પ્લોટમાં દારૂ પીધેલી હાલતમાં લથડિયાં ખાતો અને અયોગ્ય બબડાટ કરતો પકડાયો હતો. આ આરોપીને રાંદેર પોલીસે ઝડપીને જાહેરસ્થળે દારૂ પીને પ્રોહિબિશન એક્ટનો ભંગ કરવા બદલ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરીને કેસ દાખલ કર્યો હતો. જ્યારે આ કેસમાં કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો.

કોર્ટ કાર્યવાહી દરમિયાન સરકારી પક્ષે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર એસ.આર. મોઢે સખત દલીલો કરી હતી. સરકારી વકીલે આરોપી દ્વારા કરવામાં આવેલા ગુનાની ગંભીરતા અને કાયદાના ઉલ્લંઘન બાબતે આકરી સજા કરવા માટે કહ્યું હતું. સામે બચાવ પક્ષે આરોપીએ દારૂનું સેવન કર્યું નથી, પરંતુ વધારે પડતી દવાઓ લીધી હોવાથી તે લથડિયાં ખાતો હતો તેવી દલીલ કરી હતી. પરંતુ કોર્ટે સરકારી વકીલની દલીલોને માન્ય રાખીને આરોપી લાલુ ભૂરિયાને પ્રોહિબિશન એક્ટ હેઠળ દોષિત ઠેરવ્યો હતો. આ સાથે કોર્ટે આરોપી લાલુ ભૂરિયાને ત્રણ વર્ષની જેલની સજા અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

સેન્ટ્રલ પર્ચેઝ ડિપાર્ટમેન્ટ
મેડીસીન ટેન્ડર સેક્શન, મુંબઈ-૪૦૦૦૧૧
ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ
નં. CPD / ડે. ડીન/ Advt./OD/298/ તા. ૩૧-૧૦-૨૫

| | |
|---|---|
| વિભાગ | ડે. ડીનની ઓફિસ<br>મેડીસીન ટેન્ડર સેક્શન,<br>૫૬૬, એન. એમ. જોશી માર્ગ, ભાયખલા (પ), મુંબઈ-૪૦૦૦૧૧. |
| સેક્શન | મેડીસીન ટેન્ડર સેક્શન |
| બીડ નં. | Sch 4-2025_MCGM_1234911<br>Sch 8-2025_MCGM_1235679 |
| વિષય | મેડીસીન Sch નં. IV (ટેન્ડર દ્વારા) - X રે ફીલ્મસ, કેમીકલ્સ ECG રોલ્સની સપ્લાય.<br>મેડીસીન Sch નં. VIII (ટેન્ડર દ્વારા) - નીડલ્સ & સિરિન્જીસની સપ્લાય. |
| ટેન્ડર તારીખ | ૦૩-૧૧-૨૦૨૫ થી ૨૪-૧૧-૨૦૨૫ના સાંજે ૪.૦૦ ક. સુધી. |
| વેબસાઈટ | http://www.mahatenders.gov.in<br>નોંધઃ- કૃપયા ટેન્ડરમાં કોઈપણ ફેરફાર માટે MCGM પોર્ટલ પર અપલોડ કરાયેલ સુધારા રીફર કરો. |
| સંપર્ક વ્યક્તિ | નામ : ડૉ. મનિષા મેસ્ત્રી, ડે. ડીન (C. P. D.)<br>ડાયરેક્ટ નં. : (૦૨૨) ૨૩૦૮ ૩૧૬૧/૬૨/૬૩ |

બૃહન્મુંબઈની મહાનગરપાલિકાના કમિશનરના હુકમ દ્વારા
સહી/-
ડે. ડીન (C. P. D.)

PRO/2073/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ધર્મતેજ

## મનન

# શાશ્વત શ્રદ્ધા અર્થાત્ ભક્તિ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



ભક્તિનો આધાર શ્રદ્ધા છે. શ્રદ્ધા વિના ભક્તિ સંભવ નથી. ઈશ્વર છે, સર્વ શક્તિમાન છે, સમગ્ર સૃષ્ટિનો સર્જક છે, તટસ્થ તથા ન્યાયી છે, સત્ય અને ધર્મનો આગ્રહી છે, નિત્ય અખંડ અનંત અનાદિ છે - આ પ્રમાણેની શ્રદ્ધા હોય તો જ ભક્તિમાં આગળ વધી શકાય. ભક્તિ એ માત્ર ક્રિયા નથી એ તો અંતઃકરણમાં પ્રગટેલી સાત્વિક, શુદ્ધ અને પવિત્ર ભાવના છે. આ ભાવના ત્યારે જ જાગ્રત થઈ શકે જ્યારે સંપૂર્ણ શ્રદ્ધામાં સંપૂર્ણ અસ્તિત્વ ડૂબેલું હોય. શ્રદ્ધા શબ્દ શ્રત+ધા થકી નિર્ધારિત થયો છે. શ્રત એટલે સત્ય - વિશ્વાસ અને ધા એટલે સ્થાપિત કરવું. મનમાં સત્યને, ધર્મને, ઈશ્વરને સ્થાપિત કરવાની પ્રક્રિયા એટલે શ્રદ્ધા. શ્રદ્ધા એટલે એક વિશેષ પ્રકારનો અડગ વિશ્વાસ, ચોક્કસ પ્રકારની ધારણાનો પૂર્ણ સ્વીકાર તથા સત્ય સ્વરૂપ ઈશ્વરના અસ્તિત્વ માટેની સંપૂર્ણ સ્વીકૃતિ. શ્રદ્ધા એટલે ગુરુદેવના આદેશ, ધર્મશાસ્ત્રની વાતો, શાસ્ત્રીય ધાર્મિક પરંપરા તથા તપ અને સાધના જેવી બાબતો માટે સંપૂર્ણ ખાતરી. એમ પણ કહી શકાય કે શ્રદ્ધા એટલે કર્મફળનાં સિદ્ધાંત વિશે સંશયનો સંપૂર્ણ અભાવ.

ભક્તિમાં શ્રદ્ધા એટલા માટે આવશ્યક છે કારણકે શ્રદ્ધાથી ભક્તિ માટે પ્રેરણા મળે, ધૈર્ય ટકી રહે, વિશ્વાસ જળવાય, શંકાની સંભાવના ન રહે, જે તે પ્રકારની સ્થિરતા જળવાઈ રહે, મનનો ભટકાવ અટકે, એક પ્રકારનો ઊર્જાયુક્ત ઉત્સાહ ટકી રહે, સંકટના સમયે પણ નિરાશા પ્રવેશી ન શકે અને અંતિમ લક્ષ્ય સિદ્ધ થવા માટેનો વિશ્વાસ ડગે નહીં. દરેક પરિસ્થિતિમાં શ્રદ્ધા ટકી રહેવી જોઈએ. પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ, શ્રદ્ધા જરા પણ વિક્ષેપિત ન થવી જોઈએ. શ્રદ્ધા અડગ હોવી જોઈએ. શ્રદ્ધા પાછળનો ભાવ સાત્વિક, પવિત્ર અને આધ્યાત્મિક હોવો જોઈએ. આમ પણ ઈશ્વરની ભક્તિ સ્વાર્થ, લાલચ, ભય, કપટ, અધર્મ, અસત્ય જેવી નકારાત્મક બાબત માટે ન કરી શકાય. આ બધી બાબતો સામાન્ય માનવી પણ સિદ્ધ કરી શકે. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને તેનાથી સ્થાપિત થતી અપેક્ષા સંપૂર્ણતામાં શુદ્ધ હોવી જોઈએ. એમ કહેવાય છે કે જિજ્ઞાસા શ્રદ્ધામાં મદદરૂપ થઈ શકે. પરંતુ જિજ્ઞાસા અને શ્રદ્ધા બે ભિન્ન વિસ્તાર છે. જિજ્ઞાસા હેતુલક્ષી હોઈ શકે જ્યારે શ્રદ્ધાએ સમર્પિતતાનો ભાવ છે. અહીં અંધશ્રદ્ધાની વાત કરવી યોગ્ય નથી જણાતી.

શ્રદ્ધા એ મનનો અડગ વિશ્વાસ છે જે ભક્તિના બીજ રૂપે અસ્તિત્વ ધરાવે છે. શ્રદ્ધાને કારણે ભગવાન પ્રત્યે પ્રેમ, સેવા, સમર્પણ, નિષ્ઠા તથા ભક્તિ અસ્તિત્વમાં આવે. જો શ્રદ્ધા ન હોય તો આમાનું કશું જ શક્ય ન બને. શ્રદ્ધાએ આંતરિક શક્તિ છે જેને કારણે ભક્તિમય વ્યવહાર શક્ય બને. શ્રદ્ધા એ આત્મા છે તો ભક્તિ તેનું સાકાર સ્વરૂપ છે. શ્રદ્ધા વિના ભક્તિ નિર્જીવ બની જાય. શ્રદ્ધા હોય તો જ ભક્તિ ફૂલે-ફાલે. શ્રદ્ધા એ શરૂઆત છે અને ભક્તિ એ પરિણામ છે. સામાન્ય ભાષામાં કહીએ તો, ખેડૂત જ્યારે બીજ વાવે ત્યારે તેની પાછળ શ્રદ્ધા હોય. આગળ જતાં તે બીજને ખાતર-પાણી આપી પોષે તેને તેને ભક્તિ કહેવાય.

**આંખોમાં હજી કેટલુંય જળ છે, રુદિયે ખીલેલું આત્મ-કમળ છે;**
**તું પણ કરી લે પારખાં ભક્તિનાં, જો, ચારે બાજુ શ્રદ્ધા જ અફર છે.**

શ્રદ્ધાથી આધ્યાત્મિક અનુભવ સુધીનો આધ્યાત્મિક વિકાસ રસપ્રદ છે. શ્રદ્ધાથી શરૂ કરીને અંતિમ સત્યની અનુભૂતિનો માર્ગ રોમાંચિત કરી દેનારો છે. શ્રદ્ધાને કારણે જ અંતિમ સત્ય સુધી પહોંચવા માટે ઈચ્છા થાય, અંતિમ સત્ય સુધી પહોંચી શકાશે તેવો વિશ્વાસ જાગ્રત થાય. શ્રદ્ધાના પ્રકાશમાં રસ્તો પ્રશસ્ત થતો જાય. માર્ગમાં સકારાત્મક અનુભૂતિ ન થાય કે માર્ગમાં કોઈ અડચણ આવી પડે તો પણ માર્ગનો ત્યાગ કરવાની ઈચ્છા ન જાગે. અડગ વિશ્વાસથી પ્રાર્થના, ધ્યાન, જપ, સેવા, સ્વાધ્યાય, ભજન, કીર્તન ચાલુ રહે. શ્રદ્ધા આંતરિક બળ આપે જેનાથી દરેક પ્રકારની નકારાત્મક બાહ્ય પરિસ્થિતિથી રક્ષણ મળતું રહે અને ધૈર્ય તેમ જ સહનશીલતા જળવાઈ રહે. શ્રદ્ધાને કારણે જ વિવેક તેમજ સંયમ પણ ટકી રહે. જેમ જેમ ભક્તિ દ્રઢ થતી જાય તેમ તેમ સત્ય સ્વરૂપ ઈશ્વરની અનુભૂતિની સંભાવના વધતી જાય. અંતિમ તબક્કામાં ક્યાંક ઈશ્વર કઠિન પરીક્ષા પણ લે, તે સમયે શ્રદ્ધાનો ટેકો ખૂબ જરૂરી ગણાય. ધીમે ધીમે પરિસ્થિતિ પૂર્ણ સમર્પણ સુધી પહોંચી જાય અને પછી ઈશ્વરે પણ કૃપા કર્યા સિવાય કોઈ છૂટકો ન હોય. પછી તો ઈશ્વર અને ભક્ત વચ્ચેનો ભેદ પણ નાશ પામે અને કૃપાની આવશ્યકતા પણ ન રહે. શ્રદ્ધાને આધારે સ્થાપિત થયેલી ભક્તિથી આ પ્રમાણે પરમ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે.

શબરીને ગુરુદેવના વચન પર શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાને આધારે જ શ્રીરામની તેમણે વર્ષો સુધી પ્રતીક્ષા કરી. અંતે શ્રીરામે તેમને દર્શન પણ આપેલાં અને તેમના એંઠા બોર પણ ખાધાં હતાં. અનેક પ્રકારનો સામાજિક તેમ જ કૌટુંબિક વિરોધ હોવા છતાં પણ શ્રદ્ધાને કારણે મીરાંબાઈ શ્રીકૃષ્ણ પ્રત્યેના પ્રેમમાં અડગ રહ્યાં હતાં અને અંતે ઈશ્વરમાં લીન થયાં હતાં. પોતાના પિતાના અપાર અત્યાચાર છતાપણ પ્રહલાદે ઈશ્વર-સ્મરણનો ત્યાગ નહતો કર્યો. તેમની અપાર શ્રદ્ધાને કારણે જ વિષ્ણુ ભગવાને અન્યાય અને અધર્મના નાશ માટે નરસિંહ અવતાર ધારણ કરી પ્રહલાદની રક્ષા કરી હતી. માતાની પ્રેરણાથી ધ્રુવે શ્રદ્ધાપૂર્વક કઠિન તપ કરી ઈશ્વરને પ્રસન્ન કર્યા હતા. શ્રીકૃષ્ણ પ્રત્યેની પ્રેમમય શ્રદ્ધાને કારણે ગોપીઓએ શ્રીકૃષ્ણની લીલા સંપૂર્ણ સામીપ્યમાં માણી હતી. શ્રદ્ધાને કારણે જ રાજા અંબરીષને દુર્વાસા ઋષિના શ્રાપથી રક્ષણ મળ્યું હતું. શ્રદ્ધા એ જ પૂર્ણ-સ્થિતિ તરફની શરૂઆત છે. તેથી જ તો ગીતામાં પણ જણાવાયું છે કે ‘શ્રદ્ધાવાનને જ જ્ઞાન મળે’. આ જ્ઞાન ભક્તિનું પહેલું ચરણ ગણી શકાય. અવિચલ શાંતિ, સંપૂર્ણ આનંદ, સ્વયંની સ્થિતિમાં સ્થિતિ, ઈશ્વર સાથેનું ઐક્ય તથા જન્મ મરણના બંધનની મુક્તિ માટે તે પરમ સત્ય પ્રત્યેની શ્રદ્ધા અતિ આવશ્યક છે. ■

# આદર્શ શિક્ષકનાં લક્ષણો કયા કયા હોઈ શકે? ઉત્તમ શિક્ષક કેવો હોય?

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



વિનોબાજીએ આચાર્ય કુળની રચના કરી; આપ સૌ જાણો છો. તેમની ભૂદાન યાત્રાઓમાં તેમણે શિક્ષકો ઉપર બહુ જ ભરોસો રાખ્યો અને પછી એમણે આચાર્ય કુળની સ્થાપના કરી. એમાં ત્રણ સૂત્રો રાખ્યાં. એક, નિર્ભય; બીજું, નિષ્પક્ષ અને ત્રીજું, નિર્વૈર. આચાર્ય કુળમાં એ જ આવી શકે જે આ ત્રણ શીલને બરાબર ચરિતાર્થ કરે. નિર્ભયતા, નિષ્પક્ષતા અને નિરવૈરતા. આ ત્રણ સૂત્રો એમણે આપ્યા હતા જે મને બહુ ગમે છે, પરંતુ એ આચાર્ય માટેના સૂત્રો છે. શિક્ષક માટેનાં સૂત્રો કયાં?

હું કોઈ શિક્ષણવિદ્ નથી; હું કોઈ શિક્ષણશાસ્ત્રી પણ નથી. મારો કેટલો અધિકાર એ મને ખબર નથી પણ મેં જેટલું પ્રાઇમરી સ્કૂલમાં કામ કર્યું છે અને એની મેં ટ્રેનિંગ લીધી છે; જેટલું એ કામ કર્યું છે એ પ્રમાણિકતાથી કર્યું છે. કોઈપણ કવિતાને પાઠ કરીને નથી ભણાવી. ગાઈને જ ભણાવી છે. એટલે જે કંઈ સાત- આઠ વર્ષ કામ કર્યું તે આ જ રીતે કર્યું છે. એટલે એક શિક્ષકના નાતે અથવા તો શિક્ષક થવા માટે શૈક્ષણિક લાયકાત શું હોવી જોઈએ એ પણ મેં એક વર્ષનો કોર્સ હતો તે પાસ કર્યો છે. મેં શિક્ષણની ડિગ્રી લીધેલી છે. એ ન્યાયે પણ હું શિક્ષકો સાથે સંવાદ કરી શકું, આદેશ ન આપી શકું. આચાર્ય વિનોબા ભાવે મારી દ્રષ્ટિએ મહામૂની એવા એક પ્રજ્ઞાવાન પુરુષ હતા. એમણે આચાર્યનાં ત્રણ લક્ષણો બતાવ્યા, પરંતુ એવા આચાર્ય થવું બહુ અઘરું છે.

મને એવું સમજાય કે શિક્ષકો માટે વર્તમાન જગતમાં આપણે કોઈ સૂત્રો વિચારી શકીએ ખરા? તો મને એમ લાગે કે શિક્ષકના ત્રણ શીલ. એ ત્રિશીલ છે શિક્ષક માટેના એ કયાં હોવા જોઈએ? તો મને મારી રીતે એક શિક્ષક તરીકે સમજાય એ હું આપની પાસે શેર કરું; એક સંવાદ રચું. પહેલું, શિક્ષક નિર્વ્યસની હોવો જોઈએ. ભણતા હો ત્યારે બીડીના ઠુંઠા પીવો એ વાત જુદી છે! મેં પીધેલું છે એટલે કહું છું! ઠુંઠું નહોતું, આખી બીડી હતી;. જનોઈધારી બીડી હતી. મને એમ થયું કે આપણે એક વખત અનુભવ કરી લઈએ! અમારે ત્યાં એક વાડો છે ત્યાં જઈ પૂર્વ તૈયારી કરેલી કે કેવી રીતે બીડી સળગાવવી. હજી તો સળગાવી અને અડધી બીડી પીધી હશે ત્યાં અમારા ગામની બાવળીબહેન ભરવાડ, ખબર નહિ, ક્યાંથી વાસીદુ કરીને નીકળ્યાં! મને કહે, સાવિત્રી માને કહી દઉં! મેં કીધું, એ મા, તને પગે લાગુ! કોઈને કહેતી નહીં. એ અડધી બીડી ફેંકી દીધી. એ પછી એક વખત તમાકુ ખાધી છે. હથેળીમાં ચોળી ચૂના સાથે. તમાકુ ખાધી એટલે ફેર ચડ્યા. આખું રામજી મંદિર ફરે! બાપ! શિક્ષક નિર્વ્યસની હોવો જોઈએ. હા, શિક્ષકે ચા પીવાય.

શિક્ષકનું પહેલું શીલ, શિક્ષક નિર્વ્યસની હોવો જોઈએ. વ્યસન વગર ન રહી શકે. વ્યસનનો એક અર્થ સંસ્કૃતમાં થાય છે દુઃખ, વિપત્તિ. શિક્ષકે એક વ્યસન રાખવું જોઈએ કે હું સમયસર સ્કૂલે જાઉ. હું ભણવા જતો ત્યારે પણ સમયસર જતો. શિક્ષક થયો ત્યારે પણ. મારામાં સમયને પાળવાની ટેવ હજી સુધી છે. મારી વ્યાસપીઠ કે કોઈ પણ ફંકશન, એમાં હું સમયસર જવું લગભગ. એકાદ ટકા જે આ ટ્રાફિક જામ હોય અથવા તો કંઈક એવું થયું હોય તો વાત જુદી છે. સમયનો વ્યસની શિક્ષક હોવો જોઈએ. આ વ્યસન હોવું જોઈએ.

બીજું શિક્ષકનું એ વ્યસન હોવું જોઈએ કે જે વિદ્યાર્થી નબળો છે એને ટ્યુશન ન કરવું પડે; અને એને રવિવારે મારા ઘેર અડધો કલાક બોલાવીને હું એના અમુક પાઠોને પાકા કરાવું. આવું થઈ શકે. શિક્ષકે કોઈ બીજો ૧૦મો ભાગ કાઢવાની જરૂર નથી. અને ત્રીજું, શિક્ષકના કપડા, એનો પહેરવેશ સાદો અને સ્વચ્છ હોવો જોઈએ. આ ત્રીજું વ્યસન મારી દ્રષ્ટિએ જરૂરી છે કારણ કે વસ્તુઓનો બહુ પ્રભાવ બાળકો પર પડે છે. વસ્ત્રો દ્વારા આપણી મોટાભાગની વૃત્તિઓ બદલાય છે. કોઈને તમે પોલીસનો ડ્રેસ પહેરાવો તો એનામાં એક પ્રકારનું ઝનૂન, જુસ્સો એની મેળે આવી જાય. અને એને તમે ધોતિયું પહેરાવો તો સાવ ઢીલો થઈ જાય! વસ્ત્રનો બહુ મહિમા છે. એટલે પહેલું તો એ કે શિક્ષક નિર્વ્યસની હોવો જોઈએ.

બીજું સૂત્ર, એ મારું નથી; ડોક્ટર રાધાકૃષ્ણનનું છે. એમણે કીધું કે શિક્ષક નિર્બંધી હોવો જોઈએ. આ સૂત્ર એમનો છે. નિર્બંધી; એને કોઈ બંધન ન હોવું જોઈએ. હા, જે કંઈ અભ્યાસક્રમો હોય, પાઠ્યપુસ્તકો હોય એનું જે શિક્ષણ આપવાનું હોય એ તો હોય. નવા નવા નિયમ આવતા હોય એ બધું પણ હોય પરંતુ તેના પર અકારણ કોઈ નવાં બંધનો ન આવવા જોઈએ. હવે તો પ્રમાણમાં ઘણું સારું છે, નહિતર શિક્ષકોને કેટલાય બંધન આવે છે, તમે આ કરો, તમે તે કરો; એવું બધું ઘણું હોય. ઠીક છે. પણ શિક્ષક બંધાયેલો ન હોવો જોઈએ. એ બંધાયેલો હોય તો કેવળ, કેવળ ને કેવળ પોતાની શાળા સાથે બંધાયેલો હોવો જોઈએ.

ત્રીજું છે શિક્ષક નિર્દંભી હોવો જોઈએ. એનામાં દંભ ન હોવો જોઈએ. દંભ શાનો ? જેમ છીએ તેમ છીએ. જે છીએ તે છીએ. ઘણી વખત શિક્ષકોને વાતો કરતા સાંભળું છું ત્યારે એમ થાય કે આ છે શિક્ષક અને કેટલી મોટી મોટી વાતો કરે છે ! આ બધા મારા અનુભવો કહું છું. દેશ અને દુનિયામાં ‘રામાયણ’ની કૃપાથી અને આપ સૌની શુભેચ્છાથી ફરવાનું થતું રહે છે ત્યારે આવું અનુભવું છું. ઘણી વખત બહુ મોટો દંભ આપણામાં પોષાતો હોય છે.

તો બાપ ! આ ત્રણ શીલ છે તે આપણામાં છે જ, બેધડક કહું. ચાણક્ય જેવા શિક્ષકો આપણને મળ્યા છે. ઉમાશંકરજીની બે લીટી આપણા માટે પ્રેરણાદાયક છે. ત્રણ વાનાં મુઝને મળ્યા... હૈયું, હાથ અને મસ્તક. શિક્ષક પાસે આ ત્રણેય છે, હૈયું, હાથ અને મસ્તક.

(સંકલનઃ જયદેવ માંકડ)■

# અમરકથાના શ્રવણથી મૃતપ્રાય ઈંડામાં ચૈતન્ય પ્રગટ્યું, ઈંડામાંથી શુકશાવક બહાર આવ્યું!

## અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com



વક્તવ્યને યથાર્થત : સમજવા માટે વકતાના જીવનને અને જીવનદર્શનને સમજવાં જોઇએ જે વકતામાં છે તે જ વકતવ્યસ્વરૂપે અભિવ્યક્ત થાય છે. વકતા પહાડ છે અને વકતવ્ય તેમાંથી નીકળતી નદી છે. પહાડનાં દર્શન કર્યા વિના નદીના સ્વરૂપને સમજી શકાય નહીં.

શુકદેવજી ‘શ્રીમદ્ ભાગવત’ના પ્રધાન વકતા છે. ‘શ્રીમદ્ ભાગવત’ શુકદેવજીના મુખમાંથી નીકળેલું અમૃત છે-શુકદેવજીનું અમૃતતુલ્ય વકતવ્ય છે. ‘શ્રીમદ્ ભાગવત’રૂપી વકતવ્ય સમજવા માટે તેના પ્રધાન વકતા શુકદેવજીના જીવનન પણ સમજવું જોઇએ.

શુકદેવજીના જીવનને સમજવા માટે આપણી પાસે ઇતિહાસ નથી, પરંતુ પુરાણકથા છે. પુરાણકથામાં ઐતિહાસિક સત્ય ન હોય તો પણ તેમાં જીવનનું સત્ય હોય જ છે. શુકદેવજીનાં જીવનને અને જીવનદર્શનને સમજવા માટે આ કથાઓ મૂલ્યવાન સાધનો છે.

એક વાર કૈલાસ પર્વતની અમર ગુફામાં શિવજી અને પાર્વતીજી બિરાજમાન હતાં. તે વખતે પાર્વતીજીએ અમરકથા સાંભળવાની હઠ કરી. જે વ્યક્તિ આ કથા સાંભળે તે અમર બની જાય તેવું તે કથાનું દૈવત છે-મહિમા છે. અનિચ્છા છતાં પાર્વતીજીની હઠને કારણે શિવજીએ તેમને અમરકથા કહેવાનો પ્રારંભ કર્યો. આ કથા કહેવાનો પ્રારંભ કરતાં પહેલા ગુફામાં અન્ય કોઇ જીવ ન હોય તેની કાળજી લીધી. ગુફામાં રહેતાં પક્ષીઓને ઉડાડી મૂકયાં. આમ છતાં ગુફાની છતના એક બાકોરામાં પોપટનું મૃતપ્રાય ઈંડું હતું, તે તરફ શિવજી કે પાર્વતીજીનું ધ્યાન ગયું નહીં. અમરકથાના શ્રવણથી મૃતપ્રાય ઈંડામાં ચૈતન્ય પ્રગટ્યું, ઈંડામાંથી શુકશાવક બહાર આવ્યું અને અમરકથાનું શ્રવણ કરવા લાગ્યું.

શિવજીના મુખેથી સાંભળેલી આ અમરકથાનું શ્રવણ કરીને મૃત્યુને આરે પહોંચેલું શુકશાવક (પોપટનું બચ્ચું) અમર બની ગયું. કથા દરમિયાન પાર્વતીજીને ઊંઘ આવવા લાગી. ઊંઘના કારણે પાર્વતીજી યોગ્ય સમયે હોંકારે પૂરી શક્યાં નહીં. હોંકારાના અભાવે કથાનો પ્રવાહ વચ્ચે જ અટકી જશે તેમ ધારીને પાર્વતીને બદલે શુકશાવકે ‘ઓમ્ ઓમ્’ કહીને હોંકારો પૂરવાનું શરૂ કર્યું. હોંકારાના અવાજમાં પરિવર્તન આવવાથી શિવજી સાવધાન થઈ ગયા. તેમને ગુફામાં ત્રીજી વ્યક્તિની હાજરીની જાણ થઈ ગઈ. શિવજીએ જોયું તો તેમને જણાયું કે ગુફાની છતના એક બાકોરામાં બેસીને એક શુકશાવક કથાનું શ્રવણ કરી રહ્યું છે. આવી ગુપ્ત અમરકથા એક શુકશાવકે સાંભળી લીધી છે તે જાણીને શિવજીને ક્રોધ ચડ્યો. શિવજી હાથમાં ત્રિશૂળ લઈને તે શુકશાવકને મારવા તત્પર થયા. શુકશાવક નાસી ગયું. શિવજી તેની પાછળ દોડ્યા.

આગળ શુકશાવક અને પાછળ શિવજી, એમ બન્ને વ્યાસાશ્રમમાં પહોંચ્યાં. બદ્રીનાથથી આશરે પાંચ કિમી ઉપરવાસે સરસ્વતી અને અલકનંદાનું સંગમસ્થાન છે. આ સંગમસ્થાન પાસે સામ્યાપ્રાસનું મેદાન છે. આ મેદાનમાં ભગવાન વ્યાસજીનો આશ્રમ હતો. આ આશ્રમમાં ભગવાન વ્યાસજી, તેમનાં ધર્મપત્ની અને વૈશંપાયન, પૈલ આદિ અનેક શિષ્યો વસતાં હતાં. શિવજીના ત્રિશૂળથી બચવા માટે શુકશાવકે શુક શરીરનો ત્યાગ કરીને, માનવશિશુના રૂપે વ્યાસજીનાં ધર્મપત્ની અરણીદેવીના ગર્ભમાં પ્રવેશ કર્યો. આખરે શિવજીએ વિચાર્યું કે અમરકથા સાંભળીને જે અમર બનેલ છે તેને હણવું કેવી રીતે અને હણવું શા માટે? આમ વિચારીને શિવજી સ્વસ્થાને પાછા ફર્યા.

ભગવાન વ્યાસજીનાં ધર્મપત્ની અરણીજીના ગર્ભમાં અવસ્થિત શુકશાવક હવે માનવશરીરધારી છે અને હવે તેમનું નામ વ્યાસપુત્ર શુકદેવજી છે. શુકદેવજીની ચેતનામાં શિવજીની ચેતના પ્રવેશી છે, તેથી શુકદેવજીને જન્મ પહેલાં જ ગર્ભાવસ્થાથી જ જ્ઞાન પ્રાપ્ત થયું છે. જ્ઞાની શુકદેવજી ગર્ભમાંથી બહાર આવતા નથી. બધું જાણે છે, ગર્ભમાં રહ્યાં-રહ્યાં માતા પિતા સાથે વાતો કરે છે, પરંતુ ગર્ભમાં જ રહીને ભગવત્સ્મરણ કરે છે. ભગવાન વ્યાસજી અને માતા અરણીદેવી શુકદેવજીને ગર્ભમાંથી બહાર આવવા વિનવે છે, પરંતુ શુકદેવજી બહાર આવવા સંમત થતા નથી. શુકદેવજીનો એક જ જવાબ છેઃ ‘આ દુનિયામાં ભગવાનની માયાનું સામ્રાજ્ય છે. હું માયામાં ફસાવા ઈચ્છતો નથી, તેથી હું ગર્ભાવસ્થા છોડીને બહાર આવવા ઈચ્છતો નથી. હું ભગવાનનું સ્મરણ કરું છું અને અહીં બધી રીતે બરાબર છું.’

આ રીતે શુકદેવજી ગર્ભાવસ્થામાં સોળ વર્ષ સુધી રહ્યાં. ભગવાન વ્યાસજી અને માતા અરણીદેવી ખૂબ મૂંઝાયાં, પરંતુ શુકદેવજી બહાર આવવા સંમત થતા નથી. ભગવાનના ભક્તો જ્યારે મૂંઝવણ અનુભવે ત્યારે તેમને સહાયભૂત થવા માટે તેમની પાસે ત્વરાથી પહોંચી જવા માટે નારદજી સદા તત્પર હોય છે. નારદજી વ્યાસાશ્રમમાં પધારે છે અને વ્યાસજી મૂંઝવણ જાણે છે. નારદજી શુકદેવજીને બહાર આવવા વિનવે છે અને બહાર આ દુનિયામાં આવ્યા પછી પણ ભગવાનની માયા તેમને સ્પર્શી નહીં શકે તેવું વચન આપે છે અને વ્યાસજી પણ આવી ધરપત આપે છે, પરંતુ શુકદેવજી સંમત થતા નથી. શુકદેવજી કહે છેઃ ‘તમારા બન્નેમાંથી કોઈ માયામાંથી સર્વથા અને સર્વદા મુક્ત જ છો તેમ કહી શકાય નહીં. માયાની અસરમાં તમે પણ ક્યારેક આવી જાઓ છો, તેથી તમારા વચનનો ભરોસો કરી શકાય નહીં. તમે કોઈ માયાપતિ નથી. જે માયાના અધિપતિ છે તે ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ મને માયામુક્તિનું વચન આપે તો હું ગર્ભાવસ્થામાંથી બહાર આવવા તૈયાર છું.’ ગર્ભસ્થ શુકદેવજીની આ વાત સાંભળીને નારદજી દ્વારિકા ગયા અને ભગવાન શ્રીકૃષ્ણને વ્યાસાશ્રમમાં તેડી લાવ્યા. ભગવાન શ્રીકૃષ્ણ ગર્ભસ્થ શુકદેવજીને વચન આપે છેઃ


‘શુકદેવજી! તમને હું વચન આપું છું કે તમને મારી માયા કદી સ્પર્શી શકશે નહીં. શાશ્વત કાળ સુધી તમે મારી માયાથી મુક્ત રહેશો. તમે ગર્ભાવસ્થામાંથી બહાર આવો.’

ભગવાન શ્રીકૃષ્ણનું આવું વચન સાંભળીને શુકદેવજીના મનનું સર્વથા સમાધાન થયું અને તેઓ ગર્ભમાંથી બહાર આવ્યા. સોળ વર્ષ સુધી ગર્ભમાં રહેનાર શુકદેવજી જન્મ વખતે જ સોળ વર્ષના યુવાન હતા અને માયાતીત હોવાથી કાલાતીત હતા, કારણ કે કાળ માયામાંથી નિષ્પન્ન થતું તત્ત્વ છે. જ્યાં માયા નથી ત્યાં કાળ નથી, જે માયાતીત છે તે કાલાતીત છે. શુકદેવજીએ શિવજીના મુખે અમરકથા સાંભળી છે, તેથી તેઓ અમર છે અને શ્રીકૃષ્ણે માયાતીતપણાનું વરદાન આપ્યું છે તેથી માયાતીત અને પરિણામે કાલાતીત પણ છે. શુકદેવજી હંમેશાં સોળ વર્ષના જ રહે છે. શુકદેવજી ગર્ભાવસ્થામાંથી બહાર તો આવ્યા, પરંતુ વ્યાસાશ્રમમાં માતાપિતા પાસે રહ્યા નહીં. જન્મીને તરત ચાલવા જ માંડ્યા. જાતકર્મ, ચૂડાકર્મ, ઉપનયન સંસ્કાર આદિ સંસ્કારો વિના જ શુકદેવજીને પરિવ્રાજકની જેમ ચાલતા થયેલા જોઈને ભગવાન વ્યાસ વ્યાકુળ બની ગયા. (ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com

# શૂન્યતા કે પૂર્ણતા



ગઈકાલે એક વિદ્યાર્થી દ્વારા પ્રશ્ન પૂછાયો, મોક્ષ એટલે શૂન્યતામાં પ્રવેશ કે પૂર્ણતામાં. ૨૫ વર્ષના યુવાનના મનમાં પણ આવાં પ્રશ્નો આવે છે તે જાણીને આનંદ થયો. ઘણીવાર એમ માની લેવાય છે કે અમુક પ્રકારની પરિસ્થિતિ સંભવી જ ન શકે, પણ તેમ નથી. આજના યુવાનો વધુ સંવેદનશીલ છે, વિચારશીલ છે, કર્મનિષ્ઠ છે, વ્યવહારુ છે, જાણકાર છે અને જરૂર પડે ત્યાં પોતાની ક્ષમતા સિદ્ધ કરવાં સમર્થ છે. પણ અહીં વાત શૂન્યતા કે પૂર્ણતાની છે.

બે પ્રકારની પ્રક્રિયાને સનાતની સંસ્કૃતિમાં પ્રાધાન્ય મળ્યું છે. એકમાં બાદબાકીનું મહત્ત્વ છે તો બીજામાં સરવાળાનું. એકમાં, એક પછી એક બધાંની બાદબાકી કરવામાં આવે અને પછી જે છેલ્લે વધે, તે બ્રહ્મ. બીજામાં બધાંનો સરવાળો થતો જાય અને પછી સમગ્રતામાં જે સ્થિતિ સર્જાય, તે બ્રહ્મ. બંને પ્રક્રિયા એક જ સ્થાને લઈ જશે, બંને વાસ્તવિકતામાં સાર્થક છે, બંને તે જ બ્રહ્મ તરફની ગતિ માટે સર્વથા યોગ્ય છે, બંને શાસ્ત્ર દ્વારા પ્રમાણિત છે, બંને સ્વીકૃત તાર્કિક માળખાને આધારિત છે. બેમાંથી એક પણ સાથે કોઈપણ પ્રકારની નકારાત્મકતા જોડાઈ નથી. બંનેથી એ જ પરિસ્થિતિ સિદ્ધ થઈ શકે કે જે અંતિમ ધ્યેય સમાન, મોક્ષ હોય.

ધારણા જો શૂન્યતા લક્ષી હોય તો એક પ્રકારની વિચાર પ્રક્રિયા, એક પ્રકારની શ્રદ્ધા, એક પ્રકારનો વિશ્વાસ અને એક પ્રકારનો માર્ગ સ્થાપિત થાય. આ પ્રકારની ધારણામાં એમ માનવામાં આવે કે સમગ્ર સૃષ્ટિની શરૂઆત લગભગ શૂન્યથી થઈ છે. શરૂઆતમાં બ્રહ્મ સિવાય કશું જ ન હતું. બ્રહ્મના સવિકલ્પ સંકલ્પને કારણે ધીમે ધીમે સૃષ્ટિ અસ્તિત્વમાં આવી. ગીતામાં પણ કહેવાયું છે કે સૃષ્ટિ મારા ભાવને કારણે મારા મનમાંથી પ્રગટ થઈ છે. અર્થાત્ શરૂઆતમાં કશું જ ન હતું. ઈશ્વરના ભાવને કારણે જુદી જુદી પરિસ્થિતિ સર્જાતી ગઈ અને સૃષ્ટિ આજની સ્થિતિને પામી. શરૂઆત શૂન્યથી થઈ હોય તો અંત શૂન્યમાં પરિણમે. જો સૃષ્ટિના એક અંગ તરીકે 'વ્યક્તિ'નું અસ્તિત્વ શૂન્યમાંથી પ્રગટ થયું હોય તો તે અંતે શૂન્યમાં વિલીન થાય.

આ 'નેતિ નેતિ' સિદ્ધાંતનું અનુસરણ છે. અહીં એક પછી એક બધાંની બાદબાકી થાય છે, પછી જે લગભગ શૂન્ય વધે તે બ્રહ્મ. વૃક્ષ વૃક્ષ છે, બ્રહ્મ નથી. પર્વત પર્વત છે, બ્રહ્મ નથી. માનવ માનવ છે, બ્રહ્મ નથી. આ બ્રહ્મ નથી, તે બ્રહ્મ નથી. આમ કરતાં કરતાં, જે બ્રહ્મ નથી તે બધાની બાદબાકી કરતાં કરતાં જે વધે તે બ્રહ્મ. આ વિચારધારાથી જે આગળ વધે, એમ કહી શકાય કે, મોક્ષ વખતે તેનો પ્રવેશ શૂન્યમાં થાય છે.

અન્ય સમાવેશીય સિદ્ધાંતમાં બધું જ બ્રહ્મ છે તે રીતે ધારણા કરી શરૂઆત થાય છે. વૃક્ષ પણ બ્રહ્મ છે અને પર્વત પણ. માનવ પણ બ્રહ્મ છે અને પશુ પણ. હું પણ બ્રહ્મ છું અને તમે પણ. આ પણ બ્રહ્મ છે અને તે પણ. સૃષ્ટિની દરેક રચના જ્યારે બ્રહ્મના સંકલ્પથી અસ્તિત્વમાં આવી હોય ત્યારે સ્વાભાવિક છે કે દરેક રચનામાં તે બ્રહ્મનું અસ્તિત્વ કોઈ સ્વરૂપે તો સચવાયેલું જ હોય. તેથી એમ કહી શકાય કે સૃષ્ટિના દરેક સર્જનમાં બ્રહ્મની છાંટ છે, બ્રહ્મનું અસ્તિત્વ છે, તેનાથી બ્રહ્મની પ્રતીતિ શક્ય બની શકે. ગીતાના વિભૂતિ યોગમાં આ વાત સાબિત થાય છે. અહીં સ્વયં શ્રીકૃષ્ણ પરોક્ષ રીતે જણાવે છે કે સૃષ્ટિના દરેક અસ્તિત્વમાં તેમની એક યા બીજા સ્વરૂપે હાજરી હોય છે. બધાંનો સરવાળો કરતાં કરતાં જે પરિસ્થિતિ ઉદ્ભવે તે અનંત હોય, તે પૂર્ણ હોય, તે જ વાસ્તવિકતા હોય, તે જ ઉદ્ભવ સ્થાન હોય અને તેથી તે બ્રહ્મ હોય. આવી સમાવેશીય ધારણાથી જો પ્રવાસની શરૂઆત થાય તો અંત અનંત અર્થાત્ પૂર્ણ સમાન હોય. અહીં મોક્ષની સ્થિતિ એટલે સંપૂર્ણતામાં અંતિમ સમગ્રમાં વિલીન થવું. આ પૂર્ણતાની સ્થિતિ છે. આ વ્યાપકતાની સ્થિતિ છે.

પ્રશ્ન એ થાય કે શૂન્ય અને અનંત તો સાવ જ ભિન્ન અને વિરોધી પરિસ્થિતિ છે, તે બંને એક સમાન પરિણામ કેવી રીતે આપી શકે. સમજવાની વાત એ છે કે શૂન્ય એટલે સંપૂર્ણતામાં અસ્તિત્વનો અભાવ અને પૂર્ણ એટલે વાસ્તવિકતામાં અભાવની શૂન્યતા. પૂર્ણ તો સંપૂર્ણ છે જ, પરંતુ શૂન્ય પણ સંપૂર્ણ છે. શૂન્યમાંથી કશાની બાદબાકી સંભવ નથી, અને પૂર્ણમાં શૂન્ય પણ ઉમેરી ન શકાય. શૂન્ય અભાવની અનંતતા છે જ્યારે પૂર્ણ શૂન્યની સ્વીકૃતિ છે. શૂન્ય થકી પૂર્ણની ભાવના સ્થાપિત થઈ શકે અને પૂર્ણ થકી શૂન્યનું અસ્તિત્વ જાણમાં આવે. આ સત્યની પ્રતીતિ થતાં જ શૂન્ય અને પૂર્ણ વચ્ચેનો ભેદ નાશ પામે. જે સ્થિતિ શૂન્યની છે તે જ સ્થિતિ પૂર્ણની છે. બંને પરિસ્થિતિ બ્રહ્મનું પ્રતિપાદન કરી શકે. વિલીન તો બ્રહ્મમાં જ થવાનું છે.

મોક્ષ એટલે એવી સ્થિતિની શાશ્વત પ્રાપ્તિ કે જ્યાંથી શરૂઆત થઈ હોય. અંતે તો એ સ્થિતિએ પહોંચવાનું છે કે જ્યાંથી શરૂઆત થઈ હોય. પ્રશ્ન શરૂઆતની ધારણાનો છે. જો ધારણાની શરૂઆત શૂન્ય હોય તો એક પ્રકારની વિચાર પ્રક્રિયા, એક પ્રકારનું ચિંતન, એક પ્રકારની શ્રદ્ધા જરૂરી બને. જો શરૂઆતની ધારણા પૂર્ણ હોય તો તેનાથી તે પ્રકારનો માર્ગ પ્રશસ્ત થાય. ગંતવ્ય લક્ષ્ય એક છે, હેતુ એક છે, બે ભિન્ન સંભાવના છે, પરંતુ અંતિમ પરિસ્થિતિ - અંતિમ જવાબ તો એક છે. આ વ્યક્તિને આપવામાં આવેલી એક અભૂતપૂર્વ સ્વતંત્રતા સમાન ઘટના છે. જ્યાં સુધી અંતિમ લક્ષ્ય પામવું હોય, નકારાત્મકતા સ્થાપિત થવાની સંભાવના ન હોય, સત્ય અને ધર્મ આધારિત સિદ્ધાંતોનો સમાવેશ થતો હોય, બધાં જ સંજોગોમાં આધ્યાત્મિકતા સર્વોપરી રહેતી હોય અને અપાર શ્રદ્ધા હોય ત્યાં સુધી કોઈપણ ધારણા સનાતની 'સંસ્કૃતિ'માં સ્વીકૃત છે. મોક્ષ એટલે શૂન્યતા સાથે સાથે પૂર્ણતાની પણ સ્થિતિ. ■

ફોકસ પ્લસ

ડૉ. બળવંત જાની
feedback@bombay
samachar.com

# શ્રીમદ્ ભાગવત પુરાણ 'અર્થ ને આકાર'

## પીડાથી પ્રસન્નતાની યાત્રા-કથતી પુરાણ રચના

'શ્રીમદ્ ભાગવત પુરાણ' ભારતની સાંસ્કૃતિક ઓળખ ગણાય છે. અઢાર પુરાણોમાં 'શ્રીમદ્ ભાગવત પુરાણ' જ એક એવો ગ્રંથ છે કે જેના રચિયતા વ્સાસ મુનિ છે. બાકીના પુરાણોનું કતૃત્ત્વ વિવિધ ઋષિઓ દ્વારા સંયુક્ત રીતે થયેલું છે. એમાં સંવર્ધન-વિવર્ધન થતું રહ્યું છે. પ્રાચીન હસ્તપ્રતોને આધારે એનું શાસ્ત્રીય સંપાદન ગુજરાતમાંથી અમદાવાદની ભો.જે. વિદ્યાભવનમાંથી થયું છે.

વ્યાસ મુનિએ જીવ, જગત અને માયા આ ત્રણેય ભારતીય દર્શનના પાયાના પ્રશ્નોને કથાત્મક દૃષ્ટાંતો, ઉપકથાનકો અને સૂત્રાત્મક રીતે પ્રસ્તુત કર્યા છે. સૃષ્ટિની ઉત્પતિથી માંડીને, વિવિધ અવતારો, મનુ ભગવાનથી માંડીને વિવિધ રાજકૂળનાં પ્રદાનમાં ભગીરથનો ગંગાવતરણ માટેના તપોભૂત પ્રયોસોની વિગતોને વણી લીધી છે. તત્ત્વદર્શનને કથારસના માધ્યમે કથવાની અને સૃષ્ટિના સમગ્ર રૂપને અભિવ્યક્તિ અર્પવાની વ્યાસ મુનિની આવડતને કારણે એક ઊક્તિ પ્રચલિત બની છે કે 'વ્યાસોષ્ષિટમ્ જગત સર્વમ્'. બ્રહ્માંડમાં જગતમાં જે કંઇ છે એ બધું વેદ વ્યાસથી એંઠુ થયેલું છે. બોટેલું છે. આવી અને આટલી વ્યાપક પ્રસિદ્ધિ ભાગવત પુરાણને પ્રાપ્ત થયેલી હોઇને સમગ્ર જનસમુદાય સમક્ષ સપ્તાહના સાત દિવસ કે, પખવાડિયાનાં પંદર દિવસ અથવા એક મહિનાની ત્રીસ તિથિ સુધી એનો પાઠ એનું શ્રવણપાન જ કરવાનો એક વિધિ માત્ર ભારત નહીં ભારત બહાર પણ પ્રચલિત છે. ભાગવત્ પુરાણનો જેણે ઊંડાણથી અભ્યાસ કર્યો હોય, એમાંના રહસ્યોને જાણ્યા હોય-વાંચ્યા હોય. વિવિધ શાસ્ત્રીય ટીકાઓની જાણકારી મેળવીને જ એના કથન-વકતવ્ય કરવાની ક્ષમતા શક્તિ પ્રાપ્ત થતી હોય છે. એટલે આનો અર્થ એ થયો કે ભાગવત પુરાણનું કથાનક એ માત્ર વાર્તા કે રસપ્રદ કિસ્સાઓનો સમૂહ નથી પણ એમાં ભારતીય જીવન મૂલ્યો, ભારતીય દર્શન અને ભારતીય સંસ્કૃતિનું



પ્રાણતત્ત્વ પથરાયેલું છે. એ પ્રાણતત્ત્વને ખોલવાનું-કથવાનું કૌશલ્ય પુરાણના ઊંડા અભ્યાસ અને સ્વાધ્યાયથી આવે.

શ્રીમદ્ ભાગવત ગ્રંથને સનાતન ધર્મનો પ્રમુખ પાયાનો ગ્રંથ ગણવામાં આવે છે. કોઇ પણ સંપ્રદાય ભાગવત્ જ્ઞાન વિહિન નથી. સનાતન ધર્મની અદ્યતન આવૃત્તિ સમાન સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળ તો ઉદ્ધવ સંપ્રદાયમાં એટલે એના સંદર્ભે સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના ૯૮માં શ્લોકમાં શ્રીમદ્ ભાગવતનું અને ઇષ્ટદેવ કૃષ્ણનું રટણ-શ્રવણ કરવાનું કહ્યું છે.

શ્રીમદ્ ભાગવતના મહાત્મ્યમાં તો ભાગવત પુરાણનો એકાદ શ્લોક અથવા એનું એકાદ ચરણ પણ જયાં પ્રસ્તુત થાય ત્યાં શ્રી ભગવાનનો નિવાસ હોય છે. મેં મારી યુવાઅવસ્થામાં ભગવાનના સાકારપણાને અને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તને પ્રસ્થાપિત કરતી ભકત મનોરંજની ટીકાને રસવતી રીતે સમજાવતી 'સંગ્રહોક્તિ' ટીકાનો સ્વાધ્યાય રજૂ કરવાનું થયેલુ એથી મને દાદાજીએ ભાગવત ભણાવેલું. ખાસ તો શ્રીમદ્ ભાગવતનો દશમાં સ્કંધ અને એમાંની 'રાસ પંચાધ્યાયી'ના ૨૯થી ૩૩ અધ્યાય.

જ્ઞાન, વૈરાગ્ય, સહિત ભક્તિભાવના મહિમાનું ઉદ્ઘાટન કરતા કુલ બાર સ્કંધમાં વિવિધ કુલ ૩૬૫ અધ્યાયોમાં ૧૮૦૦૦ શ્લોકોમાં કથાનકને પ્રસ્તુત કરેલ છે, ભગવાનના ગૌરવશાળી અને ગરીમાપૂર્ણ ભક્તોના ભગવાનના ચરિત્રને પામીને મોક્ષ ગતિને પ્રાપ્ત કર્યાની વિગતોમાંથી ભગવાનના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો પરિચય પ્રાપ્ત થાય છે. રાસ પંચાધ્યાયી ઉપરાંત શ્રીકૃષ્ણલીલાના પ્રસંગોનું તાત્ત્વિક રીતે અર્થઘટન શ્રીમદ્ ભગવતનો ભાગ છે. એટલે મહાભારતના કથાનકથી એ ભિન્ન છે. ત્યાં શ્રીમદ્ ભાગવદ ગીતામાં એ તાત્ત્વિક પીઠિકાને વણી લીધી છે. મહાભારત જેવો સંહિતા ગ્રંથ રચ્યા પછી પણ વ્યાસ મુનિ અશાંત રહેતા એના હિમાલય સ્થિત શમ્યાપ્રાશ આશ્રમે નારદજી પધાર્યા, ઉદ્વેગગ્રસ્ત વ્યાસ મુનિએ નારદજીનું સ્વાગત પૂજન અર્ચન કર્યું. વ્યાસ મુનિએ પોતાની અશાંતિ અને ઉદ્વેગના નિવારણ અંગે પૃચ્છા કરી. નારદજીએ ભક્તિના પરમ સ્વરૂપ શ્રીકૃષ્ણની દિવ્ય લીલા અને ભગવત ભક્તચરિત્રોની ભક્તિના ભાવને આલેખતા 'શ્રીમદ્ ભાગવત' ગ્રંથની રચના કરવા કહ્યું. આથી તમને અપાર શાંતિનો અનુભવ થશે તથા જે કોઇનું પઠન, શ્રવણ કરશે એ જીવાત્માઓ પરમ મોક્ષ ગતિને પામશે. પછી વ્યાસ મુનિએ ગ્રંથ રચ્યો જેની મહત્તા અને મૂલ્યવાન સર્વાધિક છે. (ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay
samachar.com

# તારા થૂંકને શું ગંગાજળ જેવું પવિત્ર માને છે કે ઊભા થવાની તસ્દી પણ ન લીધી?



**લોકમાતા** ગંગા નદી પતિતપાવની છે એની ખાતરી આપ્યા બાદ માતા પાર્વતી અને ભગવાન શિવ કૈલાસ પહોંચે છે. ભગવાન કહે છે કે 'હું લાંબા સમય માટે તપ કરવા માગું છું.' તો માતા પાર્વતી પણ જણાવે છે કે હું પણ આરાધના કરીશ. ભગવાન શિવ તેમને કહે છે, 'તમારે આરાધના તપની નહીં, નૃત્યની કરવી જોઈએ. થિલ્લઈ વન પર તમારું જ રાજ છે ત્યાં જઈ નૃત્ય આરાધના કરો. મારી આરાધના પૂર્ણ થતાં હું ત્યાં જ આવીશ.' ભગવાન શિવ અને માતા પાર્વતી પોત-પોતાની આરાધનામાં લીન થઈ જાય છે, ભગવાન શિવ તેમની આરાધના પૂર્ણ કરી ત્યાં પહોંચે છે. માતા પાર્વતી તેમની નૃત્ય આરાધના કરતા જોઈ ભગવાન શિવ પણ નૃત્ય કરવા માંડે છે. શિવ શક્તિ બંને નૃત્ય કરવા માંડતા પૃથ્વીની ધરા ડોલવા માંડી. એ જોઈ બ્રહ્માજી માતા સરસ્વતી સાથે અને શ્રીહરિ વિષ્ણુ માતા લક્ષ્મી સાથે થિલ્લઈ વન પહોંચે છે. બ્રહ્માજી માતા પાર્વતીને કહે છે 'પાર્વતી રોકાઈ જાવ, તમારા બંનેના એકસાથેના નૃત્યથી પૃથ્વીની ધરા ડોલવા માંડી છે.' માતા પાર્વતી તેમને કહે છે 'તો તમે એમ કહો કે મારું નૃત્ય સ્વામિ કરતાં ઉત્તમ છે.' શ્રીહરિ વિષ્ણુ ભગવાન શિવને કહે છે 'રોકાઈ જાવ, તમારા બંનેના નૃત્યથી પૃથ્વીની ધરા ડોલી રહી છે.' ભગવાન શિવ કહે છે 'તો તમે દેવતાગણ એમ કહો કે મારો નૃત્ય પાર્વતી કરતાં ઉત્તમ છે.' દેવતાઓ વિમાસણમાં પડી ગયા. માતા પાર્વતી અને ભગવાન શિવની એકબીજાથી ઉત્તમ મુદ્રામાં નૃત્ય કરતાં હતાં. અલગ અલગ મુદ્રાઓમાં ઘણી મુદ્રામાં અંગ મરોડ આવતી ત્યાં ભગવાન શિવ થોડા ઊણાં ઊતરતાં હતાં તો ત્યાં માતા પાર્વતીની શ્રેષ્ઠતા પુરવાર થઈ રહી હતી. ભગવાન શિવ પણ એમ હાર માને એમ નહોતા એટલે તેમણે ઉર્ધ્વ તાંડવ મુદ્રા કરી પોતાના એક પગને માથા ઉપર ઉઠાવીને માતા પાર્વતીને તેનું પુનરાવર્તન કરવા પડકાર ફેંક્યો. સ્ત્રી મર્યાદાને કારણે માતા પાર્વતી સમગ્ર દેવતાઓ સમક્ષ આ મુદ્રાનું પુનરાવર્તન કરી ન શક્યાં. તેમણે પોતાની હાર સ્વીકાર કરી લીધી અને ભગવાન શિવના આશીર્વાદ લીધા. જ્યાં શિવ-શક્તિની નૃત્ય પ્રતિયોગિતા યોજાઈ હતી એ સ્થળ પર ભગવાન શિવ નટરાજ સ્વરૂપે વિદ્યમાન છે. જેને આજે થિલ્લાઈ નટરાજ મંદિર તરીકે આપણે ઓળખીએ છીએ. જે આજનું ચિદમ્બરમ ક્ષેત્ર ચેન્નાઈમાં આવેલું છે. બીજી એક કથા અનુસાર માતા પાર્વતી સમગ્ર દેવતાઓ સમક્ષ આ મુદ્રાનું પુનરાવર્તન કરી ન શકયાં તેમની હાર થઈ. આ હારથી માતા ક્રોધિત થઈ કાલી સ્વરૂપ ધારણ કર્યું અને થિલ્લાઈ વન છોડીને સીમાઓની બહાર સ્થાયી થઈ ગયાં. આમ, અહીં તેમને થિલ્લાઈ કાલી તરીકે પૂજાવામાં આવે છે. બ્રહ્માજીએ એ જ જગ્યાએ વેદનો જાપ કરીને માતા પાર્વતીની સ્તુતિ કરી. થિલ્લઈ કાલી પ્રસન્ન થયા અને બ્રહ્મા જેવા ચાર માથા ધરાવતું સૌમ્ય સ્વરૂપ ધારણ કર્યું અને થિલ્લઈ અમ્માન (થિલ્લઈની માતા) અથવા બ્રહ્મા ચામુંડેશ્વરી તરીકે પ્રખ્યાત થયાં. મંદિરમાં દેવીનું ચાર મુખ ધરાવતા બ્રહ્મા ચામુંડેશ્વરી સ્વરૂપનું ચિત્રણ કરવામાં આવ્યું છે. તો પૂર્વ તરફના મંદિરમાં, દેવી તેમના ઉગ્ર સ્વરૂપમાં દેખાય છે જેને થિલ્લાઈ કાલી કહેવામાં આવે છે.

* * *

નટરાજ સ્વરૂપે સ્થાપિત થયા બાદ માતા પાર્વતી અને ભગવાન શિવ કૈલાસ તરફ પ્રયાણ કરે છે. પ્રવાસ દરમિયાન દક્ષિણ ભારતના અવન્તીનગરના એક મંદિરમાં એક નીલા નામની સ્ત્રી આરાધના કરતી દેખાય છે. માતા પાર્વતી ભગવાન શિવને પૂછે છે 'સ્વામી આ નીલા આટલી દુઃખી કેમ છે?'

ભગવાન શિવઃ 'આ નીલા મારા પરમ ભક્ત નીલાંકરની પત્ની છે. આ પતિ-પત્નીના હૃદયમાં આપણી ભક્તિની છોળો ઉછળે છે. શિવરાત્રીના પવિત્ર દિવસે નીલાંકર અવન્તીનગરના શિવાલયમાં શિવપૂજામાં મગ્ન હતો. પોતાની સમીપે તેની પત્ની નીલા પૂજાની સામગ્રી આપવામાં સહાય કરતી હતા. એકાએક નીલાકંરની પત્નીને ઉધરસ આવી અને શિવલિંગ પર થૂંક ઊડયું. નીલાંકર ક્રોધિત થઈ ગયો અને બોલ્યો, 'અરે! તેં શિવલિંગને અપવિત્ર કર્યું છે, તું ઉધરસ પર એટલો પણ કાબૂ ન રાખી શકી? તું તારા મોઢામાંથી નીકળેલા થૂંકને શું ગંગાજળ જેવું પવિત્ર માને છે કે ઊભા થવાની તસ્દી પણ ન લીધી. તું મારા ઘરમાં રહેવાને લાયક જ નથી, તું અત્યારે જ મારી નજરોથી દૂર થઈ જા.'

માતા પાર્વતીઃ 'સ્વામિ, તો શું એક ઉધરસને કારણે નીલાંકરે નીલાનો ત્યાગ કર્યો?'

ભગવાન શિવઃ 'નીલા એક આદર્શ પત્ની છે. 'પતિ એ જ પરમેશ્વર' એવું માનતી હોવાથી એણે પતિની આજ્ઞા મુજબ જ એ વર્તન કરતી હતી. ક્રોધિત પતિના આદેશને શિરોમાન્ય ગણી એ ઘરે નથી ગઈ અને ત્યારથી એ આ શિવાલયમાં આરાધના કરી રહી છે.'

માતા પાર્વતીઃ 'સ્વામિ, તો શું તમે નીલા માટે કંઈ નહીં કરો?'

ભગવાન શિવઃ 'ખરેખર હકીકત એવી બની હતી કે, પૂજા દરમિયાન એક કરોળિયો છત ઉપરથી શિવલિંગ ઉપર પડયો. સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે, જો કરોળિયો બાળકના શરીર ઉપર પડે તો વાત્સલ્યપ્રેમથી પ્રેરાઈને બાળકની માતા જ જે ભાગ પર કરોળિયો પડયો હોય ત્યાં થૂંકીને એ ભાગને હાથ વડે સાફ કરી નાખે. આમ કરવાનું કારણે એ છે કે, જેથી કરીને બાળકમાં કોઈ પ્રકારની વિકૃત્તિ ન આવે. માતાનો પ્રેમ આપનાર નીલાને દુઃખી કઈ રીતે થવા દઉં.'

માતા પાર્વતી અને ભગવાન શિવ રૂપ બદલીને નીલા સમક્ષ પ્રગટ થાય છે.

ભગવાન શિવઃ 'અરે બહેન તમારા પતિએ તમારો ત્યાગ કર્યો ત્યારે હું અહીંયા જ હતો, તમે ત્યારથી અહીં જ છો એવું લાગે છે, શું તમે તમારા પતિને સફાઈ આપવાની કોશિશ કરી?'

નીલાઃ 'નહીં.'

માતા પાર્વતીઃ 'બહેન ઘરે જઈ જે થયું એ સાચી હકિકત તમારા પતિને જણાવો.'

અજાણ્યા પતિ-પત્નીના કહેવાથી નીલા ઘરે પહોંચે છે.

નીલાંકરઃ 'હે કલંકિની અહીં કેમ આવી છે?'

નીલાઃ 'સ્વામિ હું તમને એ જણાવવા આવી છું કે, શિવલિંગ પર કરોળિયો પડયો એટલે મારે એ જગ્યા થૂંકથી સાફ કરવી પડી હતી. નહીં તો હું આવી અક્ષમ્ય ભૂલ કઈ રીતે કરું.'

નીલાંકર પત્ની અંતઃકરણની અતળ ઊંડાઈને માપી ન શક્યો અને પત્નીએ શિવલિંગને અપવિત્ર કર્યું છે તેવું માની લીધું. આ ઘટના એનું હૃદય કોરી ખાતી હતી. નીલાંકર કોઈ સંજોગોમાં પત્નીને માફી આપવા ઇચ્છતો ન હતો.

ફરી શિવાલય આવી નીલાએ શિવપૂજા ચાલુ કરી. અદશ્ય રહી વસ્તુ સ્થિતિને જોઈ રહેલાં માતા પાર્વતી અને ભગવાન શિવ નીલાને માન-સન્માન અપાવવા તૈયાર થયાં.

પત્નીએ શિવપૂજા ચાલુ રાખી, રાત્રિના સમયે તે મંદિરમાં જ હતી. નીલાકંરને ભરનીંદરમાં કોઈ દિવ્ય પ્રકાશની પ્રતીતિ થઈ. આ દિવ્ય પ્રકાશપૂંજ વચ્ચે કલાત્મય શિવલિંગ હતું. શિવલિંગમાંથી અવાજ સંભળાઈ રહ્યો હતો, 'નીલાંકર! તારી પત્નીના થૂંકને લીધે શિવલિંગ અપવિત્ર નથી બન્યું, જે જગ્યાએ થૂંક પડયું હતું કે ભાગ નિહાળીને જરા જોઈ જો, એટલો ભાગ કેટલો ચકચકિત થઈ ગયો છે. તારી પત્ની નીલા નિર્દોષ છે, એનો સ્વીકાર કર.'

નીલાંકરે મંદિર તરફ દોટ મૂકી, મંદિરમાં જઈને જોયું તો પત્ની શિવપૂજામાં મગ્ન હતી અને શિવલિંગનો એ ભાગ ખરેખર ચકચકિત દેખાઈ રહ્યો હતો.

નીલાંકરઃ 'નીલા મને માફ કર, હું ક્રોધિત અવસ્થામાં હતો. તારામાં રહેલા માતાના વાત્સલ્યપ્રેમને હું સમજી ન શક્યો. ઘરે ચાલ.'

પતિને જ પરમેશ્વર માનતી નીલા નીલાંકર સાથે ઘરે જવા તૈયાર થઈ. એ જ સમયે ભગવાન શિવ અને માતા પાર્વતી ત્યાં પ્રગટ થયાં અને તેમને આશીર્વાદ આપ્યા. (ક્રમશઃ)■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# મંત્ર દ્વારા ઈચ્છિત સિદ્ધ થઇ શકે જો...

**જેમના** મૂળ ભારતમાં છે, તેવા ધર્મોમાં મંત્રનો બહુ મોટો મહિમા છે. સવારના ઊઠીએ ત્યારે પૃથ્વી પર પગ મુકતા પહેલા કરાગ્રે વસતે લક્ષ્મી...ના મંત્રથી આપણા દિવસની શરૂઆત થાય. જૈન હોય તો નવકાર મંત્રથી દિવસની શરૂઆત થાય. મંત્રની વ્યાખ્યા કરતા કહેવામાં આવ્યું છે, મનન ત્રાયતે ઇતિ મંત્રઃ - મનનનો અર્થ છે સર્વજ્ઞતા અને ત્રાણનો અર્થ છે સંસારી જીવ પર અનુગ્રહ કરવો. આમ મનન અને ત્રાણ બંને ધર્મયુક્ત હોવાથી તે મંત્ર છે. મંત્ર એ છે કે જેના પર ધ્યાન કરવાથી જીવ સંસાર, વિશ્વથી મુક્તિ મેળવે છે. તેની મદદથી તે ધર્મ, અર્થ, કામ,અને મોક્ષ, ચતુર્વિધ ફળને પૂર્ણ રીતે પ્રાપ્ત કરે છે.

મંત્ર શબ્દ બે સંસ્કૃત મૂળમાંથી આવ્યો છે; મનસ એટલે 'મન' અને ત્ર એટલે 'સાધન'. આમ, મંત્રોને 'વિચારના સાધનો' માનવામાં આવે છે, જેનો ઉપયોગ મનને એકાગ્ર કરવા અને કેન્દ્રિત કરવાના સાધન તરીકે થાય છે. મંત્રોનો ઉપયોગ, રચના, કાર્ય અને મહત્ત્વ પરંપરા પ્રમાણે બદલાય છે. જોકે, દરેક મંત્રનો ચોક્કસ અર્થ, અનન્ય સ્પંદન આવર્તન અને ચોક્કસ ઉપચાર અસરો હોવાનું માનવામાં આવે છે. આપણે ધર્મશાસ્ત્રોએ મંત્રોની રચના, તેના ઉચ્ચાર, ક્યારે બોલવા જોઈએ, કેવી રીતે બોલવા જોઈએ તેની ઉપર એટલું ગહન સંશોધન કર્યું છે કે આપણે આશ્ચર્યચકિત થઇ જઈએ. વિવિધ પ્રકારના સ્વરોની શરીર અને મન ઉપર અસર વિશે આધુનિક વિજ્ઞાન તો હવે ચિંતન કરે છે, પરંતુ આપણા ઋષિઓ તો હજારો વર્ષો પહેલા તેના ઉપર સંશોધન કરી ચુક્યા છે.

ધર્મકાર્યોમાં પ્રયોજાતા મંત્રોને ઋષિઓએ ત્રણ પ્રકારમાં વહેંચ્યા છે, સ્ત્રી મંત્રો, પુરુષ મંત્રો અને નપુંસક મંત્રો. આપણે નપુંસક શબ્દનો અવળોઅર્થ



લેવા ટેવાયેલા છીએ. પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે અહીં એવું નથી. જે મંત્રોના અંતમાં સ્વાહા શબ્દ પ્રયોગ થાય છે તે સ્ત્રી મંત્ર કહેવાય છે. જે મંત્રોના અંતે હુમ અને ફટ લાગે છે તેમને પુરુષ મંત્ર કહે છે. જેમના અંતે નમઃ શબ્દ છે, તેને નપુંસક મંત્ર કહ્યા છે. આ ત્રણ પ્રકારના મંત્રો છ પ્રકારના કર્મો માટે પ્રયોજાય છે; જે છે શાંતિ, વશ્ય, સ્તંભન, દ્વેષ, ઉચ્ચાટન અને મારણ.

આજકાલ ઘણા એવી શંકા કરે છે કે પૂજા, અનુષ્ઠાન કે રોજ માળા કરીએ છીએ, પરંતુ ઈચ્છિત ફળ મળતું નથી. તેનો જવાબ શાસ્ત્રકારોએ પહેલા જ આપી દીધો છે. પહેલી વાત કે તમારા પૂર્વજન્મનાં પ્રબળ કર્મો હોય તો એક જ અનુષ્ઠાનમાં ઈચ્છિત ફળ ન પણ મળે. બીજું મંત્રોના ઉચ્ચારણમાં બતાવેલ નિયમોનું પાલન ન થાય તો મંત્રો વિફળ બની જાય છે. 'સકામ સાધના' ત્યારે જ ફળ આપે છે જ્યારે તેનું વિધિવત પાલન થયું હોય. અર્થાત શ્રદ્ધા અને વિધિ બંનેનું એકસરખું મહત્ત્વ છે. જો તેનું પાલન ન થાય તો અનિત્ય, ક્ષણભંગુર અને ક્યારેક દુઃખદાયી ફળ મળે છે.

મંત્રના રટણમાં દિવ્યતાના પ્રગટીકરણની રહસ્યમય શક્તિ હોય છે, જેમ અણુનું વિભાજન તેમાં છુપાયેલા પ્રચંડ બળને પ્રગટ કરે છે. તેમ, જ્યારે કોઈ ચોક્કસ દેવને સમર્પિત કોઈ ચોક્કસ મંત્રનો યોગ્ય રીતે પાઠ કરવામાં આવે છે, ત્યારે આ રીતે સ્થાપિત સ્પંદનો ઉચ્ચ લોકમાં એક વિશિષ્ટ સ્વરૂપ બનાવે છે, જે તે દેવ તે સમયગાળા માટે ધારણ કરે છે. વધુમાં, ધ્વનિ, શ્વાસ અને લયનું શાંત અને સુમેળભર્યું સંયોજન - જે મંત્રોના જાપનું આવશ્યક પરિણામ છે - પેરાસિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ પર ઊંડી અસર કરે છે, જેને 'આરામ અને પાચન' સિસ્ટમ તરીકે પણ ઓળખવામાં આવે છે. બદલામાં, તે હૃદયના ધબકારા ધીમા પાડે છે અને શરીરના હીલિંગ પ્રતિભાવને સક્રિય કરે છે.

તમારી ઈડા કે પિંગળા કઈ નાડી ચાલે છે તેના આધારે કયા મંત્રનો જાપ કરવો તે પણ શાસ્ત્રકારોએ નિશ્ચિત કર્યું છે. તેથી જ જે મંત્રની સાધના કરવી હોય તે નાડી ન ચાલતી હોય તો તેને જાગૃત કરવા પ્રાણાયામને પૂજા વિધિમાં સ્થાન અપાયું છે. અનુસ્વાર યુક્ત મંત્ર અને વિસર્ગ યુક્ત મંત્રો શ્વાસ લેતી વખતે કે છોડતી વખતે બોલવા (અનુલોમ-વિલોમ) તે પણ ઋષિઓ દ્વારા નિર્દેશ અપાયો છે. મંત્રો પણ સૌમ્ય અને આગ્નેય હોય છે. ક્રૂર કર્મોમાં આગ્નેય મંત્રો બોલાય છે. મંત્રો બોલવામાં વિવિધ પ્રકારે દોષ થાય છે. આ પ્રકારના ૪૯ દોષ ઋષિઓએ બતાવ્યા છે! તેથી આપણે ત્યાં ગુરુની નિશ્રામાં મંત્ર દીક્ષા લીધા વિના મંત્ર જાપ કે ગુરુના માર્ગદર્શન વિના અનુષ્ઠાન ન કરવા સાધકોને સલાહ અપાઈ છે.

આટલી ગહનતા અને ઊંડાણપૂર્વક ચિંતન કરીને લખાયેલા આપણા પવિત્ર મંત્રો જો એટલી જ શુદ્ધતા પૂર્વક પ્રયોજાય તો અવશ્ય કાર્યસિદ્ધ થઇ શકે છે. ■

## પ્રકરણ-૪૭

'સર... કૃપા છટકી ગઈ..!'

'કેવી રીતે?'

'આપણી ટીમ પહોંચવાના કલાક પહેલાં જ તે ઘરેથી નીકળી ગઈ હતી!' ઈન્સ્પેક્ટર રવિ કદમે જણાવ્યું.

ડૉ. વિશ્વાસ ભંડારીએ અવયવ ચોરીના રૅકેટમાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરવાની સાથે તેમની સેક્રેટરી કૃપા ગોડબોલેની સંડોવણીનો પણ ખુલાસો કર્યો હતો. આરેના જંગલમાં યોજાતા મેડિકલ કેમ્પમાં કૃપાની ચાવીરૂપ ભૂમિકા હતી. રહેવાસીઓ અને ડૉક્ટરો વચ્ચેની મુખ્ય કડી એવી કૃપા શિબિરમાં તપાસ માટે આવનારા લોકોના મેડિકલ રેકોર્ડ પણ રાખતી હતી, એવું તપાસમાં સામે આવતાં કદમ અને સબ-ઈન્સ્પેક્ટર વિદ્યા પાટીલ તેને કસ્ટડીમાં લેવા ગયાં હતાં.

પોલીસની ટીમ પહોંચે તે પહેલાં કૃપા ઘરેથી રફુચક્કર થઈ ગઈ હતી. આ બાબતે જાણ કરવા કદમે ઈન્સ્પેક્ટર ગોહિલને કૉલ કર્યો હતો.

'સર... કૃપા ઘરેથી બૅગ લઈને નીકળી છે અને કામ માટે બહાર જતી હોવાનું તેની માતાને કહી ગઈ છે!'

'...પણ આમ અચાનક ક્યાં જતી રહી?' ગોહિલે પૂછ્યું.

'તેની માતાને પણ શંકા હતી, કારણ કે કૃપા કપડાં લઈને નીકળી છે, પણ વારંવાર પૂછવા છતાં તે કંઈ બોલી નહોતી એટલે પરિવારજનોને કંઈ ખબર નથી, એવું તેમનું કહેવું છે.'

'તમે અત્યારે ક્યાં છો?'

'બોરીવલી!'

'કેમ? કૃપા તો જોગેશ્વરીમાં રહે છેને!' ગોહિલને આશ્ચર્ય થયું.

'હા... અમે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસીને બોરીવલી સુધી પહોંચ્યાં છીએ!' કદમે માહિતી આપી.

'તેના ઘર નજીકની જ્વેલરીની દુકાનના સીસીટીવી કૅમેરામાં એક રિક્ષામાં બેસતી તે નજરે પડે છે... એ રિક્ષા સ્ટેશનની દિશામાં ગઈ હતી.'

કદમ બોલ્યે જતો હતોઃ 'જોગેશ્વરી રેલવે સ્ટેશનના કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં તો તે બોરીવલીની ટ્રેનમાં બેસતી દેખાય છે અને પછી બોરીવલીથી તે ગુજરાત જતી ટ્રેનમાં ચઢે છે!'

'કઈ ટ્રેન હતી એ ખબર પડી?'

'સયાજી નગરી એક્સપ્રેસ...' કદમ બોલ્યો.

'ગુજરાતમાં એનું કોઈ સગું રહે છે?' ગોહિલે પૂછ્યું.

'એ જ તો આશ્ચર્યની વાત છે, સર. એનું વતન તો નાશિક છે અને નાશિક કે મહારાષ્ટ્રના કોઈ શહેરમાં જવાને બદલે એ ગુજરાત તરફ જઈ રહી છે!'

કદમે કહ્યુંઃ 'સર... આ બાબતે રેલવે પોલીસને અમે કૃપાની તસવીર અને જરૂરી વિગતો આપી દીધી છે. એ લોકો ટ્રેનમાં સિક્યોરિટી માટે હાજર આરપીએફના જવાનનો સંપર્ક કરી રહ્યા છે... અને ગુજરાત પોલીસને પણ આ મામલે અલર્ટ કરવામાં આવી છે...'

* * * *


'બોલો, ઑફિસર... આજે મારી યાદ કઈ રીતે આવી?' ડૉ. ભાવિક માજીવડેએ કૉલ રિસીવ કરતાં પૂછ્યું.

'ડૉક્ટરસાહેબ, એક મહત્ત્વનું કામ હતું!' ગોહિલે કહ્યું.

'શું વાત છે... હજુ મારી જરૂર છે!' ઘણા દિવસે કૉલ કર્યો એટલે ડૉ. માજીવડે ટોણો મારતા હોવાનું ગોહિલને લાગ્યું.

'સાહેબ... તમારા વિના અમારી ગાડી આગળ કઈ રીતે

**અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...**




**યોગેશ સી પટેલ**

વધી શકે?' ગોહિલે પણ ટીખળ કરી.

'કેમ? હવે તો બધું ક્લિયર થઈ ગયું છેને... તો પછી તમારી ગાડી ક્યાં અટકી?' ડૉ. માજીવડેને આશ્ચર્ય થયું.

'એક મુદ્દે અમે અવઢવમાં છીએ!'

'શું સમસ્યા છે?'

'ડૉક્ટરસાહેબ, તમે આપેલા પોસ્ટમોર્ટમના રિપોર્ટ અનુસાર ડ્રગ્સ તસ્કર સલ્લુનું મોત દવાના ઑવરડોઝથી થયું હતું!'

થોડું અટકીને ગોહિલે પૂછ્યુંઃ 'મૃત્યુના આ કારણથી તમે શ્યૉર છો, ડૉક્ટર?'

'સો ટકા. મારી દેખરેખમાં પોસ્ટમોર્ટમ થયું હતું, પણ તમે આવો સવાલ શા માટે કરો છો?' ડૉ. માજીવડેને અચરજ થયું.

'માત્ર ખાતરી કરવા મેં પૂછ્યું હતું!'

'અમારા તરફથી કોઈ ચૂક નથી થઈ, ઑફિસર. તમારા મનમાં કોઈ શંકા હોય તો બોલી દો!'

'એક્ચ્યુઅલી સમસ્યા એ છે કે અમે એક આરોપીની ધરપકડ કરી છે... જૉની. એનું કહેવું છે કે સલ્લુની લાશ ડૉક્ટર ભંડારીની હૉસ્પિટલેથી જંગલમાં દાટવા એ લાવ્યો હતો!'

ગોહિલ બોલતો હતોઃ 'અમે ડૉક્ટર ભંડારીની પૂછપરછ કરી તો એ ઈન્જેક્શનથી દવાના ઑવરડોઝની વાતને નકારી કાઢે છે!'

'વ્હૉટ? ડૉક્ટર ભંડારી પણ આમા સંડોવાયેલા છે? એ તો ગરીબોની મદદ માટે ટ્રસ્ટ ચલાવે છેને?' ડૉ. માજીવડેને આંચકો લાગ્યો.

'ગરીબોની સહાયની આડમાં સ્કૅન્ડલ ચાલતું હતું, ડૉક્ટરસાહેબ. હવે કોઈની મદદ લેતાં પણ બે વાર વિચારવાનો સમય આવી ગયો છે!'

ગોહિલે વધુમાં ઉમેર્યુંઃ 'ડૉક્ટર ભંડારીની અમે આકરી પૂછપરછ કરી, પણ એ પોતાની વાત પર અડગ છે.'

'એમનું શું કહેવું છે?'

'એ તો કહે છે કે સલ્લુનું સ્વાસ્થ્ય ખૂબ જ કથળ્યું હતું. સારવાર માટે એ હૉસ્પિટલમાં આવ્યો ત્યારે એના હાર્ટબીટ ઘણા ઓછા હતા.'

ગોહિલે વધુ માહિતી આપીઃ 'સલ્લુનું તાત્કાલિક ઑપરેશન કરવાની જરૂર હતી... બધી તૈયારી કરવામાં આવી, પણ તેણે ઑપરેશન ટેબલ પર જ દમ તોડ્યો. તેને કોઈ દવા આપવામાં આવી નહોતી. માંદગીને કારણે સલ્લુનું મૃત્યુ થયાનું ડૉક્ટર ભંડારીનું કહેવું છે!'

'ઑફિસર... તમને શંકા હોય તો જે. જે. હૉસ્પિટલમાં સલ્લુના શબનું ફરી પોસ્ટમોર્ટમ કરાવી શકો છો, પણ હું આટલાં વર્ષોના અનુભવને આધારે કહું છું કે અમારો રિપોર્ટ પરફેક્ટ છે!'

ડૉ. માજીવડેએ ઉમેર્યુંઃ 'ડૉક્ટર ભંડારી જુઠ્ઠું બોલે છે... શું કામ એ નથી ખબર, પણ મને લાગે છે કે કદાચ એ કોઈને

> **ડૉક્ટર ભંડારી જુઠ્ઠું બોલે છે... શું કામ એ નથી ખબર, પણ મને લાગે છે કે કદાચ એ કોઈને છાવરી રહ્યા છે!**

છાવરી રહ્યા છે!'

* * * *

બૉનીની શોધ માટે ફરી ટીમ લઈને નીકળવાની તૈયારીમાં રહેલા એપીઆઈ પ્રણય શિંદેના મોબાઈલમાં વ્હૉટ્સઍપ મેસેજ આવ્યો. મેસેજ જોતાં જ તેની આંખો ચમકી અને ચહેરા પર ખુશી ઊમટી આવી. મેસેજમાંનું લખાણ વાંચતાં તેના શરીરમાં હર્ષનો લાવા ઊછળ્યો. તરત જ તે ઝડપી ચાલે ગોહિલની કૅબિન તરફ ગયો.

'આવું... સર!' કૅબિનને બારણે ટકોરા મારી શિંદે અંદર પ્રવેશ્યો.

'શું થયું... આટલો ખુશ કેમ દેખાય છે?' શિંદેની ચાલમાં ઉત્સાહ અને ચહેરા પરની ખુશી ગોહિલે જોઈ લીધી.

'સર, અફલાતૂન ન્યૂઝ છે. આપણો તુક્કો કામ કરી ગયો!'

'...પણ થયું શું?'

'બિહાર પોલીસનો મેસેજ આવ્યો છે. વિધાનસભ્યના પીએ પ્રસન્ન ચૌધરી વિરુદ્ધ ત્યાં કેસ રજિસ્ટર્ડ છે!'

શિંદે મોબાઈલમાં જોતાં બોલ્યોઃ 'અને યોગાનુયોગ... ત્યાં પણ ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ રૅકેટનો જ ગુનો છે!'

'...પણ એ કેસનો ચૌધરી અને આપણો ચૌધરી એક જ છેને? એની ખાતરી કરી?'ગોહિલ પણ જોશમાં આવ્યો.

'હા... એજ છે. મેં ચૌધરીની તસવીર બિહાર પોલીસને મોકલી હતી. એ લોકોએ કન્ફર્મ કરવાની સાથે તેમની પાસેની ફાઈલ તસવીર આપણને મોકલી છે.'

'શિંદેએ કહ્યુંઃ 'સર... એ લોકોએ મોકલાવેલી તસવીરને મેં ચૌધરીની તસવીર સાથે સરખાવી છે!'

'બિહારના કેસની કોઈ વિગતો આવી?' ગોહિલે પૂછ્યું.

'કેસ ફાઈલની નકલ મોકલવાની વ્યવસ્થા ત્યાંની પોલીસ કરી રહી છે, પણ...'

થોડું અટકીને શિંદે બોલ્યોઃ 'પણ એમાં ઘણો સમય લાગશે એટલે મેં મોબાઈલથી ફોટા પાડી વ્હૉટ્સઍપ કરવા કહ્યું છે!'

'ઓકે. એક વાર કેસની વિગતો મળી જાય એટલે આપણા હાથ ખુલ્લા થાય!' ગોહિલે કહ્યું.

'સર... કેસ ફાઈલના ફોટા આવવા માંડ્યા છે... બિહારમાં ભાગલપુર શહેરના આદમપુર પોલીસ સ્ટેશનમાં આ ગુનો નોંધાયેલો છે.' શિંદેની નજર મોબાઈલના સ્ક્રીન પર જ હતી.

'ફાઈલના પહેલા પાને જ ચૌધરીની તસવીર છે, સર... અને એ કેસનો સારાંશ પણ છે!'

'શું કહે છે કેસ સમરી!'

'સર... કિડની ટ્રાન્સપ્લાન્ટનું રૅકેટ એક હૉસ્પિટલમાં ચાલતું હતું. એ કેસમાં બે ડૉક્ટર અને એક એજન્ટની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અન્ય કેટલાંક નામો પણ સામે આવ્યાં હતાં.'

'તો... આ ચૌધરીનું શું?'

'એને આરોપી બતાવ્યો છે, પણ પૂરા દસ્તાવેજોની નકલ આવે તો છેલ્લું સ્ટેટસ ખબર પડે!' શિંદેએ જણાવ્યું.

'દસ્તાવેજો મોકલનારા અધિકારીને ફોન કરી પૂછી જો!' ગોહિલે સૂચના આપી.

'આ દસ્તાવેજો તો ત્યાંના પોલીસ મુખ્યાલયના અધિકારી મોકલી રહ્યા છે, પણ ફાઈલ પર તપાસ અધિકારીનો નંબર છે.' કહીને શિંદેએ ઉતાવળે મોબાઈલ નંબર ડાયલ કર્યો.

બિહાર પોલીસના અધિકારીએ આપેલી માહિતી મુજબ એ કેસની વધુ તપાસ અટકાવી દેવાનો ઉપરથી ઑર્ડર આવ્યો હતો. ચૌધરી બિહારના રાજકીય નેતા સાથે ઘરોબો ધરાવતો હતો. એ નેતા સરકારમાં પ્રધાન હોવાથી તેમણે પોલીસ પર દબાણ નાખ્યું હતું. એ રૅકેટમાં ચૌધરી મહત્ત્વની કડી હતો, પરંતુ રાજકીય વગને કારણે તે અને બીજાં મોટાં માથાં બચી ગયાં... નાની માછલી પોલીસની જાળમાં ફેંકીને મામલો સુલટાવી દેવાયો હતો.

વિગતો ગોહિલને જણાવી શિંદેએ કહ્યુંઃ 'એ કેસમાં ચૌધરીને વૉન્ટેડ આરોપી બતાવાયો હતો, પણ કોઈ કાર્યવાહી કરાઈ નહોતી!'

'બધા દસ્તાવેજોના ફોટા આવી જાય એટલે માટા વ્હૉટ્સઍપ પર ફૉરવર્ડ કરી દેજે!'

પછી ગોહિલે કહ્યુંઃ 'આટલું આપણા માટે પૂરતું છે, શિંદે... હવે પેલા હિલતા મકાનને ધરમૂળથી ઊખેડી નાખવાનો સમય આવી ગયો છે!'

'એની બૉડી લેન્ગ્વેજ જોઈને લાગતું નથી કે એ આવા કાંડ કરતો હશે... સ્ત્રૈણ જેવો છે, પણ...' શિંદે આગળ બોલતો અટકી ગયો.

'શિંદે... હવે વાતોમાં સમય પસાર ન કર. એ સ્ત્રૈણ લોકમાન્ય ટિળક ટર્મિનસ નહીં, આપણા લૉકઅપમાં પહોંચવો જોઈએ!'

થોડું વિચારી ગોહિલે કહ્યુંઃ 'વિધાનસભ્ય જાંભુળકરની આ કાંડમાં શું ભૂમિકા છે એ આ સ્ત્રૈણ જ કહેશે!'

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચાલાક | પેય |
| ચાહક | ડફોળ |
| ચાકર | લફંગું |
| ચાટણ | માલિક |
| ચારિત્ર્યશીલ | નિંદક |

### ઓળખાણ પડી?

સો ફૂટ લાંબા ઈંટ અને ગ્રેનાઇટનું ભવ્ય પ્રવેશદ્વાર ધરાવતા કેરળના મંદિરની ઓળખાણ પડી? મંદિરમાં અબજો રૂપિયાનો ખજાનો છે.



અ) કાર્તિકેય મંદિર બ) મીનાક્ષી મંદિર ક) તેજસ્વી મંદિર ડ) પદ્મનાભસ્વામી મંદિર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ડ | ૨ છા | યા | ■ | ૩ લ | થ | ૪ બ | થ | ■ |
| રા | ■ | પ | ■ | ૫ ચાં | ચ | ■ | ચા | ■ | ૬ બ |
| ૭ ક્ર | ૮ મ | ■ | ૯ પ | દ | ક | ■ | ૧૦ વ | સ્તા | ર |
| ૧૧ મી | ર | જ | ■ | ર | ■ | ૧૨ ત | પ | ■ | છ |
| ■ | મી | ■ | ૧૩ ઘ | ણું | ૧૩-અ ક | ■ | ક્ષ | ■ | ટ |
| ૧૪ પો | પ | લી | ન | ■ | ૧૫ લા | ૧૫-અ ભ | ■ | ૧૬ દા | ■ |
| ૧૭ તી | ણું | ■ | ■ | ૧૮ ભ | ■ | ૧૯ વા | ઘ | ન | ૨૦ ખ |
| કું | ■ | ૨૧ વા | ૨૨ ન | ર | વે | ડા | ■ | ૨૩ ત | રે |
| ■ | ૨૪ સા | ચ | વ | ણી | ■ | ■ | ૨૫ ચૂ | ■ | ખ |
| ૨૬ પ | ર | ના | રી | ■ | ૨૭ અ | ધ | ક | ચ | રું |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ■ | ૪ | | ૫ |
| | ■ | | ■ | | ■ | ૬ | | ■ | |
| ૭ | | | ■ | | ■ | ૮ | | ■ | |
| | ■ | ■ | ૯ | | | | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | ૧૨ | | | ■ | ૧૩ | ૧૪ | | ■ |
| ૧૫ | | | | ■ | ૧૬ | ■ | ૧૭ | | ૧૮ |
| ૧૯ | | | ■ | ૨૦ | | ૨૧ | | ■ | |
| | ■ | ■ | ૨૨ | | | | ■ | ૨૩ | |
| ■ | ૨૪ | ■ | ૨૫ | | | ■ | ૨૬ | | |
| ૨૭ | | | | ■ | ૨૮ | | | ■ | |

**આડી ચાવી**

૧. ઘણીવાર, છાશવારે (૬)
૪. એક સુગંધીદાર પદાર્થ (૩)
૬. હોદ્દો, વગ (૩)
૭. વહન કરનાર (૩)
૮. રેડિયો, ટીવી પર બીજા સ્ટેશનનો કાર્યક્રમ પ્રસારિત કરવો (૨)
૯. સંશોધન, અન્વેષણ (૪)
૧૦. મૂર્તિના ગળામાં પહેરાવો (૨)
૧૧. મહાત્મા ગાંધીને --- જેલમાં રાખેલા (૪)
૧૩. --- થવું એટલે મંદ મંદ હસવું (૩)
૧૫. વંશ વધારવાની પ્રક્રિયા (૪)
૧૭. --- કાઢવી એટલે હિસાબ કરવો (૩) (જો.છૂ.)
૧૯. કૂદકા મારતું પ્રાણી (૩)
૨૦. મન ફાવે તેમ કરનારી (૪)
૨૨. અમુક (૪)
૨૩. રોટલી સાથે ખવાય (૨)
૨૫. બોગદું (અં.) (૩)
૨૬. સોગંદ (૩)
૨૭. --- કુંવારા ને ખોજાને બે બાયડી (૪)
૨૮. શિક્ષક, ગુરુ (૩)

**ઊભી ચાવી**

૧. ઉજાસ (૪)
૨. જેને બધી વાતમાં રસ પડે (૩)
૩. અવળચંડાઇ (૫)
૪. કોઇના વતી (૩)
૫. સાથ, સંગાથ (૪)
૬. ફળ, નતીજો, પરિણતિ (૪)
૯. ગતિ, ચાલ, સાડલો (૩)
૧૦. મોટી બૂમ, સાદ (૩)
૧૧. પૂજન (૩)
૧૨. બેટ્સમેન વતી રન લેવા દોડે (૩)
૧૪. રસથી ભરેલી (૩)
૧૫. ધારા, વહેણ (૩)
૧૬. મને ખૂબ પૈસા જોઇએ (૫)
૧૮. કથા કહેવાની કલા (૫)
૨૦. માંસ (૩)
૨૧. પરદો (૨)
૨૨. મહિનામાં --- દિવસ હોય? (૩)
૨૩. બદતુવા (૨)
૨૪. દીકરો (૨)
૨૬. મડદું (૨)

### ગુજરાત મોરી મોરી રે

પાવન ભૂમિ દ્વારકામાં આવેલું પાંચ માળનું રાધા - કૃષ્ણનું દ્વારકાધીશ મંદિર અન્ય કયા નામથી પણ ઓળખાય છે એ જણાવો.

અ) આરકે મંદિર બ) ભક્તિ મંદિર
ક) બરસાના મંદિર ડ) જગત મંદિર

### માતૃભાષાની મહેક

પથ્થર ઉપર પાણી વ્યર્થ પ્રયત્ન તરફ આંગળી ચીંધે છે. પાણીથી જેમ પથ્થર પલળતો નથી તેમ નકામી વસ્તુ પાછળ બધી શક્તિ ગુમાવવી એ ભાવાર્થ છે. ટૂંકમાં કોઈ અસર થાય નહીં તેવું કામ, નકામી મહેનત. આ પ્રયોગનો વિસ્તાર થઈ પથ્થર ઉપર પાણી અને સર્વે ધૂળધાણી જેવી કહેવત પણ બની છે. અહીં એવી મહેનતનો નિર્દેશ છે જેમાંથી કંઈ નિષ્પન્ન નથી થતું.

### સુડોકુ-૯૧૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૧ | ૬ | | ૨ | | | |
| ૨ | ૫ | | ૩ | ૭ | | | | |
| | | | | | ૮ | | | ૨ |
| | ૭ | ૪ | | | | ૮ | | ૬ |
| ૯ | | | | | | | | ૧ |
| ૮ | | ૩ | | | | ૯ | ૪ | |
| ૩ | | | ૧ | | | | | |
| | | | | ૨ | ૩ | | ૧ | ૫ |
| | | | ૮ | | ૫ | ૬ | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૭ | ૫ | ૯ | ૮ | ૨ | ૬ | ૩ |
| ૯ | ૬ | ૨ | ૭ | ૩ | ૧ | ૪ | ૮ | ૫ |
| ૩ | ૫ | ૮ | ૪ | ૬ | ૨ | ૯ | ૧ | ૭ |
| ૫ | ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૬ | ૭ | ૯ |
| ૬ | ૨ | ૩ | ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૪ |
| ૮ | ૭ | ૯ | ૬ | ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૭ | ૩ | ૪ | ૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૨ |
| ૧ | ૮ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૪ | ૬ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૭ | ૪ | ૫ | ૩ | ૮ |

### ઈર્શાદ

*અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ?*
*કાળ તણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ?*

-- સુંદરમ્

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'વહેતું વહાણ ને વહેતો પહાણ' પંક્તિમાં 'પહાણ' શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) ઉતારુ બ) પાણી ક) પથરો ડ) મોજા

### માઈન્ડ ગેમ

૮ લાખ ૫૦ હજાર રૂપિયાનું રોકાણ વાર્ષિક ૬.૮% વ્યાજના દરે કર્યું હોય તો વર્ષના અંતે કેટલી રકમ હાથમાં આવે એ જણાવો.

અ) ૮,૮૧,૦૦૦ બ) ૮,૯૮,૫૦૦
ક) ૯,૦૪,૭૦૦ ડ) ૯,૦૭,૮૦૦

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચીસ | કલ્લોલ |
| ચીડ | રુચિ |
| ચીડિયું | આનંદી |
| ચિકાર | ખાલી |
| ચિંતાતુર | બેફિકર |

ઓળખાણ પડી? અમદાવાદ

માઈન્ડ ગેમ ૧,૮૬,૦૦૦

ગુજરાત મોરી મોરી રે તારંગા

ચતુર આપો જવાબ અર્થ જણાવો બોલાચાલી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) નીતા દેસાઈ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મહેશ દોશી (૧૩) લજિતા ખોના (૧૪) હર્ષા મહેતા (૧૫) કિરીટ છેડા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) મહેશ સંઘવી (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) નિતીન જયંતિલાલ બજરિયા (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) વિપીન શાહ (૩૨) નૂતન વિપીન શાહ (૩૩) રશીક જુથાણી - કેનેડા - ટોરંટો (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# અમ્મર વરને વરિયા...



હમણાં જ આપણે ત્યાં તુલસીવિવાહનો પ્રસંગ આવી રહ્યો છે. ભારતીય હિન્દુ ધર્મશાસ્ત્રોની પરંપરા મુજબ મનુષ્યજીવનના સોળ સંસ્કારોમાં જન્મ,વિવાહ અને મૃત્યુ એ ત્રણ સંસ્કારો માનવીના લૌકિક અને આધ્યાત્મિક બંને પ્રકારના જીવનઘડતરમાં ખૂબ જ મહત્ત્વના સંસ્કારો છે.

સદ્ગુરુની પ્રાપ્તિ અને કૃપાને અધ્યાત્મક્ષેત્રમાં સાધકના નવજન્મ તરીકે ઓળખાવવામાં આવે છે, જ્યારે પરમ તત્ત્વ સાથેના જોડાણને વિવાહ. જૈન સાધુઓ દીક્ષા ધારણ કરે ત્યારે તેમણે સંયમશ્રી સાથે વિવાહ કર્યો એમ કહેવાય છે, એ પરંપરા ઘણા જૂના સમયથી આપણે ત્યાં ચાલી આવી છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના જૈન-જૈનેતર કવિઓમાં ઘણા સંત-ભક્ત- વેદાન્તી કવિઓએ આ જાતના પ્રસંગોનું વર્ણન વિવાહ, સ્વયંવર, વેલી, મંગળ, વધાવો, વિવાહલુ, ચૂંદડી, પટોળી, માંડવો વગેરે નામે ઓળખાતી નાની મોટી અનેક રૂપક રચનાઓ દ્વારા કર્યું છે.

સંસારીઓને ધર્મ, ભક્તિ, અધ્યાત્મ, સાધના, શરણાગતિ અને ગુરુમહિમા સમજાવવા માટે તેમના જીવતરમાં અને સંસાર જીવનમાં ખૂબ જ જાણીતાં હોય એવાં રૂપકો લઈને આપણા સંતકવિઓએ ભક્તિ પદારથની ઓળખાણ કરાવી છે. જેમાં આત્મા અને પરમાત્માના વ્યાપક શાશ્ર્વત પ્રેમ સંબંધનું વેદાન્તી, જ્ઞાનમાર્ગી, યોગમાર્ગી કે ભક્તિમાર્ગી પરિભાષામાં આલેખન કરવામાં આવ્યું હોય એવી બે રચનાઓ અહીં પ્રસ્તુત છે. બંન્નેના સર્જકનું નામ રવિદાસ છે પણ બેઉ જુદા છે.

પ્રથમ રચના છે ભરથ મોડ શિષ્ય રવિદાસ રચિત. જ્યારે બીજી રચના છે રવિભાણ સંપ્રદાયના સંતકવિ રવિસાહેબની. આવી અનેક રચનાઓનું સંકલન આ લખનારના ‘શાં શાં રૂપ વખાણું સંતો’ પુસ્તકમાં ભજનોના વિવિધ પ્રકારોનો પરિચય કરાવતાં કરવામાં આવ્યું છે.

*ધણી મેં તો ધાર્યો રે ચોરાશીનો ફંદ ટળી,*
*એવા અમર વરને વરીયા રે, કોટે વરમાલ ધરી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*પ્રીતમ વરની પીઠી ચોળી, સત સંગ કરું અસ્નાન ,*
*મનના મેલ તો ધોવાઈ ગયા, થયું રે પિયાજીનું જ્ઞાન,*
*એવા નટવર નેણે નીરખ્યા રે, મન મારૂં ગયું છે મળી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*શીલ સંતોષની ચૂંદડી ઓઢી, સેંથો વિવેક વિચાર,*
*કરૂણાનો કાજળ સારીયો, તિતિક્ષા ટીલડી કપાલ,*
*મર્મના મોતી ઠાંસીયાં રે, પ્રભુ સાથે પ્રીત કરી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*હેત તણો હૈયે હાર જ પેર્યો, કંચવો સુધર્મ કટાર,*
*નથ ધરી નીરમળ નામની, એવા શોભીતા શણગાર,*
*પિયુજી સાથે મળીયાં રે, હૈડા માંહે હેત ધરી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*મરજાદા મારા નાથની, ઘાઘરો છે ઘન ઘોર,*
*આણંદ રૂપી અણવટ વીંછિયાં, અને ઝાંઝર જુગતીનાં પેર,*
*એવો સોહાગ શોભે રે, પિયા સાથે રેવું ઠરી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*અખંડ ચૂડો અવિનાશી તણો, તે સુખ વર્ણવ્યું કેમ જાય?*
*ભરથ મોડ ચરણે રવિદાસ બોલ્યા, ગુણ હરિ કેરા એમ ગાય,*
*હવે એવા વરને વરીએ રે, પાછો ફેરો કદીએ નવ ફરીએ...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*

ભાણસાહેબના શિષ્ય રવિસાહેબે આ જ ભાવને આ રીતે ઘૂંટ્યો છે.

*ત્રણ ગુણ તોરણિયાં બંધાવું રે સાહેલી મોરી, બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો..૦*
*ગુણ નામના ગણેશ બેસારીયા, પ્રેમની પીઠી ચોળાય,*
*વરનું નામ છે અજર અમ્મર, ધમ્મળ મંગળ ગીતડાં ગવાય રે, સાહેલી મોરી..*
*બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*
*નવ પાંચ સોળ મળીને જાનું સાબદી થાય, ધીરજ નામના ઢોલ ધ્રુડક્યા,*
*ખમૈયાની ખારેકું વેચાય રે, સાહેલી મોરી. બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*
*જાનું આવીને ઝાંપલે ભી, સુખમણા સંદેશા લઈને જાય,*
*ઈંગલા પિંગલા હાલી વરને વધાવવા, સતના ચોખલિયા ચોડાય રે, સાહેલી મોરી..*
*બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*
*ચાર જુગની ચોરી રચી, ધીરજ નામની વરમાળ, બ્રહ્મા બેઠા વેદ વાંચવા,*
*કરણીનો કંસાર જમાય રે, સાહેલી મોરી. બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*
*ઈંગલા પિંગલા ને સુખમણા, તરવેણીમાં ભેળી થાય, સરવે સંતોની દયા થકી,*
*ગુણ એના રવિરામ ગાય રે, સાહેલી મોરી..બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦* ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# મનની પ્રસન્નતા



શારીરિક તપને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ માનસિક તપનાં પ્રકાર બતાવી રહ્યા છે, તેમાં પ્રથમ મનને પ્રસન્ન રાખવું તે તપ કેવી રીતે છે, તે સમજીએ.

પ્રસન્નતાનો અર્થ ફક્ત કોઈ ખાસ સીમાચિન્હ કે દરજ્જો પ્રાપ્ત કરવો એ નથી, પરંતુ જીવનની દરેક ક્ષણમાં આનંદ અને સંતોષનો અનુભવ કરવો એ છે. તે કોઈ લક્ષ્ય નથી કે જેને પ્રાપ્ત કરવું પડે, પરંતુ તે એક જીવનશૈલી છે. જેને આપણે આપણા જીવનમાં વિકસાવી શકીએ છીએ. આપણે સકારાત્મક વિચારસરણી, સ્વસ્થ જીવનશૈલી, સામાજિક સંબંધો અને આત્મસંતોષ દ્વારા આપણી પ્રસન્નતા વધારી શકીએ છીએ.

મહાત્મા ગાંધી કહેતા, મનની પ્રસન્નતા એ છે કે તમે જે વિચારો છો, જે કહો છો અને જે કરો છો તે બધું સુમેળમાં હોય.

વર્તમાન યુગમાં, જ્યાં લોકો સંપત્તિ, સત્તા અને પ્રતિષ્ઠા માટે આંધળી દોડમાં રોકાયેલા છે, ત્યાં સુખની શોધ વધુ જટિલ બની ગઈ છે. લોકો વિચારે છે કે જો તેઓ વધુ પૈસા કમાશે, વધુ ખ્યાતિ મેળવશે, તો તેઓ મનની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકશે. જોકે આ માનસિકતા તેમને સતત અસંતોષ અને તણાવની સ્થિતિમાં ધકેલી દે છે. પ્રસન્નતા એ બાહ્ય સ્થિતિ નથી પણ આંતરિક સ્થિતિ છે. તે આપણા માનસિક અને ભાવનાત્મક વલણ, વિચારો અને વર્તન પર આધાર રાખે છે, ભૌતિક સિદ્ધિઓ પર નહીં.

રામકૃષ્ણ પરમહંસના ગળામાં કૅન્સર હતું, ખવાતું નહોતું, પણ એમના મુખ પરનું સ્મિત યથાવત્ હતું. એમના શિષ્ય નરેન્દ્રએ પૂછ્યું કે આટલી પીડામાં તમે કેવી રીતે આનંદમાં રહો છો? રામકૃષ્ણજીએ કહ્યું- ‘પીડા તો શરીરને છે ને? હું એના પર ધ્યાન નથી આપતો.’ આપણે તો નાની મોટી પરિસ્થિતિમાં જ ઉદ્વિગ્ન થઈ જઈએ છીએ. કોઈ પૂછે કે કેમ દુઃખી છે તો કહેવાનું મન નથી થતું અને કોઈ ના પૂછે તો એમ થાય છે કે કેમ કોઈ પૂછતું નથી.

આમ, મનની ચંચળતાની કોઈ મર્યાદા નથી. એક પછી એક વિચારો મનમાં આવતા જ રહે છે. મન જે કહે છે તે બધું માનવાથી અથવા મનની દરેક ઇચ્છા પૂરી કરવાનો પ્રયાસ કરવાથી ક્યારેક ભયંકર પરિણામો આવી શકે છે. આના કારણે, આપણું મન અરાજકતાનો શિકાર બને છે, અને આપણી પ્રસન્નતા ઓછી થવા લાગે છે.

આજે જ્યારે લોકો આર્થિક સુરક્ષા માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે માનસિક સ્વાસ્થ્ય સમસ્યા પણ એક મોટી સમસ્યા તરીકે ઊભરી આવી છે. વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ મુજબ, ભારત પ્રસન્નતાના સ્તરમાં ખૂબ જ નીચું સ્થાન ધરાવે છે, જે દર્શાવે છે કે આપણે પ્રસન્નતાને સમજવાની અને તેને આપણા જીવનમાં સામેલ કરવાની જરૂર છે.

સફળતા-અસફળતા, સુખ-દુઃખને સમાન માનવું એ પ્રસન્ન મન માટે ખૂબ અગત્યનું છે. જે વ્યક્તિ બદલાતી પરિસ્થિતિઓમાં સમતોલ રહે છે, તે સતત પ્રસન્ન રહે છે.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે મન ભટકે ત્યારે ધીરે ધીરે તેને આત્માના વિચારમાં સ્થાપિત કરો. આત્મવિચાર મનને સ્થિર કરવાનો મૂળ ઉપાય છે.

વળી, ભારતની પ્રાચીન પરંપરાઓ, ખાસ કરીને યોગ અને ધ્યાન, મનની પ્રસન્નતાને જીવનનો અભિન્ન ભાગ માને છે. યોગના સિદ્ધાંતો જણાવે છે કે જ્યારે આપણે આપણા મન અને શરીર વચ્ચે સંતુલન જાળવીએ છીએ ત્યારે સાચું સુખ પ્રાપ્ત થાય છે. યોગ અને ધ્યાન એ માનસિક શાંતિ અને આંતરિક સુખના માધ્યમ છે. તેઓ આપણને બહારની દુનિયાના તણાવ અને ચિંતાઓથી ઉપર ઊઠવામાં મદદ કરે છે અને શીખવે છે કે પ્રસન્નતા એ આંતરિક બાબત છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દ્વારા ભારતે સમગ્ર વિશ્ર્વમાં સુખ અને માનસિક શાંતિની આ પરંપરા ફેલાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ભૂતાનનું ઉદાહરણ અહીં સુસંગત છે, જ્યાં ‘ગ્રોસ નેશનલ હેપ્પીનેસ’ (GNH) ને ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) કરતાં વધુ મહત્ત્વ આપવામાં આવે છે. ભૂતાને આ આદર્શને મૂર્તિમંત કર્યો છે કે આર્થિક વિકાસ ફક્ત એક સાધન છે, અંતિમ ધ્યેય નથી. જો સરકારો પ્રસન્નતા પર કેન્દ્રિત નીતિઓ બનાવે છે તો તે સમાજના દરેક વર્ગના ઉત્થાન તરફ દોરી શકે છે.

મહંતસ્વામી મહારાજ પણ યાદ અપાવે છે કે મનની પ્રસન્નતા માનવની મૂળ સ્થિતિ છે, બસ માયાનું આવરણ ભેદવાની જરૂર છે. પ્રભુ ભક્તિમાં તલ્લીન મન સદા પ્રસન્ન રહે છે. તે એક સાધનાનો ભાગ બનવો જોઈએ. હા, જીવનની દરેક ક્ષણ મનની પ્રસન્નતાનો સ્રોત બની શકે છે, જો આપણે તેને ભક્તિ સાથે જોડી દઈએ તો! ■

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# આ કૉલેજના ચેરમેન છે એક અતિ વિશેષ મહાનુભાવ, જાણીને ચોંકી જશો!

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં મોહન રોડ પર એક કૉલેજ આવેલી છે. આ કૉલેજનું નામ સરદાર ભગતસિંહ કૉલેજ છે. હાલમાં આ કૉલેજમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ કૉલેજના ચેરમેન બહુ વિશેષ છે. રોજ સવારે ૮ વાગ્યે ચેરમેન સાહેબ કૉલેજમાં અચૂક હાજરી આપે છે. તેમની વિશેષ કૅબિન બની છે. તે કૅબિન બહાર તેમના નામની તકતી લગાવેલી છે. તેમનું નામ વાંચીને વ્યક્તિ તરત હાથ જોડીને પ્રણામ કરે છે. ૧૦ થી ૧૧ વાગ્યાની વચ્ચે કૉલેજના કોન્ફરન્સ હોલમાં ચેરમેનની હાજરીમાં મીટિંગ લેવાય છે, ચર્ચા-વિચારણા થાય છે અને નિર્ણયો લેવાય છે. મીટિંગ પૂરી થયા બાદ ચેરમેન સાહેબ કૉલેજના પરિસરમાં બનેલા રામમંદિરમાં દર્શન કરવા જાય છે. બપોરે લંચ બ્રેક પડે એટલે તેમને બહુ પસંદ છે તેવા ચણાના લોટના લાડુ તેમની કૅબિનમાં પહોંચાડી દેવાય છે. તે ઉપરાંત આ કૉલેજમાં અધ્યક્ષ માટે એક નેનો કાર છે, જેમાં તેઓ દર મંગળવારે રામમંદિરમાં દર્શન કરવા જાય છે. આ ગાડીમાં ડ્રાઈવર અને અધ્યક્ષ સિવાય બીજા કોઈને બેસવાની પરવાનગી નથી. સાંજે કૉલેજ બંધ થાય એટલે ચેરમેન સાહેબની કૅબિન બંધ કરી દેવાય છે.

આપણને થાય કે આ તો સામાન્ય દૈનિક ક્રમ છે, તેમાં એવું તે શું ખાસ છે? આ ચેરમેન એવા તે કેવા વિશેષ વ્યક્તિ છે કે તેની વાત કરવી પડે? સવાલ વાજબી છે. વાત એમ છે કે આ કૉલેજના ચેરમેન ખરેખર વિશ્ર્વમાં અતિ વિશેષ છે! કારણકે લખનઉની આ સરદાર ભગતસિંહ કૉલેજના ચેરમેન કોઈ વ્યક્તિ નહીં, પરંતુ સ્વયં સંકટમોચન હનુમાનજી છે! નવાઈ લાગે તેવી વાત છે ને? પણ આ સત્ય છે.

હનુમાનજી કેવી રીતે આ કૉલેજના અધ્યક્ષ બન્યા તેની વાત ઘણી રસપ્રદ છે. આ કૉલેજની સ્થાપના વર્ષ ૨૦૦૭માં બે મિત્રોએ મળીને કરી હતી. વિવેક તાંગડી અને પંકજ સિંહ ભદોરિયા નામના બે મિત્રો વચ્ચે અતૂટ મૈત્રી હતી. તેમણે લખનઉમાં એક કૉલેજની સ્થાપના કરવાનું નક્કી કર્યું હતું. આ સદ્કાર્ય માટે જમીનથી લઈને નાણાંની વ્યવસ્થા તો ઈશ્ર્વરની કૃપાથી થઇ ગઈ. પણ કૉલેજ ચલાવવા મેનેજમેન્ટ તો જોઈએ. કોઈએ તેના અધ્યક્ષ બનવું પડે. બંને મિત્રો કોલેજના અધ્યક્ષ બનવા માગતા હતા. પણ બે માંથી એક જ વ્યક્તિ અધ્યક્ષ બની શકે. બંને મિત્રો એકબીજા માટે આ પદ જતું કરવા તૈયાર હતા, જેથી પોતાની મૈત્રીમાં કોઈ ખટરાગ ઊભો ન થાય. આખરે ચર્ચા કરીને તેમણે નક્કી કર્યું કે બંને મિત્રોને જેમાં ખૂબ આસ્થા છે, તેવા હનુમાનજીને કૉલેજના ચેરમેન બનાવી દઈએ! આમ કરવાથી બંને મિત્રો હનુમાનજીના સેવક તરીકે કૉલેજનું કાર્ય સંભાળે અને બંને વચ્ચે સમાનતા રહે. એક બહુ સુંદર ભજન છે, અબ સૌંપ દિયા ઇસ જીવનકા સબ ભાર તુમ્હારે હાથોંમેં, હૈ જીત તુમ્હારે હાથોંમેં ઔર હાર તુમ્હારે હાથોંમેં. એ હનુમાનજીને અધ્યક્ષ બનાવીને જાણે આ મિત્રોએ હકીકતમાં ચરિતાર્થ કર્યું.

કોન્ફરન્સ હોલમાં પણ અધ્યક્ષના સિંહાસન પર હનુમાનજીની પ્રતિમા મૂકવામાં આવી છે અને નામની પ્લેટ પણ લગાવવામાં આવી છે. તેમની કૅબિનમાં ધાર્મિક પુસ્તકો રાખવામાં આવ્યા છે. કેબિનમાં પ્રવેશ કરવા પૂર્વે રીતસરની અનુમતિ માગવામાં આવે છે, જેવી રીતે કોઈપણ અધ્યક્ષની કેબિનમાં પ્રવેશ પહેલા માગવામાં આવે છે. અધ્યક્ષ પદ માટે જે નિયમો અને કાયદા છે તે હનુમાનજી માટે પણ સંપૂર્ણપણે અનુસરવામાં આવે છે. સ્વાભાવિક છે કે સારા માર્કથી પાસ થવા માટે ચેરમેન સાહેબને પ્રાર્થના પણ કરવામાં આવે છે!! સ્વયં ભગવાન ચેરમેન પદ પર બેઠા હોય એટલે ધાર્મિક વિધિ વિધાનનું પણ સંપૂર્ણ પાલન કરવામાં આવે છે.

મૈત્રીનું આવું ઉદાહરણ તો બીજે ક્યાંય જોવા-સાંભળવા મળ્યું હોય તેવું ભાગ્યેજ બન્યું હશે. સાથે ભગવાન ખુદ અધ્યક્ષ તરીકે કોલેજ ચલાવતા હોય તેવું તો કદાચ દુનિયામાં બીજે ક્યાંય સાંભળવા નહીં મળ્યું હોય. ■






આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# -તો રામરાજ્યની કલ્પના જરૂર સાકાર થાત...

ધર્મતેજ પૂર્તિના વહાલા જિજ્ઞાસુ વાચક મિત્રો! તમે એ કદી વિચાર્યું છે ખરું કે દુઃખદર્દોની વણઝાર આ દુનિયામાં આવે છે ક્યાંથી?

- ક્યારેક એવો વિચાર પણ કર્યો છે ખરો કે આ ધરતી પર દુઃખ અને મુસીબતોના ખડકલા ખડકાતા જાય છે તેનું જનરેટિંગ પોઈંટ ક્યાં છે?

- જ્યાં સુધી તેના મૂળને પકડી શકીએ નહીં ત્યાં સુધી આપણા દુઃખોની દવા ક્યારેય કારગત નીવડશે નહીં તે દીવા જેવું સ્પષ્ટ છે.

- ત્રીજા વિશ્વના અનેક દેશો આજે કારમી ગરીબીમાં સબડે છે અને વિકાસ પામતા દેશોમાં પણ ગરીબી કંઈ ઓછી નથી.

- ગરીબી બીજા અનેક અનિષ્ટોને નોતરે છે.

ચોરી, લૂંટફાટ, ગુનાખોરી અને એવી બીજી અનેક સામાજિક પ્રવૃત્તિના મૂળમાં ગરીબી અને શિક્ષણનો અભાવ મુખ્યત્વે કારણભૂત હોય છે.

- આ બધું જોઈને કેટલાકો અણસમજમાં બોલી ઊઠતા હોય છે કે ઈશ્વર ઈન્સાનને આટલું બધું દુઃખ શા માટે આપતો હશે?

- આવું કહેવું - વિચારવું એ એક સરાસર ગેરસમજ અને ભૂલ ભરેલું છે.

- આપણે એ સનાતન સત્યને સમજી લેવું ઘટે કે, પ્રભુ તો આપણો-જીવમાત્રનો પ્રેમાળ પિતા છે અને એ નાતે તે કદી પોતાના સંતાનો પર દુઃખના ડુંગરો ખડકેજ નહીં.


- જે કંઈ દુઃખદર્દ, યાતનાઓનો અનુભવ થાય છે તે માનવસર્જિત છે.

- માનવીના કુકર્મોનું પરિણામ માત્ર છે અને

- ઈશ્વરની આજ્ઞાઓને ન અનુસરવાનું પરિણામ છે.

- આ કોઈ લેખકની કોઈ કલ્પના નથી. નરી વાસ્તવિકતા છે, હકીકત છે.

- ઈશ્વર કદી કોઈને લાચાર-ગરીબ બનાવતો નથી.



- માનવીની શોષણખોરી - ભૂલ ભરેલી આર્થિક નીતિઓ મનુષ્યને લાચાર, બેબસ, ગરીબ બનાવતી હોય છે.

- તવંગર દેશો ગરીબ દેશોને લાચાર બનાવી, લોહી ચૂસીને ધનના ઢગલા એકઠા કરે છે.

- સ્વાર્થથી છલોછલ આપણી સામાજિક વ્યવસ્થા પણ એટલી જ દોષિત છે.

- દુઃખ, દર્દ, યાતના માનવીના ગુનાહિત આચરણથી જન્મે છે પરિણામે લોકો

- ચોર, ડાકુ, ખુની, ગુનેગાર-અપરાધી બને છે.

- આજનો એકવીસમી સદી વટાવવાની આરે ઊભેલો માનવજાત ઈશ્વરને વિસરી જવાથી-તેની ઉપસ્થિતિને નજરઅંદાઝ કરવાથી ગમે તેવા કુકર્મ કરતા સહેજે ખંચકાતો હોતો નથી.

* ઈશ્વર હાજરનાજર છે.
* સઘળું તે નિહાળે છે.
* તેનાથી કશું અજાણ નથી.
* કણકણમાં ભગવાનનો વાસ છે.

- વગેરે વગેરે ઈશ્વરના અસ્તિત્વ વિશે આપણે કહેતા હોઈએ છીએ, પરંતુ અત્યંત ખેદ સાથે કહેવું પડે છે કે આ બધું કહેવા ખાતર કહેતા હોઈએ છીએ.

- ગુનાહ કરતી વખતે તેના અસ્તિત્વ હોવા વિશે આંખઆડા કાન ધરી દેતા જરાય ખચકાતા નથી.

- ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા મજબૂત હોતી નથી.

- માનવી પોતાના રોજિંદા વ્યવહારમાં જે કાર્યો કરતો હોય છે ત્યારે તેને કદી એવો વિચાર આવે છે ખરો કે ઈશ્વર આપણા દરેકેદરેક કૃત્યોને નિહાળી રહ્યો છે? જો આવી અનુભૂતિ કરતા હોઈએ તો આજે ગુનેગારોનું સામ્રાજ્ય ન હોત?

**બોધઃ**

* ઈશ્વરે શ્રીમંતોને નાણાંનો સંગ્રહ કરવાની ના પાડી છે.
* દાન-દયા ધર્મ કરતા રહેવાની આજ્ઞા કરી છે.
* તમે જેટલું કમાવ તેમાંથી તમારા સામાજિક મોભા પ્રમાણે અંગત અને કુટુમ્બ માટે ખર્ચ કરો અને બાકી રહેલા નાણાં ભલે લાખોના હિસાબે હોય તે ઈશ્વરના દાખવેલા પરોપકારના માર્ગમાં ખર્ચ કરો. આ નિયમ દરેક વ્યક્તિ, કુટુમ્બ, સમાજના નાના-મોટા દરેક વર્ગને સ્પર્શે છે.
* જરા શાંત ચિત્તે વિચારો! શું ઈશ્વરની આ આજ્ઞાને આપણે માન્ય રાખી છે ખરી?

- અને જો આ આજ્ઞા પર અમલ થતો હોત તો આ ધરતી પર ભીખ માગતો કોઈ કહેતા કોઈ ભિક્ષુક નજરે પડત ખરો? નિઃશક નહીં જ!

-રામ રાજ્યની તેની કલ્પના જરૂર સાકાર થાત...! ■

## ઐતિહાસિક વિજયની વીરાંગનાઓ





શેફાલી વર્મા, સ્મૃતિ મંધાના તેમ જ દીપ્તિ શર્માએ સુંદર ભાગીદારીઓ કરીને ભારતીય ટીમને ૩૦૦ રન નજીકનો સ્કોર અપાવ્યો હતો અને પછી શેફાલી તથા દીપ્તિએ બોલિંગમાં પણ પરચો બતાવ્યો. ભારતીય ટીમે લીગ રાઉન્ડમાં સાધારણ રમ્યા પછી અગાઉ સેમિ-ફાઈનલમાં ઑસ્ટ્રેલિયાને માત આપીને જબરદસ્ત કમ-બૅક કર્યું અને સર્વોત્તમ ટ્રૉફી જીતી લીધી. (પીટીઆઈ)

# ભારતની મહિલા ક્રિકેટરો પર આશરે ૧૬૩ કરોડ રૂપિયાનો વરસાદ

### આઈસીસી તરફથી ૩૮ કરોડનું પ્રથમ ઈનામ અને બીસીસીઆઈ આપશે અંદાજે ૧૨૫ કરોડ રૂપિયાઃ શેફાલીએ શાનથી જિતાડ્યાંઃ બૅટિંગ પછી બોલિંગમાં પરચો દેખાડ્યો

નવી મુંબઈઃ ભારતે ગઈ કાલે સાઉથ આફ્રિકા સામેની વર્લ્ડ કપની ફાઇનલમાં રોમાંચક વિજય મેળવ્યો એમાં શેફાલી વર્મા (૭૮ બૉલમાં ૮૭ રન અને પછી

શેફાલીને આક્રમક ઓપનર અને ઈજાગ્રસ્ત પ્રતીકા રાવલના સ્થાને ટીમમાં સમાવવામાં આવી હતી અને શેફાલીએ પોતાના પર સિલેક્ટર્સ તેમ જ ટીમ મૅનેજમેન્ટે મૂકેલા વિશ્વાસને એળે નહોતો જવા દીધો.

ભારતની ચૅમ્પિયન મહિલા ટીમને વર્લ્ડ કપના આયોજક ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) તરફથી ૩૮ કરોડ રૂપિયાનું પ્રથમ ઇનામ અને ક્રિકેટ જગતના સૌથી શ્રીમંત બોર્ડ બીસીસીઆઇ તરફથી અંદાજે ૧૨૫ કરોડ રૂપિયાનું ખાસ ઇનામ મળવાનું હોવાથી તેમનાં પર કુલ મળીને ૧૬૩ કરોડ રૂપિયા જેટલા તોતિંગ ઇનામની વર્ષા થઈ એમ કહી શકાય. ભારતીય ક્રિકેટરોને હવે એન્ડોર્સમેન્ટ દ્વારા પણ લાખો ને કરોડો રૂપિયાની આવક પણ થશે. ■



## યાદગાર વિજયના સાક્ષીઓ



ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા સચિન તેન્ડુલકરે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં આઇસીસી પ્રમુખ જય શાહ સાથે ઘણી વાર સુધી ચર્ચા કરી હતી. આ વર્લ્ડ કપ આઇસીસીની ટૂર્નામેન્ટ હતી અને જય શાહ મુખ્ય મહેમાન હતા. (પીટીઆઇ)

## ઈન્ડિયા-એ જીત્યું, કુલદીપ બીજી મૅચમાં આવે છે

ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલા સ્પિનર કુલદીપ યાદવને છઠ્ઠી નવેમ્બરે બેંગલૂરુમાં ઇન્ડિયા-એની સાઉથ આફ્રિકા-એ સામે શરૂ થનારી બીજી મૅચ માટે ભારતની ટી-૨૦ ટીમમાંથી છૂટો કરી દેવામાં આવ્યો છે. તેને ઑસ્ટ્રેલિયા સામેની પહેલી બે મૅચમાં રમવા મળ્યું હતું. પ્રથમ મૅચ વરસાદને લીધે ધોવાઈ ગઈ હતી, જ્યારે બીજી મૅચમાં તેણે ૪૫ રનમાં બે વિકેટ લીધી હતી. દરમ્યાન બેંગલૂરુમાં રવિવારે ઇન્ડિયા-એનો ચાર દિવસીય પ્રથમ બિનસત્તાવાર ટેસ્ટમાં સાઉથ આફ્રિકા-એ સામે ત્રણ વિકેટે વિજય થયો હતો. રિષભ પંત આ મૅચનો સ્ટાર પ્લેયર હતો. તેના ૯૦ રનની મદદથી ઇન્ડિયા-એ ટીમે ૨૭૫ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. પંતે કમબૅક પછીની આ પહેલી મૅચમાં ૧૧૩ બૉલમાં ચાર સિક્સર અને અગિયાર ફોર ફટકારીને સાઉથ આફ્રિકન ટીમને પોતાનો પરચો કરાવી દીધો હતો.




**ટ્રૉફી જીતવા દોડ્યા ને જીતી જ લીધીઃ** નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ગઈ કાલે ફાઇનલ પહેલાંના પ્રૅક્ટિસ સેશનમાં ભારતીય મહિલા ખેલાડીઓ (ડાબે). વરસાદના લાંબા વિઘ્ન બાદ છેવટે બનને ટીમની કૅપ્ટનને ટૉસ માટેનો બહુમૂલ્ય અવસર મળ્યો હતો. (પીટીઆઇ)

## રણજી ટ્રોફીઃ ગુજરાતની મૅચનો પ્રથમ દિવસ ધોવાઈ ગયા બાદ બીજા દિવસે પડી ૧૪ વિકેટ

અમદાવાદઃ મહિલા વન-ડે વર્લ્ડ કપ અને પુરુષોની ઑસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ સિરીઝના માહોલ વચ્ચે ભારતમાં રમાતી રણજી ટ્રોફીની મૅચોના પર્ફોર્મન્સ થોડા ઢંકાઈ ગયા, પણ રવિવારે એમાં કેટલીક હટકે ઘટનાઓ બની હતી. અહીં અમદાવાદમાં ગુજરાત અને હરિયાણા વચ્ચેની મૅચમાં શનિવારના પ્રથમ દિવસે વરસાદને લીધે રમત નહોતી થઈ શકી, પરંતુ રવિવારે રમત એવી થઈ કે એમાં કુલ ૧૪ વિકેટ પડી. ગુજરાતની ટીમ પ્રથમ દાવમાં ૧૬૩ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં ક્ષિતિજ પટેલ (૫૦ રન)ની હાફ સેન્ચુરી અને આર્ય દેસાઈના ૩૫ રન સામેલ હતા. હરિયાણાના નિશાંત સિંધુ અને નિખિલ કશ્યપે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

ગુજરાતનો દાવ વહેલો પૂરો થયા બાદ હરિયાણાની ટીમ ૯૦ રનમાં ચાર વિકેટ ગુમાવી બેઠી હતી. ગુજરાતના પેસ બોલર વિશાલ જયસ્વાલે બે વિકેટ તેમ જ જાણીતા સ્પિનર રવિ બિશ્નોઈ અને સિદ્ધાર્થ દેસાઈએ એક-એક વિકેટ મેળવી હતી.

જયપુરમાં મુંબઈની ટીમ યશસ્વી જયસ્વાલના ૬૭ રન બાદ ૨૫૪ રને ઑલઆઉટ થઈ હતી. રાજસ્થાને જવાબમાં દીપક હૂડાના ૧૨૧ રન અને સચિન યાદવના ૯૨ રનની મદદથી ચાર વિકેટે ૩૩૭ રન કર્યા હતા.

વડોદરામાં બરોડા અને ઉત્તર પ્રદેશની મૅચમાં બીજા દિવસે પણ વરસાદને લીધે રમત નહોતી થઈ શકી. જોકે નાશિકમાં મહારાષ્ટ્ર સામે સૌરાષ્ટ્રએ પ્રથમ દાવમાં વરસાદને એકધારા વિઘ્નને લીધે થઈ શકેલી માત્ર ૧૨ ઓવરમાં એક વિકેટે ૬૧ રન કર્યા હતા.

ચંડીગઢમાં ગોવા સામે પંજાબે પ્રથમ દાવમાં ૩૨૫ રન કર્યા હતા. ગોવા વતી રમતા અર્જુન તેન્ડુલકરને ૫૮ રનમાં એક જ વિકેટ મળી હતી. ગોવાએ વિના વિકેટે ૯૨ રન કર્યા હતા.

મંગલપુરમમાં કેરળ સામે કર્ણાટકે કરુણ નાયરના ૨૩૩ રન અને રવિચન્દ્રન સ્મરણના અણનમ ૨૨૦ રનની મદદથી ૫/૫૮૬ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો ત્યાર બાદ કેરળે ત્રણ વિકેટે ૨૧ રન કર્યા હતા.

## સુનિધિ, સચિન અને સંજના ફાઈનલ પહેલાં છવાઈ ગયાં





સુનિધિ ચૌહાણે (ડાબે) રાષ્ટ્રગીતથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા અને એ અવસરે તેણે મેદાન પર ટ્રૉફી સ્થાપિત કરવા આવેલા ક્રિકેટ-લેજન્ડ સચિન તેન્ડુલકર સાથે થોડી ગપસપ કરી હતી. બીજી તરફ, ઍન્કર અને જસપ્રીત બુમરાહની પત્ની સંજના ગણેશન ફાઇનલના માહોલમાં એક સાથી જોડે મસ્તીના મૂડમાં હતી. (પીટીઆઇ)

## કેન વિલિયમસને લખનઊના સલાહકાર બન્યા બાદ ન્યૂ ઝીલૅન્ડ વતી ટી-૨૦માં રમવાનું છોડ્યું

ઑકલૅન્ડઃ ન્યૂ ઝીલૅન્ડ વતી ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ ત્રણેય ફૉર્મેટમાં કુલ મળીને ૧૯,૦૦૦થી પણ વધુ રન કરનાર ભૂતપૂર્વ કૅપ્ટન કેન વિલિયમસને રવિવારે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. નવાઈની વાત એ છે કે તેને તાજેતરમાં જ આઇપીએલની લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) ટીમના સલાહકાર તરીકે નીમવામાં આવ્યો હતો. સ્ટ્રૅટેજિક ઍડવાઇઝર તરીકેની તેની આ નિમણૂક ૨૦૨૬ની આઇપીએલની સીઝન માટેની છે.

ન્યૂ ઝીલૅન્ડ વતી ૯૩ ટી-૨૦ રમનાર વિલિયમસને નિવૃત્તિની જાહેરાત કરી એને પગલે તેને બુધવારે વેસ્ટ ઇન્ડિઝ સામે શરૂ થઈ રહેલી ટી-૨૦ સિરીઝ માટેની ટીમમાં સામેલ નહોતો કરવામાં આવ્યો.

૩૫ વર્ષના રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન વિલિયમસને ૯૩ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૨,૫૭૫ રન કર્યા હતા જેમાં એક પણ સેન્ચુરી નહોતી. તેણે કૅરિબિયનો સામેની ટેસ્ટ શ્રેણી પર ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુથી તાજેતરમાં વન-ડે સિરીઝ નહોતો રમ્યો. ટેસ્ટમાં તેણે કુલ ૯,૨૭૬ રન અને વન-ડેમાં ૭,૨૫૬ રન કર્યા છે.


કેન વિલિયમસને વર્તમાન કૅપ્ટન અને સ્પિનર મિચલ સૅન્ટનરની કૅપ્ટન્સીના ખૂબ વખાણ કર્યા હતા. વિલિયમસનના ૧૯,૦૦૦ પ્લસ ઇન્ટરનૅશનલ રન ન્યૂ ઝીલૅન્ડની ક્રિકેટમાં વિક્રમ છે. ■

## વૉશિંગ્ટનને બોલિંગ ન કરવા મળી તો બૅટિંગમાં વટ રાખ્યો, ભારતને જિતાડ્યું

હૉબાર્ટઃ ભારતે અહીં રવિવારે યજમાન ઑસ્ટ્રેલિયા સામેની શ્રેણીની ત્રીજી ટી-૨૦માં નવ બૉલ બાકી રાખીને પાંચ વિકેટના માર્જિનથી વિજય મેળવીને સિરીઝ ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી અને બોલિંગમાં લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અને મૅન ઑફ ધ મૅચ અર્શદીપ સિંહ (૪-૦-૩૫-૩) તથા બૅટિંગમાં ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર (૪૯ અણનમ, ૨૩ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) આ જીતના બે કર્ણધાર હતા. અર્શદીપે ત્રણ આક્રમક બૅટ્સમૅન ટ્રૅવિસ હેડ (છ રન), વિકેટકીપર જોશ ઇંગ્લિસ (એક રન) અને માર્કસ સ્ટોઇનિસ (૬૪ રન, ૩૯ બૉલ, બે સિક્સર, આઠ ફોર)ની વિકેટ લીધી હતી. વૉશિંગ્ટન સુંદરને બોલિંગ કરવા નહોતી મળી, પણ તેણે બૅટિંગમાં પરચો બતાવી દીધો હતો.

ભારતે ૧૮૭ રનનો લક્ષ્યાંક ૧૮.૩ ઓવરમાં ૫/૧૮૮ના સ્કોર સાથે મેળવી લીધો હતો. અભિષેક (પચીસ રન), ગિલ (૧૫ રન), સૂર્યકુમાર (૨૪ રન), તિલક વર્મા (૨૯ રન), અક્ષર (૧૭ રન)ના સાધારણ પર્ફોર્મન્સ હતા, જ્યારે વિકેટકીપર જિતેશ શર્મા (બાવીસ અણનમ)એ ધબડકો રોકીને સુંદરને છેક સુધી સાથ આપીને ભારતને વિજયના દ્વાર સુધી પહોંચાડ્યું હતું. પેસ બોલર નૅથન એલિસ (૩૬ રનમાં ત્રણ વિકેટ)નો બોલિંગ પર્ફોર્મન્સ પાણીમાં ગયો હતો.

એ પહેલાં, ઑસ્ટ્રેલિયાએ છ વિકેટે ૧૮૬ રન કર્યા હતા. ઑસ્ટ્રેલિયાની ઇનિંગ્સમાં ટિમ ડેવિડના ૭૪ રન અને માર્કસ સ્ટોઇનિસના ૬૪ રન હતા. અર્શદીપ સિંહની ત્રણ વિકેટ ઉપરાંત વરુણ ચક્રવર્તીએ બે વિકેટ અને શિવમ દુબેએ એક વિકેટ લીધી હતી. બુમરાહ, અક્ષર, અભિષેકને વિકેટ નહોતી મળી. ■


મૅન ઑફ ધ મૅચ અર્શદીપ સિંહ તેમ જ સ્ટાર બૅટ્સમૅન વૉશિંગ્ટન સુંદરે ભારતને સિરીઝમાં જબરદસ્ત કમબૅક અપાવ્યું. મૅચ પહેલાં ભારતીય ટીમે રાષ્ટ્ર ગીતમાં ભાગ લીધો હતો. તેમની પ્રાર્થના ફળી અને ટીમ પાછી વિજય પથ પર આવી ગઈ.

# એન્કાઉન્ટર નહીં, ઍક્શનનું રિઍક્શન હતું

## આર્યને ગોળી મારનારા અધિકારીની સ્પષ્ટતા

## એન્કાઉન્ટરનો ઈરાદો હોત તો બે કે તેથી વધુ ગોળી મારી હોત... બાળકોને બચાવવાને ઈરાદે ગોળી ચલાવવી પડી હોવાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વેબસિરીઝના ઑડિશનને બહાને બોલાવ્યા પછી પવઈના સ્ટુડિયોમાં ૧૭ બાળકોને બાનમાં લેનારા પ્રોફેસર રોહિત આર્યને મારી નાખવાનો કોઈ નિર્ણય લેવાયો નહોતો. એ એન્કાઉન્ટર નહીં, પણ તે ક્ષણે થયેલી ઍક્શનનું રિઍક્શન હતું, એવી સ્પષ્ટતા આર્યને ગોળી મારનારા આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર (એપીઆઈ) અમોલ વાઘમારેએ પોલીસ વિભાગને આપી હતી.

પવઈના રા સ્ટુડિયોમાં ૧૭ બાળકો સહિત ૧૯ જણને બંધક બનાવીને પોતાની વાતની રજૂઆત કરવાનો પ્રયાસ કરનારા આર્યને ગોળીએ દેવાયા પછી અનેક સવાલ કરવામાં આવ્યા હતા. આર્યનું એન્કાઉન્ટર શા માટે કરાયું... એને છાતીને બદલે પગ પર ગોળી મારી શકાઈ હોત, જેવા પ્રશ્નો કરી વિવાદ ઊભો કરવાનો પ્રયાસ થયો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ આ મુદ્દે વાઘમારેનું નિવેદન



નોંધવામાં આવ્યું હતું. વાઘમારેએ પોલીસ વિભાગ સામે સ્પષ્ટતા કરી હતી કે આર્યનું એન્કાઉન્ટર કરવાનો ઇરાદો હોત તો એને એક નહીં, બે કે તેથી વધુ ગોળી મારી હોત. મારો હેતુ માત્ર બંધક બનાવવામાં આવેલાં બાળકોને છોડાવવાનો હતો. વાઘમારે અગાઉ ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યૂઆરટી)માં કમાન્ડો તરીકે (જુઓ પાનું ૪) ▶▶

# ઘોડબંદર પર બુધવારથી ફરી થશે ટ્રાફિક જૅમ

## સર્વિસ રોડને મુખ્ય રસ્તા સાથે જોડવાનું કાર્ય શરૂ થશે

થાણે : થાણેના ઘોડબંદર રોડ પર એક સાથે અનેક વિકાસ કર્યો ચાલુ છે. કોઈ ને કોઈ કારણસર અહીં સતત ટ્રાફિક જામ થતો રહે છે, જેને કારણે વાહન ચાલકો સહીત સ્થાનિક રહેવાસીઓ ત્રસ્ત છે. મેટ્રો-૪ ના કાર્ય માટે પણ ઠેકઠેકાણે ખોદકામ કરવામાં આવેલું હોવાથી પણ અનેક જગ્યાએ વાહનવ્યવહાર અત્યંત ધીમી ગતિએ ચાલે છે. આ કામ હજી પૂર્ણ થયું નથી ત્યાં હવે ઘોડબંદરના સર્વિસ રોડનું મુખ્ય રસ્તા સાથે જોડાણનું કાર્ય એમએમઆરડીએ દ્વારા હાથમાં લેવામાં આવ્યું છે.

થાણેના મુલ્લા બાગથી પાતલીપાડા વચ્ચે ચાર નવેમ્બરથી આ કાર્ય થવાનું હોવાથી થાણે ટ્રાફિક પોલીસ દ્વારા વાહનવ્યવહારના માર્ગમાં ફેરબદલ જાહેર કરવામાં આવ્યો છે.

જોકે સ્થાનિક રહેવાસીઓ દ્વારા સર્વિસ રોડને મુખ્ય રસ્તા સાથે જોડી દેવાની આ યોજનાનો વિરોધ થઇ રહ્યો છે. આ જોડાણથી ટ્રાફિકની ગંભીર સમસ્યાથી પીડિત ઘોડબંદર રોડ પર અકસ્માતોનું પ્રમાણ વધશે તેવી રહેવાસીઓ દ્વારા આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. તે ઉપરાંત સર્વિસ રોડને અડીને જેમના રહેણાંક સંકુલો આવેલા છે, તેમને પણ આની અસર થશે તેવું તેમનું કહેવું છે. બીજી તરફ એમએમઆરડીએના કહેવા મુજબ આ યોજના પૂર્ણ થવાથી ટ્રાફિક જામમાંથી મહદ અંશે રાહત મળવાની સંભાવના છે. ■

### માર્ગમાં થયેલા ફેરફારો

**પ્રવેશ બંધઃ** નીકલંઠ ગ્રીન, મુલ્લા બાગથી ઘોડબંદરની દિશામાં પ્રવાસ કરનારા અને થાણેથી નીલકંઠ ગ્રીન થઈને મુલ્લા બાગ બસ ડેપો તરફ જનારા વાહનો માટે પ્રવેશ બંધી જાહેર કરવામાં આવી છે.

**વૈકલ્પિક માર્ગઃ** નીકલંઠ ગ્રીન, મુલ્લા બાગથી ઘોડબંદરની દિશામાં પ્રવાસ કરનારા, અને થાણે થી નીલકંઠ ગ્રીન થઈને મુલ્લા બાગ બસ ડેપો તરફ જનારા વાહનોને હેપી વેલી ચોક, માનપાડા જંક્શન થઈને પ્રવાસ કરવો પડશે.

આ ફેરફાર ૪ નવેમ્બરથી સર્વિસ રોડને મુખ્ય રસ્તા સાથે જોડવાનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી લાગુ રહેશે તેવું જણાવવામાં આવ્યું છે.

# સત્યાચા મોરચા પર ગુનો

## ગૃહ વિભાગ ભાજપની કચેરીમાંથી ચાલે છે?: રોહિત પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યની મતદારયાદીમાં રહેલી વિસંગતિઓ અને ગડબડગોટાળા વિરુદ્ધ વિપક્ષી આંદોલન સત્યાચા મોરચા કાઢવામાં આવ્યો હતો, તેની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, જ્યારે ભાજપ દ્વારા ગિરગાંવમાં કાઢવામાં આવેલા મોરચા પર કોઈ ગુનો નોંધવામાં આવ્યો નહોતો આ બાબતને મુદ્દો બનાવીને હવે વિપક્ષ દ્વારા રાજ્યના ગૃહ ખાતાની ટીકા કરવામાં આવી રહી છે.

મુંબઈ પોલીસ દ્વારા મોરચાના આયોજકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને ગુનો નોંધવામાં આવ્યો હતો. આ બાબતે નારાજી વ્યક્ત કરતાં એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે કહ્યું હતું કે સત્યાચા મોરચાને પરવાનગી આપવામાં આવી નહોતી એટલે ગુનો નોંધવામાં આવ્યો હતો, તો પછી ભાજપ દ્વારા મૂક મોરચો કાઢવામાં આવ્યો તેને પરવાનગી આપવામાં આવી હતી?

તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચના રેઢિયાળ કારભારના વિરોધમાં વિપક્ષ દ્વારા સત્યાચા મોરચા કાઢવામાં આવ્યો એટલે અમારી વિરુદ્ધ ગુના નોંધવામાં આવ્યા છે તો ભાજપના મૂક મોરચાને પરવાનગી આપવામાં આવી હતી? પરવાનગી નહોતી તો રવીન્દ્ર ચવ્હાણ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો? એવો સવાલ તેમણે કર્યો હતો.

મૂક મોરચાને પરવાનગી આપવામાં આવી હતી તો પછી સત્યાચા મોરચાને કેમ નકારવામાં આવી એવો પણ સવાલ ઉપસ્થિત થાય છે. આ બધું જોઈને એવો સવાલ થાય છે તે શું ગૃહ ખાતું ભાજપની કચેરીમાંથી ચલાવવામાં આવે છે? આ જ (જુઓ પાનું ૪) ▶▶

# HSC, SSC પરીક્ષાનું સમયપત્રક જાહેર

## ફેબ્રુઆરીથી પરીક્ષાઓ, લેટ ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તા. 30 નવેમ્બર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં યોજાનારી ધોરણ ૧૦ (એસએસસી) અને ૧૨ (એચએસસી)ની શાળાંત પરીક્ષાઓનું વિગતવાર સમયપત્રક જાહેર કર્યું છે. આ અંતિમ સમયપત્રક અનુસાર, ધોરણ ૧૨ની લેખિત પરીક્ષા મંગળવાર, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬થી શરૂ થશે અને બુધવાર, ૧૮ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. ૧૦મી પરીક્ષા ૧૦ દિવસ પછી, એટલે કે શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરીથી શરૂ થશે અને બુધવાર, ૧૮ માર્ચના રોજ સમાપ્ત થશે. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને શાળાઓ આ સમયપત્રક બોર્ડની વેબસાઇટ (જુઓ પાનું ૪) ▶▶

# ભારતમાં ડ્રગ્સ બનાવવાનાં કારખાનાં શરૂ કરનારો મુખ્ય આરોપી યુએઈમાં પકડાયો

## વિદેશમાં બેસીને શેરા હસ્તકો મારફત ડ્રગ્સનું ઉત્પાદન કરી તેનું દેશભરમાં વિતરણ કરાવતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશમાં બેસીને ભારતમાં ડ્રગ્સના ઉત્પાદન અને વિતરણનું સૂત્રસંચાલન કરનારા મુખ્ય આરોપીની યુએઈમાં ધરપકડ કરવામાં આવી હતી. આરોપી શેરાને ઇરાદે ભારતનાં વિવિધ રાજ્યોમાં ડ્રગ્સનાં કારખાનાં શરૂ કરાયાં હતાં, જેમાં કરોડો રૂપિયાના ડ્રગ્સનું ઉત્પાદન કરાયું હતું. ડિપોર્ટ કરી ભારત (જુઓ પાનું ૪) ▶▶

## કોલાબા કોઝવે પર ફેરિયાઓનો ત્રાસ

# રહેવાસીઓએ અઠવાડિયાની આપી મુદત

## સુધરાઈ ઓફિસ બહાર સ્ટોલ લગાવવાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોલાબા કોઝવે પર વધી રહેલા ગેરકાયદે અતિક્રમણથી કંટાળી ગયેલા સ્થાનિક નાગરિકોએ મુંબઈ મહાનગરપાલિકાના તમામ સ્ટોલને એક અઠવાડિયાની અંદર હટાવવાનું અલ્ટિમેટમ આપ્યું છે. જો સુધરાઈએ આગામી સાત દિવસમાં ગેરકાયદે રીતે અંડિગો જમાવી બેસેલા ફેરિયાઓને હટાવ્યા નહીં તો સુધરાઈની ઓફિસ બહાર જ સ્ટોલ ઊભા કરી દેવાની ચેતવણી પણ સ્થાનિક રહેવાસીઓએ આપી છે.

કોલાબા કોઝવે પર મોટી સંખ્યામાં ફેરિયાઓ બેસે છે અને મોટી સંખ્યામાં મુંબઈગરા સહિત ટુરિસ્ટો આ ફેરિયાઓ પાસેથી ખરીદી કરતા હોય છે. ફેરિયાઓ અને પ્રવાસીઓને કારણે અહીં રસ્તા પર તેમ જ ફૂટપાથ પર સ્થાનિક નાગરિકોને ચાલવા માટે જગ્યા બચી નથી. ફેરિયાઓ ગેરકાયદે જગ્યા પર અંડિગો જમાવી (જુઓ પાનું ૪) ▶▶

# નવી મુંબઈમાં મંગળવારે ૧૮ કલાક માટે પાણી પુરવઠો બંધ

નવી મુંબઈઃ ભોકરપાડા નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં એમબીઆરને નવી પાણીની પાઇપ સાથે જોડવાનું, મુખ્ય પાણીની પાઇપ પર વાલ્વ ઇન્સ્ટોલ કરવાનું અને જાળવણી અને સમારકામ ચોથી નવેમ્બર, મંગળવારના રોજ હાથ ધરવામાં આવશે. આ માટે પાણી પુરવઠો ૧૮ કલાક માટે બંધ રહેશે. મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર શહેરમાં મુખ્ય પાણીની પાઇપલાઇન પરનો પાણી પુરવઠો ચોથી નવેમ્બર ના રોજ સવારે ૯.૦૦ વાગ્યાથી પાંચમી નવેમ્બર, બુધવારના રોજ સવારે ૩.૦૦ વાગ્યા સુધી કુલ ૧૮ કલાક માટે બંધ રહેશે. આ કાર્યને કારણે નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના બેલાપુર, નેરુળ, વાશી, તુર્ભે, સાનપાડા, કોપરખૈરાણે, ઘનસોલી અને ઐરોલી વિભાગોમાં પાણી પૂરું પાડવામાં આવશે નહીં. નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની મર્યાદા ઉપરાંત સિડકો વિસ્તારના ખારઘર અને કામોઠે નોડ્સમાં પાણી પુરવઠો પણ સંપૂર્ણપણે બંધ રહેશે. ■

# મુંબઈમાં ગુરુવાર સુધી વરસાદનો અંદાજો

## મહારાષ્ટ્રના ૧૬ જિલ્લામાં યલો અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રવિવારના સવારથી વાદળિયું વાતાવરણ રહીને આખો દિવસ હળવાથી મધ્યમ વરસાદ રહ્યો હતો. હવામાન વિભાગે મુંબઈમાં ગુરુવાર છ નવેમ્બર સુધી વરસાદ પડવાનો અંદાજો વ્યક્ત કર્યો છે. તો રાજ્યના ૧૬ જિલ્લા માટે યલો અલર્ટની ચેતવણી આપી છે.

મુંબઈમાં ઓક્ટોબર બાદ નવેમ્બરની શરૂઆત પણ વરસાદ સાથે જ થઈ છે. રવિવારે એકાદશીના દિવસે મુંબઈ સહિત થાણે, પાલઘર અને નવી મુંબઈ સહિતના વિસ્તારમાં આખો દિવસથી હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ રહ્યો હતો. મુંબઈમાં સવારથી વાદળિયું વાતાવરણ રહ્યા બાદ ૧૧ વાગ્યા પછી મુંબઈના અનેક વિસ્તારમાં વરસાદના હળવાથી મધ્યમ સ્વરૂપના ઝાપટા રાતના મોડે સુધી ચાલુ જ રહ્યા હતા.

ગયા અઠવાડિયામાં અરબી સમુદ્રમાં તૈયાર થયેલું લો પ્રેશર આગળ વધીને તેનું જોર ઘટી ગયું છે, છતાં મુંબઈ સહિત રાજ્યમાં હજી વરસાદ પડી રહ્યો છે. જોકે તેની સાથે સંકળાયેલું દરિયાથી ૫.૮ કિલોમીટર ઊંચાઈ સાયક્લોનિક સર્ક્યુલેશન ઉત્તર-પૂર્વમાં આગળ વધી રહ્યું છે. તો વિદર્ભ અને તેને અડીને આવેલા (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



**ક્રેઝી ફેનઃ** નવી મુંબઈમાં મહિલાઓની ક્રિકેટ વર્લ્ડ કપ ફાઈનલ માટેનો ઉત્સાહ મુંબઈગરામાં જબરદસ્ત જોવા મળ્યો હતો. એવામાં ક્રિકેટર સચિન તેંડુલકરનો એક ફેન પોતાના શરીર પર તિરંગાના રંગો લગાવીને પહોંચ્યો હતો. (અમય ખરાડે)

# આરે, વાકોલા અને વિક્રોલી ફ્લાયઓવર પરના રસ્તાનું રિસર્ફેસિંગ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન અખ્તયાર હેઠળ આવતા મુંબઈના મહત્ત્વના ફ્લાયઓવર પરના રસ્તાનું ડામર નીકળી જતા વાહનચાલકોને વાહન ચલાવવામાં તકલીફ થઈ રહી હોવાની ફરિયાદ બાદ આ ફ્લાયઓવર પરના રસ્તા પર મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ડામર નાખવામાં આવશે એવો નિર્ણય લેવામાં આવ્યો છે.

કમોસમી વરસાદ સહિત અન્ય કારણોથી મુંબઈના રસ્તાઓની સાથે જ ફ્લાયઓવર પર ખાડા પડવાથી અને રસ્તા પરનું ડામર નીકળી જવાને કારણે વાહનચાલકોને ભારે અડચણ થઈ હતી. ચોમાસું પૂરું થયા બાદ પણ અનેક ફ્લાયઓવર પર હજી પણ સમસ્યા કાયમ છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર સમસ્યા વધી ગઈ છે, તેને કારણે વાહનચાલકોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને આરે, વાકોલા અને વિક્રોલી ફ્લાયઓવર પરના રસ્તાનું ડામર નીકળી જવાની ગંભીર સમસ્યા નિર્માણ થઈ છે. રવિવારે મુંબઈ મહાનગરપાલિકા, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી, મુંબઈ પોલીસ, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન સહિત જુદી જુદી ઓથોરિટી, મ્હાડા, ટ્રાફિક પોલીસ, એસઆરએ સહિતની એજેન્સીના અધિકારી સાથે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન તથા ઉત્તર મુંબઈના સાંસદની મહત્ત્વની બેઠક યોજાઈ હતી. એ દરમ્યાન તેમણે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન હેઠળ આવતા આ ત્રણેય ફ્લાયઓવરનું રિસર્ફેસિંગ કરવાનો નિર્દેશ મુંબઈ મહાનગરપાલિકાને આપ્યો હતો. એ સાથે જ પીક અવર્સમાં અહીં થતા ટ્રાફિક જૅમની સમસ્યાને પહોંચી વળવા માટે પોલીસે વધારાનું મનુષ્ય બળ તહેનાત કરવાનો નિર્ણય પણ આ સમયે લેવામાં આવ્યો હતો. તેમ જ પીકઅવર્સમાં મુંબઈમાં મહત્ત્વના રસ્તાઓ પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો પણ નિર્દેશ કેન્દ્રીય પ્રધાને આપ્યો હતો.

રવિવારે થયેલી બેઠક દરમ્યાન મેન્ગ્રોવ્ઝવાળા વિસ્તારમાં અતિક્રમણ કરનારા વિરુદ્ધ મેનગ્રોન્ઝ કંટ્રોલ, મુંબઈ કલેકટર ઓફિસ તથા મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવાનો નિર્દેશ પણ કેન્દ્રીય પ્રધાને આપ્યો હતો.

કેન્દ્રીય પ્રધાને રવિવારે બેઠક બાદ જણાવ્યું હતું કે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૧૦ તળાવને પુર્નજીવિત કરીને તેનું સૌંદર્યીકરણ કરવામાં આવવાનું છે, તે (જુઓ પાનું ૪) ▶▶

# મેટ્રો-થ્રીમાં ઑક્ટોબરમાં ૩૮ લાખ ૬૩ હજાર પ્રવાસીઓએ પ્રવાસ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કફ પરેડ-બાન્દ્રા-સીપ્ઝ-આરે વચ્ચે અંડરગ્રાઉન્ડ મેટ્રો (એક્વા લાઈન) રેલ તેની પૂર્ણ ક્ષમતા સાથે દોડવાની શરૂ થઈ એ સાથે જ મુંબઈગરા તરફથી તેનો સારો પ્રતિસાદ મળ્યો છે. ઓક્ટોબર મહિનામાં આ રૂટ પર ૩૮,૬૩,૭૪૧ મુંબઈગરાએ આ મેટ્રો રૂટ પર પ્રવાસ કર્યો હતો. આ રૂટ પર દરરોજ સરેરાશ ૧,૪૧,૦૨૪ લોકો મેટ્રોમાં પ્રવાસ કરી રહ્યા છે.

મુંબઈની પહેલી અંડરગ્રાઉન્ડ મેટ્રો આરેથી કફ પરેડ વચ્ચે દોડે છે. ૩૩.૫૬ કિલોમીટર લંબાઈના આ રૂટ પર પહેલા તબક્કામાં આરે અને બીકેસી વચ્ચે ઓક્ટોબર, ૨૦૨૪માં મેટ્રો શરૂ થઈ હતી. બીજા તબક્કામાં મે, ૨૦૨૫થી બીકેસીથી આચાર્ય અત્રે ચોક વચ્ચે મેટ્રો શરૂ થઈ હતી. પહેલા તબક્કામાં મેટ્રો શરૂ થઈ ત્યારે આ રૂટ પર દરરોજ માંડ ૧૯,૦૦૦ લોકો પ્રવાસ કરતા હતા. એ બાદ બીજા તબક્કામાં મેટ્રો શરૂ થઈ ત્યારે પ્રવાસીની સંખ્યામાં વધારો થઈને આ આંકડો ૭૦,૦૦૦ સુધી પહોંચી ગયો હતો. આ રૂટ પર મુંબઈગરાનો મોળો પ્રતિસાદ મળ્યો હતો. જોકે ત્રીજા તબક્કામાં આચાર્ય અત્રે ચોકથી કફ પરેડ વચ્ચે (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**